



## અનુક્રમ


| | |
|---|---|
| ૧. શેઠાણીનું વેઈટ કાટ્રોલ અને કૂતરાં | ૧૧. સંપેતરાં |
| ૨. ઍવોર્ડ... ઍવોર્ડ | ૧૨. ધનિયાની માઠી બેઠી |
| ૩. સેલ ફોન | ૧૩. મફતનો મોહ |
| ૪. લગનનો જાન અમેરિકામાં | ૧૪. અમેરિકી મૂરતિયો |
| ૫. અમારી ગામ પંચાયત | ૧૫. ક્રિકેટ ... ક્રિકેટ |
| ૬, શહેરી રમણી ફાર્મમાં | ૧૬. મગનાનો પરણવા |
| ૭. મારી પ્રાતઃનિંદર | ૧૭. મંતુએ સાચું ન બોલવાના સમ ખાધા |
| ૮. અમે મફતને પરણાવ્યો | ૧૮. વિપુલ દૂરબીન |
| ૯. અમારો હડમાન જતિ | ૧૯. વસંતની કામવાળી |
| ૧૦. સેવકલાલ | |

# ૧. શેઠાણીનું વેઈટ કંટ્રોલ અને કૂતરાં

અમારા પરાગ શેઠ આમ તો સુખી માણસ. કમાણી પણ સારી ને શહેરમાં આબરૂ પણ સારી પણ એમને એક મોટી મુશ્કેલી. એમનાં પત્ની વાસંતીની કાયા બહુ ભારે. શેઠનો બાંધો એકવડિયો ને શેઠાણીનો બેવડિયો. વજનની વાત કરીએ તો શેઠના કરતાં શેઠાણીનું વજન બમણું તો હશે જ. જો બેય સાથે બહાર નીકળે તો પતિ પત્ની ને બદલે મા દીકરો ચાલ્યાં જતાં હોય એમ લાગે.

શહેરમાં તો બધાને આની ખબર પડી ગયેલી એટલે મારા ભૈ ચાલ્યા કરે. મોટે ભાગે તો કોઈ શેઠની મશ્કરીય ન કરે ને કદાચ કોઈ કશું કહે તો શેઠ એને બહુ મન પર પણ ન લે. પણ બે મહિના પછી શેઠને વર્લ્ડ કોન્ફરન્સમાં ભાગ લેવા અમેરિકા જવાનું થયું. બધા એમાં સજોડે જતા હોઈ પરાગ શેઠનેય સજોડે જવાનું હતું. બધા અજાણ્યાની વચમાં આવાં ધરખમ પત્નીને લઈને અમેરિકા જવામાં શેઠને શરમ તો આવે જ ને!

એમણે નકકી કર્યું કે ગમે તે ભોગે વાસંતી શેઠાણીનું વજન આ બે મહિનામાં ઓછામાં ઓછું ૨૦ કીલો તો ઓછું કરવું જ છે. એમણે વાસંતીને ચીમકી આપી કે જો એ એટલું વજન નહીં ઘટાડે તો એ એમની સેક્રેટરીને પોતાની સાથે અમેરિકા લઈ જશે. ને શેઠની સેક્રેટરીની બાબતમાં શેઠાણીને પૂર્વગ્રહ એટલે તેમને ચમક ઊપડે એમાં નવાઈ ન હતી.

એમની આ ચીમકી કામ કરી ગઈ. સેક્રેટરીને અમેરિકા લઈ જવાની વાતથી જ શેઠાણીને હાર્ટ એટેક આવવા જેવું થઈ ગયું. વાસંતી શેઠાણીએ વજન ઘટાડવાના બધા કીમિયા એક સામટા અમલમાં મૂકવાનું નકકી કરી લીધું. ને હું શેઠના હાથમાં આવી ગયો. આમ તો હું બહુ સજાગ માણસ છું. હું દસ વરસથી પરાગ શેઠની ઑફિસમાં કામ કરું છું ને કયારે ઑફિસમાંથી ગુલ્લી પણ મારી લઉં છું, છતાં કયારેય ઑફિસમાંથી ગુલ્લી મારતાં શેઠના હાથે ઝડપાયો નથી પણ આજે તો હું ઊંઘતો જ ઝડપાઈ ગયો.

એમણે મને કહ્યુંઃ 'જો, વાસંતીએ ૨૦ કીલો વજન ઘટાડવાનું નકકી કર્યું છે ને એ એમાં સફળ થાય એનું તારે ધ્યાન રાખવાનું છે. તારે આ બે મહિના ઑફિસમાં આવવાને બદલે મારે બંગલે જ સવારથી સાંજ સુધી હાજર રહેવાનું છે ને ત્યાં જ જમવાનું છે. જો વાસંતીનું નકકી કર્યા મુજબ વજન ઘટશે તો તને બે ઈન્ક્રીમેન્ટ આપીશ. નહીં તો_' શેઠે એમની ચીમકી અધૂરી રાખી પણ મારો તો જીવ અધ્ધર થઈ ગયો. એક બાજુ બે ઈંક્રીમેન્ટની લાલચ ને બીજી બાજુ હકાલપટ્ટી? ગભરાટના માર્યા મારાથી શેઠને જવાબ આપવા મોં પણ ન ખોલી શકાયું.

ત્યાં શેઠની ગર્જના સંભળાઈઃ 'કેમ બોલ્યો નહીં? થઈ શકશે ને?'

'હા, હા મારાથી બનતું કરીશ.' ધીમા અવાજમાં મારાથી એટલું જ બોલાયું.

'બનતું નહીં પણ ચોકકસ એવું કરવું પડશે. નહીં તો મારા જેવો કોઈ ભુંડો નહીં.' ને એમના એ ભૂંડાપણાની મને જાણ હતી એટલે બોલવાની અશકિતએ હું માથું હલાવી હા ભણી રહ્યો. શેઠે બે ઈન્ક્રીમેન્ટ આપવાની જે વાત કરી હતી એની સામે મારે રોજના બાર કલાકની આ કપરી નોકરી કરવાની હતી. પણ બે ઈન્ક્રીમેન્ટ માટે મારે આટલું જોખમ તો લેવું જ પડે ને! મને થયું કે આ મહેનતનો બદલો શેઠ જ્યારે અમેરિકા જાય ત્યારે ઑફિસમાં ગુલ્લી મારીને વસુલ કરી લેવાશે.

આ વાસંતી એટલે શેઠની ભીમકાય પત્ની. આમ તો એનું ૨૦ને બદલે ૪૦ કીલો વજન ઘટાડવામાં આવે તો જ કદાચ શેઠ સાથે શોભે એવી જાજરમાન એની કાયા. મને થયું કે શેઠાણીનું વજન ઘટાડતાં કયાંક મારું વજન અડધું ન થઈ જાય તો સારું. વળી મારું વજન તો શેઠ કરતાંય ઓછું હતું.

આ વાસંતી શેઠાણીને ભેંસની જેમ ખાવાની ને સોફામાં પડ્યાં પડ્યાં હુકમ છોડવાની આદત હતી. જો એમને ૨૦ કીલો વજન વધારવાનું હોત તો આ ઘટાડવા કરતાં મને સહેલું લાગ્યું હોત. અરે એ સાંભળતાં જ હું આનંદથી ઝૂમી ઊઠ્યો હોત પણ આજે તો વજન ઘટાડવાની આ કપરી આફત માથે પડી તે ભોગવ્યા વિના છૂટકો જ કયાં હતો!

ને ભાઈ, બીજે દિવસે સવારના પહોરમાં હું શેઠને બંગલે પહોંચી ગયો. શેઠ ઑફિસે જવા તૈયાર થતા હતા ને શેઠાણી નાસ્તાના ટેબલ પર બેઠાં હતાં. હજુ એમનો નાસ્તો આવ્યો ન હતો એટલે એ અંદર રસોડામાં લાલચુ નજરે તાકી રહ્યાં હતાં.

શેઠ કહેઃ 'જો, આ કાગળમાં લખ્યા મુજબ વાસંતીએ કસરત કરવાની છે ને ખાવાનું પણ એમાં જણાવ્યા મુજબ જ લેવાનું છે. તારે કડકાઈથી એ બધાનો સમયસર અમલ થાય એ જોવાનું છે. તારે જે ખાવું હોય એ

ખાવાની છૂટ છે.' કહી શેઠ ઑફિસે ગયા ને શેઠાણીનું ડાયેટ કંટ્રોલ ટાઈમ ટેબલ ચાલુ થઈ ગયું. ને જાણે મારી કમબખ્તીની શરૂઆત થઈ.

મેં મારે માટે ડબલ એગ્ઝ આમલેટ, ટોસ્ટ તથા કૉફી મંગાવ્યાં ને શેઠાણી માટે એપલની બે ચીરી તથા ઓરેંજ જ્યુસનો પ્યાલો. શેઠાણીએ પહેલાં તો એમની ડીસ તરફ જોયા કર્યું પછી મારી ડીસ તરફ લાલચભરી નજર નાખી. શેઠાણીની નજર મારા નાસ્તા તરફ બગડેલી જોતાં ગભરાઈને મેં મારી ડીસ તથા કૉફીનો મગ મારી વધુ નજીક ખેંચી લીધાં. આમ તો મારે ડરવાની કોઈ જરૂર ન હતી કારણ કે હું ટેબલને સામે છેડે બેઠો હતો. પણ રોજ સવારમાં બે ભાખરી ને કૉફીના એક કપથી ચલાવનાર મારા જેવા મધ્યવર્ગી માણસને આજે મળેલા આ શાહી નાસ્તા પર કોઈ નજર સરખી કરે એ મારાથી શેં સહન થાય?

શેઠાણી કહેઃ 'તું આમ મારી સામે બેસીને આવું બધું ખાતો હોય તો આવો  નાસ્તો મારે ગળે જ કેમ ઊતરે?'

મેં કહ્યુંઃ 'એ પણ ડાયેટનો જ એક ભાગ છે. મને આવું સારું ખાતો જોઈ તમારી ભૂખ ઊઘડે પણ એવું ખાવાનું ન મળે એટલે તમારી વધારાની ચરબીમાંથી એ ભૂખ સંતોષાય. બે વર્ષ પહેલાં મેં આવું કયાંક વાંચ્યું હતું.' ને વજન ઘટાડવાનો નિર્ણય કરીને બેઠાં હતાં એટલે એમણે મારી વાત સાચી માની લીધી. ને એમણે કમને એમનો નહીંવત નાસ્તો કરવા માંડ્યો.

નાસ્તો કર્યા પછીનો ક્રમ હતો જોગીંગનો. શેઠાણી કહેઃ 'તું જોગીંગ શૂટ પહેરીને તૈયાર થઈ જા, આપણે જોગીંગમાં જવાનું છે.'

'હું જોગીંગ શૂટ પહેરતો નથી. હું આ જ કપડાં પહેરીને જોગીંગ કરીશ.'

'આજનો દિવસ ચલાવી લઈશ, પણ કાલથી તો તારે જોગીંગ શૂટ પહેરીને જ જોગીંગમાં આવવું પડશે. તારી પાસે ન હોય તો અમારે ખર્ચે નવો ખરીદી લાવજે, તું મારી સાથે આવાં કપડાંમાં જોગીંગ કરતો હોય તો મારે તો શરમાઈ મરવાનું જ થાય.'

'મારે કારણે તમારે શરમાઈ મરવાનું ન થાય.'

'થાય'

'ન થાય'

'થાય કે ન થાય એ જે હોય તે પણ તારે કાલથી તો જોગીંગ શૂટ પહેરવો જ પડશે.' શેઠાણીએ ફાયનલ ઓર્ડર છોડ્યો. હું ભલે નોકરી પરાગ શેઠની કરતો હોઉં પણ આ શેઠાણી તો વળી શેઠનાંય શેઠ હતાં. એમનું કહેવું મારાથી કયાંથી ટાળી શકાય!

ચાલો કાલની વાત કાલે, મેં મન મનાવ્યું. વળી એમને ખર્ચે મારે માટે જિંદગીનો પ્રથમ જોગીંગ શૂટ ખરીદવાનો હોય તો એવી વાત તો મારે ગળે શીરાની જેમ જ ઊતરી જાય ને! ને શેઠાણી તૈયાર થઈને આવ્યાં એટલે અમે જોગીંગનો જંગ જીતવા મેદાને પડ્યાં.

એમણે સૂચવ્યું કે એમની સોસાયટીમાં તો બધા એમને ઓળખતા હોય એટલે અમારે સોસાયટીની બહાર નીકળ્યા પછી જ જોગીંગ શરૂ કરવું. જો કે મને મનમાં થયું કે એમને જોવા આ સવારે કોણ બારીમાંથી ડોકિયાં કરવા નવરું હતું? પણ એ હતાં વાસંતી શેઠાણી ને હું હતો એક સામાન્ય કલાર્ક. જ્યાં શેઠથી એમની સામે બોલાતું ન હતું ત્યાં મારી શી વિશાત!

બહાર નીકળતાં મેં કહ્યુંઃ 'જુઓ, જોગીંગમાં એક ખાસ નિયમ છે. તમારી આગળ કોઈ લક્ષ્ય હોવું જોઈએ. હું તમારાથી પાંચસાત ફીટ આગળ દોડતો રહીશ. તમારે મારી સાથે થઈ જવાનું લક્ષ્ય રાખવાનું.'

'તારા જેટલી ઝડપથી તો મારાથી દોડાતું હશે?' વાસંતીએ ઊભાં રહી જતાં કહ્યું.

'તમારે ધ્યેય એવું રાખવાનું. ને હું પણ તમને ધ્યાનમાં રાખીને ધીમું જ દોડતો રહીશ. તમે થાકી જાવ એવું હું નહીં દોડું. તમે મનથી મારી સાથે થઈ જવાનું વિચારીને દોડશો તો તમારાથી થોડું વધારે ઝડપથી દોડાશે. ને વજન ઘટાડવામાં એ વધારે મદદરૂપ થશે.' મેં એમને જેમતેમ સમજાવ્યાં ને એમના મન પર વજન ઘટાડવાની ધૂન સવાર હતી એટલે વગર સમજ્યે માની પણ ગયાં.

મેં એમને મારી સલામતીની ચિંતામાં આ બુટ્ટી પઢાવી હતી. જો હું એમની સાથે દોડતો હોઉં ને એ મદનિયું લથડીને મારા પર ફસડાઈ પડે તો મારી દશા તો ચપ્પટ સેન્ડવીચ જેવી જ થઈ જાય ને! એ વજનિયું મારા પર પડે તો મારી શી દશા થાય એ વિચારે જ મને કમકમિયાં આવી ગયાં.

ને અમે એમની સોસાયટીની બહાર નીકળી દોડવાનું શરૂ કર્યું. જે ઝડપથી એ દોડતાં હતાં એ ઝડપ

ઝડપથી ચાલવા કરતાં ખાસ વધારે ન હતી. અમે થોડું દોડ્યાં હોઈશું ત્યાં બીજી સોસાયટીનાં કૂતરાંનેય અમારામાં અને ખાસ તો શેઠાણીમાં રસ પડ્યો હોય એમ લાગ્યું. એક તો શેઠાણીની વજનદાર કાયા ને ઉપર પેલું જોગીંગ શૂટ. મસ મોટા તકિયા પર નાનું કવર પરાણે ચઢાવી દીધું હોય એવો એમનો દેખાવ લાગતો હતો.

એટલે કૂતરાંનાં મનમાં એમ પણ થયું હશે કે કોઈ નવતર પ્રાણી બીજા કોઈ ગ્રહમાંથી આવી ચઢ્યું કે શું? એટલે એ ભસતાં પાછળ પડ્યાં ને ચીસ પાડતાં શેઠાણી, પાછળ વાઘ પડ્યો હોય એમ જે ભાગ્યાં છે! ને એમની એ ઝડપી દોડથી અજાણ એવા મને મૂકીનેય એ આગળ નીકળી ગયાં. મને થયું કે આવી પ્રેકટીસ જો એકાદ મહિનો એ કરશે તો એમનું વજન ધાર્યા કરતાંય વધારે ઊતરી જશે.

પણ એમનું ભારે શરીર આ વધારે પડતા દોડવાથી એવું તો હાંફી રહ્યું હતું કે એ જોઈ મને મનમાં ગભરાટ થવા માંડ્યો કે એમનું હાર્ટ તો ફેઈલ નહીં જાય ને! મેં પણ એમની સાથે થઈ જવા દોડવાની ઝડપ વધારી. પેલાં કૂતરાંએ પણ શેઠાણીને બદલે મને નિશાન બનાવી હવે મારી પાછળ દોડવા માંડ્યું ને મારી ઝડપ પણ આપોઆપ જ વધી ગઈ. પણ આગળ શેઠાણી કોઈ ટ્રક ડ્રાયવર સ્ટીયરીંગ પર કાબૂ ઘુમાવી બેઠો હોય ને ટ્રક જેમ આમ તેમ ફંગોળાય એવી રીતે રસ્તાની એકબાજુથી બીજીબાજુ ફંગોળાતાં ને લથડાતાં દોડી રહ્યાં હતાં. ને પાછળ હું પણ તેમને પકડવા એવી જ રીતે રોડની બેય ધારો માપી રહ્યો હતો.

હું ગભરાયો. જો એ રોડ પર પડીને બેભાન થઈ જાય તો મારી તો કમબખ્તી જ બેસી જાય ને! પેલાં કૂતરાંની સાથે એમને એકલાં મૂકીને કોઈની મદદ માગવાય ન જવાય. એમને ખભે મૂકીને લઈ જવાની વાત વિચારતાંય મને કમકમિયાં આવી જાય એવું હતું. પણ લાગતું હતું કે એમણે આજે રોડ પર પડીને ઘાયલ થવાનું નકકી કર્યું લાગતું ન હતું.

મેં એમની નજીક પહોંચી એમને પકડવા ઝાવું માર્યું પણ એમની લથડતી દોડને કારણે હું ચૂકી ગયો. હું ભલે ચૂકી ગયો પણ સામેથી આવતો એક સાયકલ સ્વાર ન ચૂકયો. એણે તો શેઠાણીથી પોતાને બચાવવા રસ્તાની ધાર સુધી સાયકલ ઘુમાવી તોય બ્રેક વગરની ટ્રક જેવાં શેઠાણીની કાયા સામે એનું કે એની સાયકલનું કશું ન ચાલ્યું.

પોતાની ભારે કાયાને પડી જતી બચાવવા શેઠાણીએ પેલા સાયકલ સ્વારને પકડવા પ્રયત્ન કર્યો. એ તો એમના હાથમાં ન આવ્યો પણ એ પોતે પેલા સ્વાર પર લથડી પડ્યાં. પેલાએ બેલેન્સ ઘુમાવ્યું ને એ એની સાયકલ સાથે ગટરમાં જઈ પડ્યો. શેઠાણી પણ પછી કયા આધારે પોતાની કાયાનું ખોરડું સ્થિર રાખી શકે? એ પડ્યાં પેલાની ઉપર. ને પેલો ચીસ પાડી ઊઠયોઃ 'કોઈ બચાવો આ ભેંસે મને કચડી નાખ્યો.'

ઉપર શેઠાણી હાંફતાં હતાં ને એમના દરેક શ્વાસની સાથે ઉછળતી ને દબાતી એમની કાયા નીચે વધારે ને વધારે પીસાતો પેલો સાયકલવાળો તાલબધ્ધ ચીસો પાડી રહ્યો હતો. મને થયું કે એવોએ જો વધારે પાંચેક મિનિટ આમ દબાયા કરશે તો એ જમીનમાં આખો જ ખૂંપી જશે ને મારે એને પાવડાથી ખોદીને બહાર કાઢવો પડશે.

અધૂરામાં પૂરું પેલાં કૂતરાં મારા પાટલૂન પર નહોરિયાં મારતાં હતાં. એમનાથી બચતો હું રોડની નીચે ઊતર્યો ત્યાં શેઠાણીની ગર્જના સંભળાઈઃ 'તું મને ઊભી કર પછી હું એને બતાવું છું. સાલો મને ભેંસ કહે છે. એક તો જોયા વગર સાયકલ ચલાવે છે ને મને _' કહેતાં એમણે પેલાની છાતી પર એમની કોણીનો હથોડા જેવો ગોદો માર્યો ને પેલો વધારે જોરથી ચીસ પાડી ઊઠયો.

મેં શેઠાણીનો સાંબેલા જેવો હાથ મારા બે હાથે પકડ્યો ને એમને ઊભાં કરવા જોરદાર આંચકો માર્યો. શેઠાણીની ૧૦૦ કીલોની ગુણી જેવી કાયાએ કશી મચક ન આપી પણ હું પડતાં માંડ બચ્યો. મેં મારા ઊભા રહેવાની ને એમને ઊભાં કરતાં મારી સલામતી ન જોખમાય એની બરાબર ચકાસણી કરીને એમનો ભીમની ગદા જેવો હાથ પકડી ફરીથી વધુ જોરદાર આંચકો આપ્યો. આ વખતે શેઠાણી તો તસુય ન ખસ્યાં પણ હું જ મારી સલામતીની વિચારી રાખેલી સલામત અવસ્થા ત્યજીને મારી સ્થિરતા ગુમાવીને ઊથલીને પડ્યો એમની ઉપર. ને પેલો સાયકલવાળો શહેરના બજાર સુધી સંભળાય એવી દર્દનાક ચીસ પાડી ઊઠયો. નીચે સાયકલ, એની ઉપર એનો પેલો સ્વાર, એની ઉપર શેઠાણીનું ૧૦૦ કીલો પ્લસનું બારદાન ને એની ઉપર હું. એ સાયકલસ્વારનામાં ચીસ પાડવા જેવા હોશ રહ્યા હતા એય ઓછા આશ્ચાર્યની વાત હતી!

મહા પરાણે હું બેઠો થયો ને મેં જેમતેમ કરીને શેઠાણીને ઊંચકયાં તો નહીં કહું પણ મારી પૂરી તાકાત લગાવીને પેલાની કાયા પરથી એક તરફ ગબડાવી મૂકયાં. મેં એમને ગબડાવી મૂકવામાં સફળતા મેળવી એય ઓછું હતું? વાસંતી જેમતેમ કરીને બેઠાં થયાં ને મારો હાથ પકડીને એમણે ઊભાં થવા પ્રયત્ન કર્યો ને એમના વજનથી મારું સમતોલન અસમતોલનમાં ન ફેરવાઈ જાય એ માટે મારે કેટલો પ્રયત્ન કરવો પડ્યો એની તો મને જ ખબર છે!

ને પોતાના પરથી આખી ટ્રકનું વજન હઠી ગયું હોય એમ પેલા સાયકલવાળાનામાં કોણ જાણે કયાંથીય

શકિત આવી ગઈ કે એ એની લંગડાતી કાયા ને એવી જ લંગડાતી સાયકલને ઠસડતો પલકવારમાં દૂર ભાગી ગયો.

પછી કોઈ રીક્ષાની પાછળ બાંધીને ટ્રક ટો કરતો હોય એવી સ્થિતિમાં મહાપ્રયત્ને મેં એમને રોડ પર તો આણ્યાં. નસીબયોગે એક રીક્ષા મળી ગઈ. એ રીક્ષાવાળાએ વાસંતી શેઠાણી સામે એવી ઉપાલંભ ભરી નજરે જોયું કે મને રીક્ષાવાળાની ચિંતા થવા માંડી. થાકેલાં તોય શેઠાણી જ હતાં ને! એમની આડા હાથની હડફેટમાં જો રીક્ષાવાળાનું જડબું અવી જાય તો એમાંથી અડધા દાંત તો રસ્તા પર જ વેરાઇ જાય. મેં રીક્ષાવાળાની દયા ખાઈને એની ને શેઠાણીની વચ્ચે ઊભા રહી એમનું એ યુધ્ધ સર્જક તારામૈત્રક થતું અવરોધવા પ્રયત્ન કર્યો.

સમય, સંજોગો, આ મહાકાય શેઠાણી અને પોતાની રીક્ષાની સલામતી એ બધાની ગણતરી કરીને રીક્ષાવાળાએ ત્રણગણું ભાડું માગ્યું. શેઠાણી કાંઈ બોલે એ પહેલાં મે ભાડા પર મંજૂરીની મહોર મારી દીધી ને મહા પ્રયત્ને શેઠાણીને રીક્ષામાં ચડાવ્યાં.

ગમે તેમ પણ અમે બંગલે તો પહોંચ્યાં. એમણે પહેલાં તો પાણી ગરમ કરાવી એમાં મીઠું નંખાવી કયાંય સુધી એમાં પગ ઝબોળી રાખ્યા. એમના અંગેઅંગમાંથી પરસેવાના રેલા વહી પેલા ગરમ પાણીમાં પડી રહ્યા હતા. એ પરસેવો જો એમની ચરબીમાંથી બનતો હશે તો એમનું વજન આ એક જ દિવસમાં બે કીલો જેટલું ઓછું થઈ જશે એવી ગણતરીય મે મનમાં કરી લીધી.

મને થયું જો આવી ને આવી કસરત એક અઠવાડિયા સુધી કરાવવી હોય ને શેઠાણીનું વજન ધાર્યા પ્રમાણે ઘટાડવું હોય તો મારે ઓછામાં ઓછા બીજા છ તો આવા સાયકલવાળા જ તૈયાર રાખવા પડે. આમાં સ્કુટરવાળા કે રીક્ષાવાળા ન ચાલે. પેલાં કૂતરાં તો જો કે સાથ આપવા તૈયાર જ હશે એમ મારી ચોકક્સ ખાતરી હતી.

ત્યાં વાસંતી શેઠાણી કહેઃ 'કાલથી આપણે રસ્તો બદલી નાખવો પડશે. સારું થયું કે એ કૂતરાં મને કરડ્યાં નહીં નહીં તો મારે ચૌદ ઈંજેકશન લેવાનાં થાત. ને પેલો સયકલવાળો __ ફરીથી જો મળશે તો હું એનાં હાડકાં જ ભાંગી નાખીશ.'

મેં મનમાં જ કહ્યુંઃ એનાં હાડકાં તો મારી બાઈ આ એક વખતમાં જ એવાં ભાગ્યાં હશે કે એ બાપડો કદાચ દવાખાના ભેગો થઈ ગયો હશે કે પછી એને ઘેર પહોંચ્યો હશે તો તમારી જેમ કાં તો શેક કરતો હશે ને કણસતો હશે.

મારાં હાડકાં તો આ એક વખતના જોગીંગથીય દુખવા માંડયાં હતાં તેમાં વાસંતી શેઠાણીને ઊભાં કરતાં તો મારાં હાડકાંનું જાણે કચરિયું જ થઈ ગયું હતું. મને થયું કે આજે તો રીક્ષા મળી ગઈ હતી પણ કાયમ ઓછી મળી શકે? એના કરતાં ડ્રાયવર ગાડી લઈને ધીમે ધીમે અમારી પાછળ આવે એવું ગોઠવવું પડશે. ભલે ને બાપડા એનેય શેઠાણી આવી અવદશા જોવાનો સંતોષ તો મળશે. એ બાપડો રોજ એમની ગાળો તો ખાય જ છે ને!

હવે પછીનો સમય હતો કસરતનો. મારે ને કસરતને તો બારમો ચંદ્રમા હતો. આજે મારે સદ્નસીબે મારે કસરત કરવાની ન હતી પણ વાસંતી શેઠાણી કસરત કરે એનું મારે ધ્યાન રાખવાનું હતું એમ હું માનતો હતો. પણ એવું તો હું માનતો હતો. જ્યારે બંગલાના એક રૂમમાં એમને માટે શરૂ કરાએલા જીમ્નેશિયમમાં હું ગયો ત્યારે જ મને સાચી વાતની ખબર પડી. વાસંતી શેઠાણીનો ઑર્ડર છૂટ્યોઃ 'હું રોઈંગ મશીન પર એકસર્સાઈઝ કરું ત્યાં સુધી તારે મારી સામે સાયકલ ચલાવવાની છે.'

'પણ મારે કયાં વજન ઉતારવાનું છે? મારે તો ઊલટું વજન વધારવાનું છે.'

'ગાંડા, સાયકલ ચલાવવાથી વજન ઘટે નહીં પણ પગના સ્નાયુઓ અને ફેફસાં મજબૂત થાય. એટલે દલીલ કર્યા વગર સાયકલીંગ કરવા માંડ. તારા આ તીતીઘોડા જેવા શરીરમાં થોડી ચરબી વધે તો લોકોય તારી દયા ખાતા અટકે. ને તું સામે કસરત કરતો હોઉં તો મારામાં પણ હિંમત રહે ને! બાકી આજે મારાં હાડકાં એવાં તો દુખે છે કે __'

મેં મનમાં જ કહ્યુંઃ હાડકાં તો મારાંય કયાં ઓછાં દુખે છે? ને પેલા સાયકલવાળાનાં તો એવાં દુખતાં હશે કે એનાથી તો આજે કામ પર પણ નહીં જવાય. બાપડાનો દા'ડો પડશે. હું મહારાજને મારે માટે કડક કૉફી ને વાસંતી માટે કાકડીનો જ્યુસ બનાવી લાવવાનું કહી સાયકલ આરુઢ થયો. ને કાકડીના જ્યુસ સામેનો અણગમો એમના મો પર દેખાઈ રહ્યો. પણ મેરેથોન દોડ પૂરી કરીને થાકેલા એથેલેટની જેમ વાસંતીએ પણ રોઈંગ કરવા માંડ્યું.

બપોરે લંચમાંય મેં પેટ ભરીને ખાધું ને હું શેઠાણીને લાચારીથી સલાડનાં પાંદડાં સાથે કુસ્તી કરતાં જોવાની હું મઝા માણી રહ્યો. મને થયું કે જો આવું બે મહિના ચાલશે તો શેઠાણીનું વજન તો ઘટતાં ઘટશે પણ મારું વજન તો ઓછામાં ઓછું દસેક કીલો તો વધી જ જશે. ને મારે તો એ વધારવાની જરૂર પણ હતી જ ને! વળી મને તો ચાલુ પગારે ખાઈ-પી ને કસરત કરી શરીર સુધારવાનો લહાવો મળતો હતો. મને થયું દર વરસે શેઠને

પરદેશ જવાનું થાય અને એમને શેઠાણીનું વજન ઘટાડવાનો આવો તુકકો સૂજે તો મારે મારી તબિયતની તો કોઈ ચિંતા જ નહીં.

જેમતેમ કરીને પહેલો દિવસ તો અમે પૂરો કર્યો. ને એ સાંજે ઘેર જતાં મેં એક સરસ જોગીંગ શૂટ પણ ખરીદી લીધો. હું એનું બીલ બીજે દિવસે શેઠાણીને આપી દઈશ અને મને ખાતરી હતી કે શેઠાણી શેઠની પાસે એ બીલ મંજૂર કરાવી જ દેશે. આવી નાની વાતમાં શેઠ શેઠાણીને નારાજ કરે એવા ન હતા. શેઠનામાં કમાવાની જેવી આવડત હતી એવી આવડત શેઠાણીનામાં પૈસા ખરચવાની હતી.

રાતેય મને શેઠાણીના જોગીંગના જ વિચારો આવ્યા કરતા હતા. બીજે દિવસે સવારે કોણ શેઠાણીની હડફેટે ચઢશે એના વિચારમાં મને ઊંઘ જ આવતી ન હતી.

એક તરફ મને પેલા અડફેટે ચઢનાર માણસ પર દયા આવતી હતી તો બીજી તરફ શેઠાણીની થનારી અવદશાની કલ્પનાએ મને હસવુંય આવતું હતું તો ત્રીજી તરફ મને શેઠાણીને મદદ કરવા જતાં મારી સલામતિ જોખમાવાની ચિંતા પણ થયા કરતી હતી. આ બધાની વચ્ચે મને કયારે ઊંઘ આવી ગઈ એ યાદ નથી પણ ઊંઘમાંય મને શેઠાણીના આ બેનમૂન જોગીંગનાં જ સ્વપ્નો આવ્યા કર્યા.

બીજે દિવસે સવારમાં શેઠને બંગલે પહોંચી મેં પેલું બીલ શેઠાણીના હાથમાં મુકી દીધું. ને પાછું અમારું જોગીંગ શરૂ થયું. આજે અમે એમની સોસાયટીને બીજે દરવાજેથી મહાપ્રયાણ શરૂ કર્યું. થોડે જ આગળ જતાં શેઠાણીની પાછળથી કૂતરાંના ભસવાના જોરદાર અવાજ આવવા માંડ્યા. મેં જાણે એ અવાજ સાંભળ્યા જ ન હોય એમ મારું જોગીંગ ચાલુ રાખ્યું. પણ આજનાં કૂતરાં તો કાલનાય કરતાંય વધારે જોરદાર હતાં એવું મને એમના ભસવાના અવાજ પરથી લાગી રહ્યું હતું.

પણ હું કાંઈ આગળ વિચારું એ પહેલાં તો શેઠાણી પોતાનાથી દોડી શકાય એ ઝડપે દોડતાં મારી પાછળ આવી પહોંચ્યાં હતાં. એનો અણસાર આવી જતાં મેં એમના રસ્તામાંથી એક તરફ ખસી જવા મરણિયો પ્રયત્ન કર્યો પણ શેઠાણીના મારો ટેકો લઈને પોતાને પડી જતાં અટકાવવાના મરણિયા પ્રયત્ન કરતાં એ ઓછો મરણિયો સાબીત થયો. ને બીજી જ ક્ષણે જાણે કોઈ તોતીંગ ટ્રકનો ધકકો લાગ્યો હોય એમ હું ધરાશાઈ થયો. પડ્યા પછીય હું વધારે નહીં તોય પંચેક ફીટ તો ઘસડાયો હોઈશ. મારા નાકનું ટેરવું છોલાઈ ગયું. એકલું ટેરવું જ શું હું આખેઆખો જ જાણે છોલાઈ ગયો હોઉં એવી બળતરા મારા અંગે અંગમાંથી થવા માંડી.

પણ એટલેથી કયાં બચાવાનું હતું? મને પકડવામાં નિષ્ફળ ગયેલાં શેઠાણી પણ સમતોલન ગુમાવીને મારા પર ફસડાઈ પડ્યાં. ને હું એવી તો ચીસ પાડી ઊઠયો કે એનાં પડઘા આજુબાજુની બધી સોસાયટીમાંથી પડયા. ને મારી એ ચીસ સાંભળીને ડરનાં માર્યાં પેલાં કૂતરાંય પોતાની સોસાયટી તરફ પાછાં ભાગી ગયાં. મેં શેઠાણીની આમન્યા રાખ્યા વગર મારામાં બચ્યું હતું એટલુ જોર અજમાવીને મારા પરથી એમને એક તરફ ગબડાવી દીધાં. ને હું બેઠો થઈ ગયો.

એમને બેઠાં કરવાની પરવા કર્યા સિવાય રોડની ધારે બેસી મેં મારી ઘવાએલી કાયાનું સર્વેક્ષણ કરવા માંડ્યું. બેય કોણીઓ ને બેય ઢીંચણ છોલાયાં હતાં ને એમાંથી લોહીના ટશિયા ફૂટી નીકળ્યા હતા. મોં અને નાક પર કેટલું છોલાયું હતું એ જાણવાનું કોઈ સાધન હાથવગું ન હતું છતાં જે બળતરા થતી હતી એ ઉપરથી લાગતું હતું કે મોં પણ ખાસ્સું એવું છોલાયું હતું.

મેં મનમાં વિચાર્યું કે ગઈ કાલવાળા પેલા સાયકલસ્વાર કરતાં મારી આજની દશા જરાય સારી ન હતી. એનામાં તો એટલી શકિત બચી હતી કે એ તો સાયકલ લઈને ભાગી જઈ શકયો હતો. પણ મારાથી તો આજે બેચાર પગલાં ચાલી શકાય એવુંય રહ્યું ન હતું.

મેં શેઠાણી તરફ જોયું તો એય રોડ પર ગબડતાં ઠીક છોલાયાં હતાં. પડતી વખતે તો એ મારી ઉપર પડેલાં એટલે વધારે છોલાવામાંથી બચી ગયેલાં. મારી આ દશા જોતાં મારો ટેકો લેવાને બદલે ધીરેથી બેઠાં થઈ રોડની સાઈડમાં એમની કાયાને એક પીલરને ટેકે ગોઠવતાં એમણે ધીમે સાદે મને કહ્યુંઃ 'રીક્ષા બોલાવ.'

રીક્ષામાં ઘેર પહોંચ્યા પછી બંગલાનાં પગથિયાં ચઢતાં મને થયું કે સીધાં ઘેર આવવાને બદલે પહેલાં કોઈ ડૉક્ટરને ત્યાં જઈને પાટાપીંડી કરાવીને આવ્યાં હોત તો સારું થાત. જો કે ઘરમાં ફર્સ્ટ એઈડની કીટ હતી જ. એમાંની દવાઓ, મલમો અને પાટાપીંડીનો જેટલો સામાન હતો તે બધો વાપરીને અમે અમારા હુલિયા ઠીક કરવા પ્રયત્ન કર્યો.

શેઠાણી કહેઃ 'આ કૂતરાં માટે મ્યુનિસિપાલિટી વાળા કેમ કશું નહીં કરતા હોય! આ બધાં કૂતરાં સાથે મેયરને એના ઘરમાં પૂરીને બહારથી તાળું મારી દેવા જેવું છે. એનેય ખબર તો પડે કે શહેરનાં માણસોને માથે કૂતરાં કેવી વીતાડે છે.'

મને કળ તો મને બે ત્રણ દિવસ પછી વળશે એમ લાગતું હતું પણ કસરતના ટાઈમ ટેબલમાં કેઝયુઅલ કે સીકલીવ મૂકવાનો અવકાશ જ ન હતો. અમારે કસરત તો ચાલુ રાખવી પડે તેમ જ હતી ને! મને એક વખત તો

મનમાં એવુંય થઈ ગયું કે શેઠને કહી દઉં કે મારે બદલે કોઈ બીજાને એ જોખમભર્યું કામ સોંપી મને એ કામમાંથી મૂકત કરે પણ એમણે જે બે ઈન્ક્રીમેન્ટનો ગોળ મારી કોણીએ લગાડ્યો હતો એની લાલચ મારાથી છોડી શકાતી ન હતી.

પછી મેં કૂતરાંને શેઠાણી કરતાં ઓછાં જોખમ કારક ગણતાં મારા પ્લાનમાં સુધારો કરવા પ્રયત્ન કર્યોઃ ‘હવેથી તમારે આગળ દોડવાનું ને હું તમારી પાછળ દોડીશ.’ મેં કહ્યું.

‘ના, પહેલાંની જેમ તારે આગળ જ દોડવાનું રાખવું. તું મારી આગળ દોડતો હોય તો મને દોડવામાં મઝા આવે છે.’ શેઠાણીને કદાચ રોડ પર ફસડાઈ પડવા કરતાં મારી કાયા પર લેન્ડીંગ કરવાનું વધારે સલામત લાગતું હશે.

મને કહેવાનું મન થયું કે તમને મઝા પડતી હશે પણ મને મારી સલામતીની ચિંતા થાય છે એનું શું? જો ફરીથી એકાદ વાર જો તમારી કાયા મારા પર લથડી પડશે તો હું તો રોડમાં જ ખૂંપી જઈશ ને મને એમાંથી બહાર કાઢવા માટે તમારે બુલડોઝર મંગાવવું પડશે. પણ મનમાં હોય એ બધું શેઠાણીની સામે ઓછું બોલી દેવાય છે! મેં મારું આગળ દોડવાનું ચાલુ રાખ્યું પણ સાવચેતીમાં વધારો કરી એમનાથી થોડું વધારે અંતર રાખીને દોડવાનું રાખ્યું.

બે દિવસ પછી બીજો એક અકસ્માત થયો. જોગીંગમાં શેઠાણી અને કૂતરાં વચ્ચે હરીફાઈ જામી એમાં કેટલાંક કૂતરાં શેઠાણી કરતાં આગળ નીકળી ગયાં ને તેમને પગે આગળથી બચકાં ભરવા પ્રયત્ન કરવા લાગ્યાં. ગભરાયેલાં શેઠાણીએ દોડવાની ઝડપ વધારવા પ્રયત્ન કર્યો પણ આગળ ફરી વળેલાં કૂતરાં એમની અડફેટમાં ચઢી ગયાં ને શેઠાણીની જોખમબરી કાયા લથડી ને એક અલમસ્ત કૂતરા પર જેમ એરણ પર ઘણ પડે એમ એવા તો જોરથી પટકાઈ કે એ કૂતરાનો તો જાણે લોચો જ વળી ગયો. ને એની વેદનાબરી ચીસ સાંભળી બાકીનાં કૂતરાં પોતાની સોસાયટી તરફ ભાગી છૂટ્યાં.

શેઠાણી પણ પોતાના ઘવાયેલા ઢીંચણની પરવા કર્યા સિવાય એક સફળ શિકારીની જેમ ગર્વભેર ઊભાં થઈ ગયાં. ને ઉપરથી સ્ટીમ રોલર જેવું વજન હઠી જતાં પેલું કૂતરું પણ લોહીલુહાણ હાલતમાં કારમી ચીસો પાડતું ને ભાગેલા પાછલા બે પગ ઘસડતું એક તરફ ભાગી છૂટ્યું.

ગમેતેમ પણ શેઠાણીની આ કસરતને ને કૂતરાંને બારમો ચંદ્રમા હતો એ વાતની મને ખાતરી થવા માંડી હતી. અને તેની પૂર્તિ મને પછીને જ દિવસે થઈ ગઈ. તે દિવસે કૂતરાં ને શેઠાણીની વચ્ચે પાછી રોજની જેમ જ હરીફાઈ શરૂ થઈ ગઈ હતી. પણ આજે શેઠાણીના ગ્રહ બરાબર ન હોય તેમ એ એક કૂતરાની ઝપેટમાં આવી ગયાં. એ કૂતરાએ એમની જમણી પીંડીએ બરાબરનું બટકું ભરી લીધું. ને એક કારમી ચીસ પાડતાં એ લથડ્યાં ને પાછળ હજુ બીજું બટકું ભરવા દોડ્યા આવતા એ કૂતરા પર નજર કરતાં સમતોલન ગુમાવી પાછળની બાજુ ફસડાઈ પડ્યાં.

પેલા કૂતરાએ પણ એના પર જાણે વર્લ્ડટ્રેડ સેન્ટર તૂટી પડ્યું હોય એવી કારમી મરણચીસ નાખી. બીજી ચીસ નાખવા જેટલો એની પાસે વખત જ ક્યાં બચ્યો હતો? પહેલી અને છેલ્લી ચીસ સાથે એ તરફડ્યા વગર જ ઉપર પહોંચી ગયું. ત્યાં મારી નજર શેઠાણી તરફ ગઈ. એ લોહી દડદડતી પીડીંને પંપાળતાં બેઠાં હતાં.

‘આણે મૂઆએ એવું બટકું ભર્યું છે કે મારે સાત ઈંજેક્શન લેવાં પડશે.’ રડતા સાદે એ બોલ્યાં. એમને કૂતરું કરડ્યાનું જેટલું દુઃખ હતું એનાથી વધારે દુઃખ પેલાં લેવાં પડનાર ઈંજેક્શનનું હતું.

‘એ જો હડકાયું હશે તો ચૌદેય લેવાં પડે.’ મારાથી બોલાઈ ગયું.

‘તું મને એમ કહીને ડરાવ નહીં. એ હડકાયું નથી જ. એય પેલાં કૂતરાંના ટોળામાંનું જ હતું ને. જો હડકાયું હોત તો બીજાં કૂતરાં એને પોતાના ટોળામાં પેસવા દેત ખરાં?’

‘મેં ક્યાંક વાંચ્યું હતું કે જે કૂતરું કરડ્યું હોય એ ૨૪ કલાક પછી જો જીવતું ન હોય તો એ હડકાયું ન હોય. પણ આ તો એવી તપાસ કરાય તે પહેલાં જ મરી ગયું છે.’

‘એ મરી ગયું એનું બેસણું તું પછી ઉજવજે પહેલાં ઘેર જવાની ગોઠવણ કર.’ મારી અનેક દલીલો છતાં શેઠે અમારી પાછળ મોકલવા માટે કાર ફ્રી પાડી ન હતી એના કચવાટ સાથે હું રીક્ષામાટે આમતેમ નજર કરવા માંડ્યો.

મને એક વાતની ધરપત થઈ કે કસરત અને ડાયેટથી શેઠાણીનું વજન જે ઝડપે ઘટી રહ્યું હતું તેમાં આ ઈંજેક્શનોએ વધારો કરી આપશે. મને મનમાં થયું કે આમાં મારી સાથે પેલાં કૂતરાંનેય શેઠે કશુંક વળતર આપવું જોઈએ.

ગમે તેમ પણ અમે બે મહિનાનો આ કાર્યક્રમ આવા અનેક અકસ્માત સર્જતાં પૂરો કર્યો ખરો. શેઠાણીનું વજન વીસ કીલોને બદલે માત્ર પંદર જ કીલો ઘટ્યું હતું એ જોઈ શેઠે ખંધાઈથી મારી સામે જોતાં કહ્યુંઃ ‘તું કામમાં

નિષ્ફળ રહ્યો છું છતાં તેં પ્રયત્ન બરાબર કર્યો છે એટલે હું તને ઈન્ક્રીમેન્ટ તો આપીશ પણ બેને બદલે એક જ આપીશ.'

બચાવમાં મેં કહ્યુંઃ 'મને આવી જોરદાર કસરતની ટેવ ન હતી ને ઉપરથી રોજના એકને હિસાબે કેટલાય અકસ્માત થયા એમાં મારાં હાડકાંનું તો કચુંબર થઈ ગયું છે એટલે મેને કહ્યા પ્રમાણે બે ઈન્ક્રીમેન્ટ તો મળવાં જ જોઈએ. એવું હશે તો તમે ફરીને પાછાં આવો ત્યાર પછી હું બાકીના પાંચ કીલો વજન ઘટાડવા માટે પ્રયત્ન કરવા તૈયાર છું.'

'એ તો અમે પાછાં આવીએ પછી નક્કી કરીશું. હું વચન નથી આપતો.'

મારે એક ઈન્ક્રીમેન્ટથી જ સંતોષ માન્યા સિવાય છૂટકો જ ક્યાં હતો?

એમના પાછા આવ્યા પછી એક મહિને મારે શેઠને બંગલે જવાનું થયું ને મેં શેઠાણીને જોયાં ત્યારે મને લાગ્યું કે એમણે જે પંદર કીલો વજન ઘટાડ્યું હતું એની સામે છેલ્લા દોઢેક મહિનામાં પંદરને બદલે વ્યાજ સાથે લગભગ વીસેક કીલો વજન વધારી લીધું હતું.

કહેવાની જરૂર નથી કે મેં બીજા ઈન્ક્રીમેન્ટ માટે શેઠની સામે પ્રસ્તાવ મૂકવાનું મુલ્તવી રાખ્યું છે.

અનુક્રમ ►

# ૨. ઍવૉર્ડ...ઍવૉર્ડ

મારો એક મિત્ર રાહુલ હાલ દિલ્હીમાં રહે છે ને સાંભળ્યું છે કે કમાય છે પણ સારું એવું. અમે બેય નાનપણમાં સાથે જ ભણેલા. અને મને યાદ છે ત્યાં સુધી એય મારા જેટલું જ ઊંચું એટલે કે મેટ્રિક ફેલ સુધી ભણેલો. એ હાલ દિલ્હીમાં આટલું બધું કેવી રીતે કમાતો હશે એનું આશ્ચર્ય ગામમાં મને ને બધાને થતું. પણ એવોએ એવો જ્યારે ગામમાં આવે ત્યારે ભભકામાં ફરતો ને છૂટથી પૈસા ખરચતો એટલે બધાને માનવું પડતું હતું કે એ દિલ્હીમાં સારી રીતે ગોઠવાઈ ગયો હતો.

એ એક દિવસ મારે ત્યાં અચાનક આવી ચઢ્યો. મને કહેઃ 'આપણા એરિયાના બહુ પ્રતિષ્ઠિત માણસો વિષે મારે જાણવું છે.'

મને એના અચાનક આવ્યાનું ને તેમાંય સીધું મારે ત્યાં જ એનું આશ્ચર્ય તો હતું જ એમાં એક વધું આશ્ચર્ય ઉમેરાયું. મેં કહ્યુંઃ 'તને દિલ્હીમાં બેઠે આવો તુકકો ક્યાંથી સૂઝ્યો? પહેલાં મને એ સમજાવ કે તારે એ બધું જાણીને શું કામ છે?'

'એ બધું હું તને પછી સમજાવીશ પણ અત્યારે તો હું પૂછું છું એનો જવાબ આપ.'

'પ્રતિષ્ઠિત એટલે કયા ક્ષેત્રના પ્રતિષ્ઠિત માણસો વિષે તારે જાણવું છે?' મને એની વાતનું ધડમાથું ન સમજાતાં મે વળી પૂછ્યું.

'બધા જ ક્ષેત્રના. રાજકીય, સામાજિક, શૈક્ષણિક અને એ સિવાયનાં બીજાં ક્ષેત્રનાય.'

'જો ભાઈ, ગાંધીનગર કે દિલ્હી સુધી જેમનાં નામ ગવાતાં હોય એવા તો આપણા ગામમાં કોઈ નથી પણ સ્થાનિક રાજકારણમાં તો હાલ ભાનુ મેઘજી બહુ જાણીતા છે. સામાજિક કાર્યકર તરીકે નાનાભાઈ ભાવસાર અને કેળવણીના ક્ષેત્રમાં મોઘીબેન શાહ પણ બહુ જાણીતાં છે ને મોડા સૂઈ મોડા ઊઠવાના ક્ષેત્રમાં મારું પણ નામ બહુ જાણીતું છે. તું આવનારી ચૂંટણીમાં ઊભા રહેવાનું તો નથી વિચારતો ને!'

'આ મશ્કરી કરવા જેવી વાત નથી ને મને ચૂંટણી જેવી ફાલતુ વાતોમાં રસ પણ નથી. જો મને એ બધાનાં સરનામાં મળી જાય તો મારે એ બધાંને આજે જ મળવું છે. મારે જલ્દી દિલ્હી પાછું પહોંચવું પડે તેમ છે.' એણે કહ્યું, જાણે દિલ્હીનો દરબાર એના વગર સૂનો પડી જવાનો ન હોય!

જો કે મને એની વાતમાં કશી સમજણ ન પડી પણ એ બધાં જાણીતાં માણસોનાં સરનામાં મારી ડાયરીમાંથી મેં એને ટપકાવી આપ્યાં. પછી બપોરે જમીને એ એકલો જ એમને મળવા ઊપડ્યો. મને થયું કે એ દિલ્હીમાં છે એટલે કોઈ મોટા માથાનું કામ લઈને આવ્યો હશે તે એને બધાંને મળવું હશે. જે હશે એ સાંજે ખબર પડશે.

છેક મોડી સાંજે એ પાછો આવ્યો. મને કહેઃ 'ચાલો ફેરો સફળ થયો. ત્રણમાંથી એક કામ તો થયું. એકનો વાયદો પડ્યો છે પણ લાગે છે કે કાલે એ પણ પતી જશે. મારે લીધે તને પણ જમવામાં મોડું થયું હશે એટલે પહેલાં જમી લઈએ પછી હું તને બધી વાત કરું છું.'

મને એ નહોતું સમજાતું કે એ કેવાં કામ લઈને દિલ્હીથી આવ્યો હશે કે આવા જાણીતા માણસો સાથે વગર ઓળખાણે ને તેય આટલાં ઝડપથી કામ પતી ગયાં હશે. મને થયું કે એમાં આ માણસોના લાભની જ કોઈ વાત હોવી જોઈએ તે સિવાય આટલી ઝડપથી બધાં કામ પતે નહીં. પણ ત્યાંય હું ખોટો હતો એની જાણ મને થોડા દિવસ પછી થવાની હતી.

જમ્યા પછી એ કહેઃ 'જો હું તને માંડીને વાત કરું. અમે દિલ્હીમાં 'અખિલ ભારતીય પરિવાર' નામની એક બહુ મોટી અને પ્રતિષ્ઠિત સંસ્થા ચલાવીએ છીએ. આ સંસ્થા આખા દેશમાં તપાસ કરાવીને દરેક ક્ષેત્રમાંથી પ્રતિષ્ઠિત વ્યકિતને સેવામૂર્તિ અને એવા બીજા ઘણી જાતના ઍવૉર્ડ આપે છે. આજે હું એ માટે જ આવ્યો છું.

'તેં જણાવેલાં ત્રણેય જણને હું મળ્યો ને એમાંથી એક જણની ઍવૉર્ડ માટે પસંદગી પણ કરી ને એમણે ઍવૉર્ડ સ્વીકારવાની સંમતિ પણ આપી દીધી છે. કાલે મારે મોઘીબેનને ઘેર તેમની અને તેમના પતિ સાથે મિટિંગ છે. હું બપોરે તેમને ત્યાં જ જમવાનો છું. તેમને વિષે મને કાલે દિલ્હીથી વધારે માહિતી મળી જશે. બાકીની માહિતી હું તેમની સાથે વાતચીત કરતાં મેળવી લઈશ. જો તે ઍવૉર્ડ માટે યોગ્ય લાગશે તો તેમને પણ ઍવૉર્ડ આપવાની વાત કરી જોઈશ.'

હવે મારા આશ્ચર્યની અવધિ જ આવી ગઈ. મેં કહ્યુંઃ 'અલ્યા, તું અહીં આવ્યો ત્યાં સુધી તો એમાંના

કોઈને જાણતો પણ ન હતો. આ તો મને જે ઠીક લાગ્યાં તે બેત્રણ નામ તને આપ્યાં. હવે બપોરે બેચાર કલાકમાં તેં એવી તે કેવી તપાસ કરી લીધી કે તને એ માણસ ઍવોર્ડ આપવા યોગ્ય લાગ્યા? મને તો અમાં કશી સમજણ પડતી નથી. તું મારાથી કશુંક છૂપાવે છે.'

'મારી વાતનો બીજો હપ્તો કાલે હું મોઘીબેનને ત્યાંથી આવું પછી તને કહીશ. તું મારો નાનપણનો દોસ્ત છું અને હું દિલ્હીથી સીધો તારે ત્યાં આવ્યો છું. તારાથી મારે શું છૂપાવવાનું હોય!'

પછી એ મને ગૂંચવાતો મૂકીને સૂવા ચાલ્યો ગયો. મેંય મન મનાવ્યું કે જે વાત હશે એની કાલે તો ખબર પડી જ જશે. એવોયે એની જાતે કશું નહીં કહે તો હું એની પાછળ પડી જઈનેય વાતનું મૂળ લીધા સિવાય એને કયાં છોડવાનો હતો!

બીજે દિવસે એ મોઘીબેનને ત્યાં જવા તૈયાર થતો હતો ત્યારે મેં એને કહ્યુંઃ 'ચાલ, હું પણ તારી સાથે આવું. મારે એમની સાથે સારો પરિચય છે. હું હોઈશ તો તારા કામમાં પણ મદદ થશે.'

પણ મારી ચાલ સમજી જઈ એ કહેઃ 'એથી ઊલટું, તું સાથે હોઉં તો મારા કામમાં અડચણ ઊભી થશે. વળી તેમણે મને જમવાનું નોતરું પણ આપેલું છે એ તું કેમ ભૂલી જાય છે? કોઈને ત્યાં તારાથી વગર બોલાવ્યે જમવા પહોંચી જવાય ખરું!'

તે મારેય કયાં એની સાથે વગર આમંત્રણે જમવા પહોંચી જવું હતું? આ તો હું તેની શી રમત છે એ જાણવા માગતો હતો. ને મને ખાતરી જ હતી કે એ જો ઊંડાં પાણીમાં રમતો હશે તો મને સાથે લઈ જવા તૈયાર નહીં જ થાય એટલે મેં ખાલી ટપકું મૂકેલું.

એ સાંજે રાહુલ આવ્યો ત્યારે એ કાંઈ કહે એની વાટ જોયા સિવાય મેં એને કહ્યુંઃ 'હવે શરૂ કર તારી વાતનો બીજો હપ્તો. આજે તો મારે બધું જાણવું છે કે આ બધું શું છે? મારે એ ખાસ જાણવું છે કે તું કશું ખોટું તો નથી કરતો ને!'

'જો તું મારો મિત્ર છે એટલે હું કશું ખોટું કરતો હોઉં તો તારે ત્યાં તો ન જ આવું. જો આ મારું કાર્ડ. મેં જે સંસ્થાની વાત કરી હતી તે અખિલ ભારતીય પરિવારનો હું સ્થાપનાથી આજ સુધી પ્રમુખ રહેલો છું. દિલ્હી જેવી અજાણી જગ્યાએ અને આવી પ્રતિષ્ઠિત સંસ્થામાં મને આટલાં વરસ સુધી આવો મુખ્ય હોદ્દો મળતો હશે તો હું એવું કામ પણ કરતો જ હોઈશ ને!' એણે મને એ ના કહ્યું કે એ સંસ્થા એના દિમાગની જ પેદાશ હતી અને એ સૌથી પહેલો સભ્ય અને સ્થાપક પ્રમુખ થઈ બેઠેલો હતો અને આજ સુધી ચાલુ રહેલો હતો. જો કે પાછળથી મોડે મોડે મને એ વાતની ખબર પડવાની હતી.

'તારી એ વાત મને સમજાય છે પણ તું કહે છે કે તારી આ અખિલ ભારતીય પરિવાર બધી રીતે તપાસ કરીને યોગ્ય વ્યકિતને આવા ઍવોર્ડ આપો છો. તો મને કહે કે આ બે દિવસમાં જેણે તમારો આ ઍવોર્ડ સ્વીકારવાની હા પાડી તેનામાં તને એવી કઈ વિશિષ્ઠ લાયકાત જણાઈ?' મેં જાણે એની ઊલટ તપાસ લેતો હોઉં એમ પૂછયું.

'એમાં ઘણાં બધાં પાસાંનો વિચાર કરવાનો હોય છે. સૌ પ્રથમ તો મેં તારી પાસે બેત્રણ પ્રતિષ્ઠિત વ્યકિતઓનાં નામ માગ્યાં તેમાં સામાન્ય જનતાની નજરે એ માણસની જે છાપ હોય એ જાણવા મળી જાય. પછી હું એમને મળવા ગયો તે પહેલાં મેં બજારમાંય બેચાર જણને પૂછીને એમને વિષે વધારે જાણવા પ્રયત્ન કર્યો. પછી મેં મારી હેડ ઑફિસે ફોન કરીને આ ત્રણેય વિષે કોમ્પ્યુટરમાંથી માહિતી કઢાવીને જાણી લીધી ને મુલાકાત વખતે એમની પૂછપરછ કરતાં એ માહિતીની સત્યતા અંગે ચકાસણી પણ કરી લીધી.'

'તારી આ કોમ્પ્યુટરની વાતમાં મને કશી ખબર પડતી નથી પણ મને ચોકકસ લાગે છે કે આ ત્રણેમાંથી કોઈનીય કશી માહિતી એમાં નહીં હોય. તું મને આમ ઊંઠાં ભણાવવાનું છોડી દે ને સીધેસીધી વાત કર.'

'ત્યાં જ તારી ભૂલ થાય છે, દોસ્ત. અત્યારે ગામડાના અંધારિયા ઘરના ખૂણામાં ભરાઈ બેઠેલા કોઈનીય કશીય વાત છૂપી નથી રહેતી. લાખો એવા ખણખોદિયા અત્યારે આગળ પડતા માણસોની રજેરજની માહિતી ખાનગી રાહે એકત્રીત કરતા હોય છે ને ઈન્ટરનેટને વેચતા હોય છે ને એ માહિતી અમારા જેવા લાખો લોકો ને સંસ્થાઓ કિંમત આપીને કોમ્પ્યુટરવાળા પાસેથી મેળવતા હોય છે. તારે વિષે અત્યારે કદાચ કોમ્પ્યુટરમાં કશી માહિતી નહીં હોય પણ જો તું એક વખત પંચાયતમાં ચૂંટાઈ જાય તો તે જ દિવસથી તારી આખી જનમપત્રી એમાં આવી જ ગઈ સમજ.'

મને એની વાતમાં બહુ સમજણ ન પડી પણ એની વાતોમાંથી મારા મનમાં એમ લાગવા માંડ્યું કે એવોએ કહેતો હતો એમાં કશુંક અજુગતું જરૂર હતું.

'જો મને તારી વાતમાં કશી સમજણ પડતી નથી પણ કશું ખોટું હોય તો મહેરબાની કરીને મને એમાં ન સંડોવતો.'

'તું નાનપણમાં હતો એવો જ બીકણ રહ્યો. તું એમ કર જ્યારે ભાનુ મેઘજીને ઍવોર્ડ અર્પણ કરાય ત્યારે તું દિલ્હી આવ. હું તને આમંત્રણ મોકલી આપીશ ને તારા દિલ્હી જવા આવવાના ભાડાના પૈસા પણ. એક વખત તું જો તો ખરો કે અમારી આ સંસ્થા કેવી છે ને કેવા કેવા લોકો એ સમારંભમાં આવે છે!' ત્યારે જ મને ખબર પડી કે ભાનુભાઈ મેઘજીની એણે ઍવોર્ડ માટે પસંદગી કરી હતી.

એ બીજા બે દિવસ મારે ત્યાં રહ્યો. એ સમય દરમિયાન એ ગામમાં એકલો જ ઘુમતો રહ્યો. મેં જે ત્રણ નામ આપ્યાં હતાં એમાંથી અક ભાનુ મેઘજી જ એમને ઍવોર્ડ આપવા યોગ્ય લાગ્યા હતા એમ એની વાત પરથી મને જાણવા મળ્યું હતું.

પછી ત્રીજે દિવસે મને દિલ્હી આવવાની ખાસ ભલામણ કરતાં એ દિલ્હી ચાલ્યો ગયો.

એ વાતને પંદરેક દિવસ થયા હશે ને એક દિવસ સવારના પહોરમાં જ ભાનુભાઈ મેઘજી મારે ત્યાં આવ્યા. તેમને જોતાં જ હું બોલી ઊઠયોઃ 'આપે અહીં સુધી આવવાની તસ્દી શા માટે લીધી! આપે મને કહાવ્યું હોત તો હું જ તમારે ત્યાં આવી ગયો હોત.'

'એવું હોત તો તને બોલાવત, તું ક્યાં કોઈ પારકો છે! પણ આજે કામ જ એવું છે કે મારે જ આવવું પડે.'

'ચાલો એ બહાનેય મારું આંગણું પાવન થયું. કહો મારે લાયક શી સેવા છે?'

'વાત જાણે એમ છે કે પેલો તારો દોસ્ત રાહુલ ખરો ને તે એ દિલ્હીમાં બહુ સારું કામ કરે છે. તે એમના અખિલ ભારતીય પરિવાર તરફથી મને ઍવોર્ડ આપવા માગે છે. મેં તો એને ઘણી ના કહી તોય કહે કે હું જો એ સંસ્થાનો પ્રમુખ હોઉં ને મારા જ શહેરના વડીલની આવી સેવાકીય પ્રવૃત્તિને બિરદાવવાની તક જતી કરું તો મારા જેવો બીજો મૂરખ કોણ. છેવટે મારે હા ભણવી જ પડી.'

'એણે મને વાત કરી હતી.' મેં મોઘમ કહ્યું.

'હવે એનો આ કાગળ આવ્યો છે. એ કહે છે કે એમની પાસે મારા વિષે ઘણી માહિતી છે પણ મારા નાનપણની અને સામાજિક સંબંધોની માહિતી તો ન હોય ને! એટલે મારે મારો સંપૂર્ણ પરિચય એને એક અઠવાડિયામાં મોકલી આપવાનો છે. એ દિવસે જેટલા આવા નામાંકીત લોકોને આ ઍવોર્ડ આપવાના છે એ બધાના ફોટા સાથેના પરિચયનો એક ગ્રંથ પણ એ લોકો છપાવવાના છે.'

'એણે તો મનેય દિલ્હી આ સમારંભમાં હાજર રહેવાનું આમંત્રણ આપ્યું છે પણ છેક દિલ્હી સુધી જવામાં મારું મન માનતું નથી.' મેં કહ્યું.

'અરે, દિલ્હી કાંઈ દૂર છે? અત્યારે તો રાતે બેસીએ તો સવારમાં તો દિલ્હી પહોંચી જવાય છે. તને જો ખર્ચની ચિંતા હોય તો જા હું મારા ભેગી તારીય ટિકીટ કઢાવી લઈશ, બસ? તારે મારી સાથે આવવાનું છે જ.' હવે મારાથી છટકવું હોય તોય છટકી શકાય તેવું ન હતું.

'ખર્ચની તો કશી ફીકર નથી પણ—' મેં કહેવા કર્યું.

'એ વાત પતી ગઈ, હુ તારી ટિકીટ કઢાવી લઈશ. તું તારી કપડાંની બેગ તૈયાર કરી રાખજે. હવે કામની વાત કરું. મને આવું પરિચય જેવું લખવાનું ફાવે નહીં. એટલે એ તારે લખી આપવાનો છે. તું પેપરમાં લેખો લખે છે એટલે તને ફાવશે. તું તો મને વર્ષોથી જાણે છે એટલે તને મારા વિષે કશું અજાણ્યું તો નથી જ. છતાં આ કાગળમાં મારી કારકીર્દી અંગે મને યાદ આવ્યાં એવાં પોઈન્ટ તો મેં ટપકાવી રાખ્યાં છે. છતાંય જ્યાં તને સમજણ ન પડે કે વધારે ચોખવટ કરવા જેવી લાગે ત્યારે તારે મારી ઑફિસે આવી જવું.'

મારે એ જવાબદારી સ્વીકારવી જ પડે તેમ હતી એટલે મેં હા ભણી એટલે ભાનુભાઈ ગયા ને મેં એમના પરિચય વિષે વિચારવા માંડ્યું. મને લાગ્યું કે આ સેવામૂર્તિનો ઍવોર્ડ તો ભાનુભાઈની કારકીર્દીને અનુરૂપ છે પણ જો મોઘીબેન એમના ઍવોર્ડ માટે લાયક ઠર્યાં હોત તો એમને માટે સેવામૂર્તિનો ઍવોર્ડ બરાબર ન લેખાત. પણ એ તો મને દિલ્હી ગયા પછી જ સમજાયું કે મોઘીબેન જો લાયક ઠર્યાં હોત તો એમને માટે શિક્ષણભારતી ઍવોર્ડ તૈયાર જ હતો. અને દિલ્હીમાં જ મને ખબર પડી કે એવા તો બીજા અનેક ઍવોર્ડ એ લોકો આપતા હતા. ને કોઈ નવા ક્ષેત્રની વ્યકિતને ઍવોર્ડ આપવાનો થાય તો એને માટે નવા નામનો ઍવોર્ડ શરૂ કરવાની તેમની તેયારી પણ હતી.

પણ એ વાત તો પછીની હાલ તો મારે ભાનુભાઈનો સર્વાંગી, પ્રશંસનીય ને પ્રેરણાદાઈ પરિચય લખી આપવાનો હતો. ભાનુભાઈના મારા પર ઘણા ઉપકાર હતા. હું જ્યારે નોકરી માટે વલખાં મારતો હતો ત્યારે એમણે મને સામેથી બોલાવીને સરકારી ખાતામાં સારી જગ્યા પર ગોઠવાવી દીધો હતો. આ સિવાય પણ મારે જ્યારે પણ એમની મદદની જરૂર પડી ત્યારે એમણે મને પોતાનો ગણીને મદદ કરી હતી. એટલે જ્યારે એમણે મને કોઈ કામ સોંપ્યું હોય ત્યારે એને પૂરો ન્યાય આપવાની મારી ફરજ બની રહેતી હતી એટલે હું તરત જ એ કામમાં મચી પડ્યો.

હું જાણે રંગપૂરણીની હરીફાઈમાં બેઠો હોઉં એમ મેં એમનો રંગબેરંગી પરિચય લખવા માંડ્યો. એમણે આપેલી અને એ વિસરી ગયા હોય એવી નાનીનાની વિગતોય મેં ચોટદાર શૈલીમાં અંદર ઉમેરી. પાછું આખું લખાણ વાંચ્યું, સુધાર્યું, ફરીથી વાંચ્યું ફરીથી સુધાર્યું ને એમાં પાછી રંગપૂરણી કરી. પછી જ્યારે મને પૂરો સંતોષ થયો ત્યારે એ લઈને હું ભાનુભાઈની ઑફિસે ગયો. મેં જાતે જ એ આખો મુસદ્દો મારાથી થઈ શકે એવી ચોટદાર છટાથી એમને વાંચી સંભળાવ્યો.

ને મને ખાતરી હતી એવો જ પ્રતિભાવ એમના તરફથી મળ્યો. 'મને લાગતું હતું જ કે તારા જેવું અસરકારક કોઈ ના લખી શકે. એકબે મહત્ત્વના પ્રસંગો અંદર સમાવવા રહી ગયા છે. મને ટાંચણ કરતી વખતે એ યાદ જ ન આવ્યા. હું સ્વાતંત્ર્ય સેનાની છું એ તો આપણે લખ્યું પણ મારે જેલમાં કેમ જવું પડેલું એ પણ જાણવા જેવો પ્રસંગ છે.

'૪૨માં એક રાતે મેં વાવ બજારની પોલીસ ચોકી પર ચૂપકીદીથી ત્રિરંગો લહેરાવેલો. બીજે દિવસે બપોર સુધી કોઈ પોલીસવાળાની નજર એના પર પડી જ ન હતી. ત્યાં સાંજના તાલુકેથી ડી.એસ.પી. આવી પહોંચ્યા. એમની નજરે આ હરકત પકડાઈ ગઈ.

'એમણે બધા પોલીસવાળાને ખખડાવી નાખ્યા ને ગુનેગારને વહેલી તકે પકડી લાવવાની તાકીદ કરી. મેં આ વાત જાણી એટલે હું જાતે જ વગર બોલાવ્યે પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયો. મેં કહ્યું: પોલીસોને દબડાવવાની જરૂર નથી. રાતના અંધારામાં મેં જ એ ત્રિરંગો લહેરાવ્યો છે.

'હું અહિંસાને રંગે રંગાયેલો હતો પણ પેલો અધિકારી તો અંગ્રેજ સરકારનો નોકર જ હતો ને એણે અહિંસાની કંઠી ક્યાં બાંધી હતી? એમણે મને વગર દયાએ સારી પેઠે હલકો કર્યો. એમના એક એક ફટકા વખતે મેં એક જ સ્લોગન દોહરાવ્યા કર્યું: 'જય હિંદ.'

'પછી?'

'પછી શું? દસ દિવસ પછી મારો કેસ ચાલ્યો તેમાં આ ત્રિરંગો લહેરાવ્યાની સાથે છ મહિના પહેલાં કોઈએ પોલીસ સ્ટેશનની બારીઓના કાચ તોડી નાખેલા એય ગુનો મારે માથે ઠોકી બેસાડ્યો ને મને દોઢ વરસની ઠોકી દીધી.'

મને થયું કે આ તો મુખ્ય ગણાય તેવો પ્રસંગ હતો. મેં જૂના લખાણમાં થોડી કાપકૂપ કરી અને આ પ્રસંગમાં નવાં રૂપ-રંગ પૂરી ચોટદાર શૈલીમાં અંદર સમાવી લીધો. ને ભાનુભાઈએ પોતાના ફોટા સાથે એ પરિચય દિલ્હી મોકલી આપ્યો.

પણ પાઘડીનો વળ છેડે નીકળે તેમ મને આ આખી કુટીલ યોજનાની જાણ અનાયસે થઈ ગઈ. વાત એમ થઈ કે નાનાભાઈ બજારમાં મળી ગયા. મારી દિલ્હી જવાની વાત જાણી એમણે કહ્યું: 'એ રાહુલ તમારો દોસ્ત છે પણ મને એની દાનત સાફ લાગી નહીં. એણે મનેય પહેલાં તો ઍવોર્ડ આપવાની વાત કરી કોણીએ ગોળ લગાડ્યો હતો. પછી હું તૈયાર થયો ત્યાં કહે: તમારે એક વસ્તુ કરવી પડશે, આ ઍવોર્ડ અખિલ ભારતીય પરિવારના સભ્ય હોય એમને જ આપી શકાય એવો નિયમ છે એટલે તમારે એનું સભ્યપદ મેળવી લેવું પડશે. તમે મારા શહેરના જ છો એટલે હું પાછલી તારીખથી તમને સભ્યપદ મળી જાય એવી વ્યવસ્થા કરી દઈશ.'

'પછી?'

'મેં કહ્યું એનો વાંધો નહીં, હું સભ્ય બની જઈશ. કેટલી સભ્ય ફી ભરવાની છે? તો એ કહે: એમાં બે જાતનાં સભ્યપદ છે. સામાન્ય આજીવન સભ્યપદ માટે રૂ. પચાસ હજાર અને મુરબ્બી વર્ગ માટે રૂ. એક લાખ છે. તમારે જે પ્રકારનું સભ્યપદ લેવું હોય એ તમારી મરજી પર છે.

'સભ્યપદની આવી મોટી રકમ સાંભળીને મને એમાં કશુંક રંધાતું હોવાની ગંધ આવી ગઈ એટલે મેં સ્પષ્ટ નામરજી બતાવી. પછી તો એણે બેત્રણ દિવસ આંટા ખાધા ને મને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ હું નમકકર જ ગયો. વળી એ નાલાયક તો એટલો કે મારી પાસે શિક્ષણ કે કોઈ બીજા ક્ષેત્રના પ્રતિષ્ઠિત માણસોનાં નામ પણ માગવા માંડ્યો એટલે મને એની વાતમાં કોઈ ષડયંત્ર હોવામાં કશી શંકા જ ન રહી. પણ ભાનુભાઈ એની વાતોમાં આવી ગયા હતા એ મને પછી જાણવા મળ્યું.'

સમારંભને આગલે દિવસે જ અમે દિલ્હી જવા ઊપડી ગયા. રાહુલે મને કહ્યા મુજબ આમંત્રણ મોકલી આપ્યું હતું. ટિકીટના પૈસા મોકલવાનું એ ભૂલી ગયો લાગતો હતો. ભાનુભાઈએ પોતાના સાથી કાર્યકરોમાંથી બે જણને પોતાની સાથે લીધા હતા. દિલ્હી જતાં ટ્રેનમાં મને ભાનુભાઈ સાથેની વાતચીતમાં જાણવા મળ્યું કે આવા વધારાના માણસોના રહેવાખાવાના ખર્ચ પેટે દરેક વ્યકિત દીઠ રૂ. પાંચસો ભાનુભાઈએ ચૂકવવાના હતા. એટલે મેં એમને કહ્યું કે મારે તો રાહુલનું અલગ આમંત્રણ છે એટલે મારા ખર્ચના એમણે ચૂકવવાની જરૂર નથી, એ રાહુલ ચૂકવવાનો છે.

અમારે માટે રાહુલની એ સંસ્થાએ હૉટેલમાં બે રૂમો રખાવી હતી. અમે નાહીધોઈ દિલ્હીમાં ઘૂમ્યા. રાહુલ તો આજે વરનો બાપ હતો. એ ભાગ્યે જ અમને પાંચેક મિનિટ માટે મળ્યો હશે. પણ એની વાત પરથી મને એટલું તો જાણવા મળ્યું કે આ સમારંભમાં બધા મળીને સત્તાવીસ જણને જુદા જુદા ઍવોર્ડ આપવાના હતા.

બીજે દિવસે એક વિશાળ હૉલમાં ભવ્ય સમારંભ કરવામાં આવ્યો. સભામાં સંસ્થાનો પરિચય એના મંત્રીએ આપ્યો એ પણ એવો તો ભભકાદાર હતો કે કોઈને તો એમ જ લાગે કે દેશમાં રાષ્ટ્રપતિને હસ્તે જે પદ્મભુષણ ઍવર્ડ આપવામાં આવે છે તેના કરતાંય એમના આ ઍવોર્ડ વધારે માનભર્યા હશે.

મારા ભાગે રાહુલ સાથેની દોસ્તીને દાવે શ્રી ભાનુભાઈનો પરિચય રજૂ કરવાનું આવ્યું. બીજા પણ બેચારના પરિચય જુદા જુદા વકતાઓએ આપ્યા. બાકીના ઍવોર્ડ વિજેતાના ટૂંકા પરિચય સંસ્થાના મંત્રીએ આપ્યા. ને દિલ્હીના મેયરને હસ્તે આ સત્તાવીસ જણને શાલ ઓઢાડાવી અને ભભકદાર ઍવોર્ડ અર્પણ કરાવવામાં આવ્યા.

જ્યારે કોઈનો પરિચય આપવામાં આવતો કે કોઈને ઍવોર્ડ આપવામાં આવતો ત્યારે જેટલા શ્રોતાઓ સભામાં હતા તેના કરતાંય વધારે તળીઓના ગડગડાટ થતા હતા. મને લાગ્યું કે માઈકવાળાની જ કોઈ કરામત હશે.

કેટલાય ફોટોગ્રાફરો ફોટા પાડી રહ્યા હતા. એમાં કેટલાક તો ટીવી વાળાય હતા. મને થયું કે ભભકો કરવામાં રાહુલ એન્ડ પાર્ટીએ જરાય કચાશ છોડી ન હતી. સમારંભને અંતે ભોજનની વ્યવસ્થા હતી તે પણ એવી જ ઉમદા હતી. સભામાં તાળીઓ પાડવા જે મેદની એકઠી થઈ હતી તે પણ મને લાગ્યું કે આ ભોજનની લાલચ આપીને કે આવા કોઈ કોન્ટ્રાકટરને ઑર્ડર આપીને ભાડેથી બોલાવવામાં આવી હશે.

મેં મનમાં હિસાબ માંડ્યો કે આ ઍવોર્ડ વિજેતાના ઓછામાંઓછા સાડા તેર લાખની આવક સામે આ સંસ્થાને બધો મળીને બે લાખનો ખર્ચ થયો હોય તોય એમનો ધંધો મોટા નફાવાળો હતો. મને વધારે ખણખોદ કરતાં જાણવા મળ્યું હતું કે સંસ્થાનો મુખ્ય સંચાલક રાહુલ જ હતો ને મંત્રી ને ખજાનચી ને બીજા બધા પગારદાર હતા કે પછી નાની મોટી લાલચથી રાહુલની સાથે જોડાયેલા હતા.

જો કે પાછળથી મને ખબર પડી કે રાહુલની આ પેઢીમાંના કહેવાતા હોદ્દેદારો તો આ પેઢીના કમીશન એજન્ટો જ હતા. એમને રાહુલ એક સામાન્ય સભ્ય બનાવી લાવે એના પર એને પાંચ હજાર રૂપિયા અને મુરબ્બી વર્ગના સભ્ય કરી લાવે તેના પર દસ હજાર કમીશન આપતો હતો. જ્યારે આવા પચીસથી ત્રીસ નવા સભ્યો થાય ત્યારે આવો ઍવોર્ડ વિતરણનો જલસો કરવામાં આવતો હતો.

ભાનુભાઈ અને એમના જે સાથીદારો સમારંભમાં આવ્યા હતા એમને સાચી વાતની કયાં ખબર હતી? એ તો એટલા બધા અંજાઈ ગયા હતા કે શહેરમાં ગયા પછી કેટલાય દિવસો સુધી જ્યાં ને ત્યાં એની જ વાતો કર્યા કરતા હતા ને! ને ભાનુભાઈને આવો માનભર્યો ઍવોર્ડ મળ્યો એ માટે કેટલીય સંસ્થાઓએય નાના મોટા સત્કાર સમારંભ રાખી શ્રી ભાનુભાઈને શાલ ઓઢાડવાની ને સત્કારવાની હોડ બકી હતી ને! એમાંના કોઈનેય પડદા પાછળની સાચી વાતની કયાં ખબર હતી!

ને ભાનુભાઈના આગ્રહથી મારેય આવા સત્કાર સમારંભોના સાક્ષી બનવું પડતું હતું. અરે, કેટલીક સભાઓમાં તો મારે માથે ભાનુભાઈનો મેં લખેલો પેલો પરિચયપત્ર વાંચવાનું આવતું હતું. ગમે તેમ પણ રાહુલની આ સ્કીમથી આવા અનેક ભાનુભાઈઓની પ્રતિષ્ઠાનો આંક સાચી વાત ન જાણતા સામાન્ય લોકોના માનસમાં વધુ માનભર્યો બની રહ્યો હશે એ નિર્વિવાદ છે. ને આવું સાચું જાણનાર કેટલા?

ચાલો રાહુલને આવા ભાનુભાઈઓ મળતા રહેશે ત્યાં સુધી રાહુલનાં પાંચેય આંગળાં ઘીમાં છે. હા, જ્યાં સુધી એ ઘી ઉકળે અને આંગળાં દાઝી ન જાય ત્યાં સુધી તો ખરાં જ.

ભાનુભાઈના એ ઍવોર્ડ પછી મને રાહુલ ફરીથી મળ્યો નથી. જો કે એ તો સમજી શકાય તેવી વાત છે. કદાચ એય સમજી ગયો હશે કે હું એના આ કરતૂતને જાણી ગયો છું. ને એમ તો ભાનુભાઈ અને એમના જેવા આવા ઍવોર્ડ મેળવનારા બીજા પણ મનમાં તો જાણી જ ગયેલા છે ને!

તમારામાંથી કોઈને આવો ઍવોર્ડ મેળવવાની ઈચ્છા થાય તો મને કહેજો. રાહુલ ભલે મને મળતો ન હોય પણ એનું સરનામું મારી પાસે છે જ. ને તડાકો પડતો હોય તો રાહુલ પણ દોડ્યો આવવા તૈયાર જ બેઠો હશે એની મને ગળા સુધી ખાતરી છે.

અનુક્રમ ►

# ૩. સેલ ફોન

સેલ ફોનનું રમકડું આજે તો દુનિભરમાં એટલું જાણીતું થઈ ગયું છે કે ન ધારતા હો એવી જગાએથી પણ એની ઘંટડી અને ભાત ભાતના રીંગટોન વાગતા સંભળાય. સમયના ચકકરમાં બધાં ધોરણો બદલાયા કરે છે જ ને! કોઈ સન્યાસી પાસે રીવૉલ્વરનું લાયસન્સ હોય તો કોઈ આદિવાસીના છાપરામાં સેલ ફોન કેમ ન હોઈ શકે? વળી રીવોલ્વર હોય તો એને સંતાડીને રાખવી પડે. ને કોઈ જુએ કે જાણે નહીં તો એનું મહત્ત્વ પણ શું? જ્યારે સેલ ફોન હોય તો કાયમ હાથમાં લઈને ફરી શકાય અને એનાથી વટ પણ પડે.

સેલ ફોનની શરૂઆત અમેરિકાથી થઈ હશે એમ માનવાને સબળ કારણ છે. અમેરિકાને નામો ટૂંકાં કરી નાખવાની બહુ ખરાબ આદત છે. ઘણી વખત એ નામમાંના એકબે અક્ષરો ઓછા કરીને માર્ગારેટનું મેગી કે ડેવીડનું ડેવ કરે એ તો સમજ્યા પણ રૉબર્ટનું બૉબ કે વિલિયમનું બીલ કરે ત્યારે કશું ધડમાથું સમજાય ખરું? આપણા દેશના કેટલા જાણતા હશે કે બીલ કલીન્ટનનું આખું નામ વિલિયમ જેફર્સન કલીન્ટન છે?

એવું જ આ સેલ ફોનનું છે. આમ તો એ સેટેલાઈટ મારફતે સંદેશાની લેવડદેવડ કરે છે એટલે કોઈ તેને સેટેલાઈટ ફોન પણ સમજાતા હોય તો નવાઈ નહીં પણ લખવાનું થાય તો કેટલાક તેને 'sale fone' લખે તોય નવાઈ પામવા જેવું નથી. હમણાં હમણાંનાં આવા ફોન સેલમાં મળતા થયા છે એટલે સેલમાંથી લવાયેલા ફોન માટે એ સાર્થક પણ ગણાય. જો કે એમાં કશો વાંધોય નથી. આપણે મમ મમમથી કામ છે ટપ ટપથી નહીં.

તમે જ કહો કોઈને સેલ ફોનનો સ્પેલિંગ ન આવડતો હોય એનાથી એના રીસેપ્શનમાં કશો ફેર પડે છે? કે એ હાથમાં રાખીને ફરતા માણસના વટમાં કશો ફેર પડે છે? અરે, એ ફોનનું સીમકાર્ડ મહિના પહેલાં એકસ્પાયર થઈ ગયું હોય કે સેલ ફોનની એ કંપનીનું ઊઠમણું થઈ ગયું હોય તોય પેલાના વટમાં એનાથી કશો ફરક પડે છે ખરો?

અમારા ગામના વસંત પાસે એક આવો ફોન આવ્યો હતો. ગામના કોઈ માનતા ન હતા કે એણે એ ફોન ખરીદ્યો હોય. એની છાપ જ એવી કે એ પચીસ પૈસાનાં બે દાતણ લાવ્યાની વાત કરે તોય કોઈ એની વાત સાચી માને નહીં. હવે આ વસંત ચાર હજારની કિંમતનો સેલ ફોન ખરીદીને લાવ્યો હોય એ વાત ગામમાં કોઈનેય ગળે ઊતરે ખરી?

કોઈને ગળે વાત ઊતરે કે ન ઊતરે પણ વસંત કાયમ હાથમાં એ રૂપકડો ફોન રાખીને વટમાં ફરતો હતો એ તો બધાને દેખાતું જ હતું ને! ને ખાલી વટ મારવા જ હાથમાં રાખતો હતો એમ પણ નહીં. જ્યાં એને આ ફોન મારફતે સેવા કરવાની તક મળતી કે એ ફોન સેવા કરતાં અચકાતો ન હતો.

હજુ ગઈ કાલની વાત તાજી જ છે. અમારા ગામમાં આવતી એસ. ટી.ની બસ પંદર મિનિટ મોડી પડી હતી ત્યાં તો એણે ડેપોમાં ફોન કરી મેનેજરને ખખડાવી નાખ્યો. ને પછી અમને કહેઃ 'હમણાં જ બસ રવાના કરાવી છે.' ત્યાં એક દોસ્ત સ્કૂટર લઈને નીકળ્યો એટલે એ એની સાથે બેસીને જતો રહ્યો.

અલબત્ત અટધા કલાકમાં બસ આવી ગઈ એટલે અમને થયું કે એણે ફોન કરવાનો ખર્ચ કર્યો એના બદલામાં પેલાના સ્કૂટર પર જઈને બસ ભાડાના બે રૂપિયા બચાવી લીધા પણ અમને બધાને રાહ જોતા ઊભા રહેવામાંથી બચાવી લીધા.

એના દોસ્તો તો એને પગથી માથા સુધી ઓળખી ગયેલા જ હોય ને! છતાં એક દિવસ એના દોસ્ત રમણે નોકરી પર મોડું થવાનું હશે એની જાણ કરવા એની પાસે ફોન માગ્યો તો વસંત કહેઃ 'સિગ્નલ પકડાતું નથી. આજે સવારથી જ એવું થવા માંડ્યું છે.' એમ કહેતાં એણે જેમ બંધ પડેલા ઘડિયાળને હલાવીને એ ચાલે છે કે કેમ એ જાણવા લોકો કાન નજીક ધરે છે એમ એના સેલ ફોનને હલાવીને કાન પાસે ધર્યો, જાણે એને હલાવવાથી સિગ્નલ આવી જવાનો ન હોય! પેલો દોસ્ત સાચી વાત સમજી ગયો ને બીજે દિવસે અમે બધાય એના ફોનની સાચી વાત સમજી ગયા. એનો એ ફોન ચાલુ ન હતો પણ વસંત તો ચાલુ જ હતો. એટલે હજુય વસંત તો ફોન લઈને એવા જ વટથી ગામમાં ફર્યા કરે છે.

શરૂમાં આપણા દેશમાં કોઈની પાસે ફોન હોય એ સ્ટેટસની નિશાની ગણાતી હશે કદાચ, પણ હવે એવું કશું રહ્યું નથી. બધા સેલ ફોનને ઓળખી ગયા છે. કોઈ એનાથી અંજાતું નથી. બધા જાણે છે કે હવે તો એ ફોન એટલા સસ્તા થઈ ગયા છે કે હાથલારીવાળા ને શાકભાજીવાળાય એ રાખતા થઈ ગયા છે. કેટલાક જરૂરિયાત માટે રાખે છે તો કેટલાક વટ મારવાય રાખે છે.

તમને ખબર છે કે નહીં એની મને જાણ નથી પણ મને તો કેટલાય સમયથી ખાતરી થઈ ગઈ છે કે હવે

એ સેલ ફોનનાં વળતાં પાણી થવા માંડ્યાં છે. બધેથી સેલ ફોન હવે અળખામણો થવા માંડ્યો છે. સૌથી પહેલાં એ એર લાઈનની આંખમાં ખૂંચ્યો. એમણે પ્લેન ઊપડે ત્યારથી પ્લેન નીચે ઊતરે ત્યા સુધી સેલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો. એમણે બચાવમાં કહેવા માંડ્યું કે ટાવર કંટ્રોલ સાથે પાયલોટનો સંપર્ક વાયરલેસ સિગ્નલ પર જ ચાલતો હોય છે એટલે મુસાફરોના ફોન એમાં ગરબડ ઊભી કરે છે.

જો કે ઊંડું વિચારતાં મને એમની વાતમાં સત્યનો કાંઈક અંશ જણાય છે. એમને પ્લેન ઉપાડવામાં, ઉડાડવામાં, ઉતારવામાં ને કયારેક અથડાવવામાં નીચેના કંટ્રોલ ટાવરની સાથે વાત કરવી પડતી હશે એટલે એમણે આવો નિયમ કર્યો હશે. વળી કયારેક પ્લેન હાઈજૅક થાય ત્યારે પેસેન્જરો સેલ ફોન પર એનો નજરે જોયો અહેવાલ પોતાનાં ઘરવાળાંને કે કોઈ મીડિયાવાળાને આપે તો કેવી હલચલ મચી જાય? ને મીડિયાવાળાથી તો આજે કોણ નથી ડરતું?

વળી પેલા હાઈજૅકરો પોતાના સેલ ફોન પર ગેરકાયદે જે વાત કરતા હોય એમાં પણ તકલીફ થાય કે નહીં? ગમે કે ન ગમે તોય એ ટિકીટ લઈને બેઠેલા મારા તમારા જેવા મુસાફર તો ખરા જ ને! પછી ઍરલાઈનવાળાએ એમની એટલી સગવડ તો સાચવવી જ જોઈએ ને!

મારા ઘરમાં ત્રણ સેલ ફોન છે. એક પર મારો દીકરો એના સ્ટોરના માણસ સાથે વાત કરતો હોય છે ત્યારે એની પત્ની કોઈ બેનપણી સાથે બીગ બઝારમાં મુકાયેલા સેલની વાત કરતી હોય છે તે જ વખતે મારાં પત્ની એમની કોઈ બેનપણી સાથે આવતે મહિને અગિયારસનો લોપ છે એની વાત કરતાં હોય છે. ને હું મારા લેપ ટોપ કૉમ્પ્યુટર પર ટકોરા મારી કશુંક નવું લખવાની મથામણ કરતો હોઉં છું. છતાં આ ત્રણેય લાઇનો કયારેય અથડાઈને ગરબડ નથી કરતી કે મારા લખવામાં કશી ગરબડ કરતી નથી તો પછી આ એરલાઈનની જ કેમ? પણ કોઈ એમાં વાંધો નથી ઉઠાવતું. બધાને જીવ વહાલો છે.

આ ઍર લાઈનોનું જોઈને સરકારી ઑફિસવાળાનેય ચમક ઊપડી. એમણેય એક એક ઑફિસમાં ચાર ચાર પાટિયાં લગાવી દીધાં કે ઑફિસમાં સેલ ફોન બંધ રાખવા. મને યાદ નથી કે સરકારે કોઈ ઑફિસ કર્મીને સેલ ફોનનું આ રમકડું આપ્યું હોય. વળી સરકારી ઑફિસોમાંના સરકારી ફોન પણ મોટાભાગનો સમય જ્યાં સ્ટાફના માણસોના અંગત કામે વપરાતા હોય કે એ ફોન બાકીનો સમય મોટેભાગે ક્રેડલ પરથી નીચે મૂકી રાખવાનો સિરસ્તો હોય ત્યાં સરકાર એમને સેલ ફોન જેવું મોઘું રમકડું આપે ખરી? પણ વટ પાડવા એમણેય સેલ ફોન બંધનાં પાટિયાં મૂકી દીધાં છે ને મારા તમારા જેવા ગરજવાળા માણસો એ પાટિયાંને માન આપે છે પણ ખરા.

આટલું બધું થાય ત્યાં ટ્રાફીકવાળા શા માટે પાછળ રહે? એમેરિકાવાળાએ કાર ચલાવતા હો ત્યારે ફોન પર વાત કરવા પર કાયદાથી રોક લગાવવા માંડી છે. પણ એવું બધું તો અમેરિકામાં ચાલે અહીં નહીં. આપણેય દેખાદેખીમાં એવો કાયદો તો કર્યો છે પણ એનો અમલ કરાવવાની વ્યવસ્થા હજુ વિચારવાની છે. જો એ કાયદાનો કડકાઈ પૂર્વક અમલ કરાવવાની કમત સરકારને સૂઝે તો જેમ હેલ્મેટમાં થયાં હતાં એમ પોલીસવાળાને બખ્ખાં થઈ જાય એ ખરું.

આ બધું જોઈને હાઈસ્કૂલવાળાને પણ ચમક ઊપડી. તેમણેય વિદ્યાર્થીઓને ફોન લઈ આવતા બંધ કરાવી દીધા. આમાં તો મને ફક્ત અદેખાઈ જ લાગે છે. શિક્ષકો એમની કરકસરની આદતને કારણે ફોન ન વસાવી શકતા હોય અને વિદ્યાર્થીઓ ફોન લઈને ફરે તો શિક્ષકોને બાપડાને તો શરમાઈ મરવાનું જ થાય ને! વળી કેટલાક દાકતરોએ તો કેટલાક દવાવાળાઓએ પણ આવાં પાટિયાં લગાવ્યાં છે ને!

અરે હમણાં હું વાળ કપાવવા ગયો ત્યાં હેર કટિંગ સલૂનમાં પણ સેલ ફોન બંધ રાખવાનું પાટિયું મારેલું હતું. મને થયું કે એની કાતરની ચકચીંકમાં એનાથી વિક્ષેપ પડતો હશે. પણ ઊંડું વિચારતાં મને સાચી વાત સમજાઈ. વાળંદને ત્યા લાંબી લાઈનમાં કોઈ વાટ જોતો માણસ બેઠો હોય અને ઘેરથી ફોન આવે ને પેલો માણસ લાઈન છોડીને ઘર તરફ ચાલવા માંડે તો વાળંદને તો એક ઘરાક જાય જ ને?

હા, હજુ ડીપાર્ટમેન્ટ સ્ટોરવાળાઓએ સેલ ફોન બંધ રાખવા માટે કશી સૂચનાઓ મૂકી નથી ને મને ગળા સુધી ખાતરી છે કે એ મૂકશે પણ નહીં. એની સામે મારા જેવા સમજુ ગ્રાહકો સેલ ફોન બંધ કરીને જ આવા સ્ટોરમાં પેસતા હોય છે. આ શોપિંગ દરમિયાન જો ઘેરથી ફોન આવે ને હું ભૂલથી રીસીવ કરી લઉં તો આ રીસેશનના વખતમાં મારી તો માઠી જ બેસે ને!

જો આ ફોનમાં એકાદ કીલો શકભાજી કે બ્રેડનું પેકેટ મંગાવે તો તેને તો હું પહોંચી વળું પણ એ એમને માટે લેપટોપ કે ફેમિલી રૂમ માટે નવા સોફાનો ઑર્ડર આપતા આવવાનું કહે તો તમે જ કહો મારી શું દશા થાય? એ એમની કટેલીક બેનપણીઓની વાદે હમણાંનાં કોમ્પ્યુટર પર ટકોરા મારવાને રવાડે ચઢ્યાં છે એટલે મારા ગભરાટમાં બમણો ઉમેરો થઈ ગયો છે.

હમણાંનો મને એક નવો વિચાર આવે છે કે હું મારો સેલફોન કયાંક સંતાડી દઉં ને એ ચોરાઈ ગયાની

વાત મારાં પત્નીને કરું. પછી નવો ફોન ખરીદવાના અખાડા કર્યા કરું. પણ મારા ઘરમાં એમની ચકોર અને ચારે ખૂણે ફરતી રહેતી નજરથી કોઈ ચીજ સંતાડી શકાય એવી કોઈ જગ્યા જ નથી. ને હું ઘેર રહીને જ કામ કરું છું એટલે ઑફિસમાં ફોન સંતાડવાની વાત જ નથી એટલે હું લાચાર બની જાઉં છું. એના કરતાં આ સેલફોન કોઈને સેલ કરી દઈ મારી આ પનોતી એને માથે મારી દઉં તો? પણ મારાથી એમાંનું કાંઈ થઈ શકે તેમ જ નથી એની મને ખાતરી છે.

હવે હું માનતો થયો છું કે સરકાર ધૂમ્રપાનની જેમ સેલફોન પણ જાહેરમાં ન વાપરી શકાય એવો કાયદો કરે તો પછી મારા જેવાને કશી અગવડ ન રહે ને પછી કોઈનેય સેલફોનની જરૂર જ ક્યાં રહે!

અનુક્રમ ►

# ૪. લગનનો જાન અમેરિકામાં

તમે એમ તો નથી માનતા ને કે અમેરિકામાં આપણા લોકો ચર્ચમાં જઈને પાદરીની સામે ઊભા રહીને 'આઈ ડુ' કહીને લગન પતાવી દેતા હશે! ના હોં અહીંય લગ્ન તો અમે બધા ભભકાથી જ ઉજવીએ છીએ. લો હમણાં જ હું એક લગ્ન મહાલી આવ્યો તેની વાત કરું.

અમારા એક દોસ્તના દીકરાનાં લગ્ન હતાં. ન્યૂ યોર્કથી કેલીફોર્નિયા જાન જોડવાની હતી. હવે તો જાન દેશમાંય કયાં ગાડામાં જાય છે? ને અમે તો હતા અમેરિકામાં. વળી પાછું જવાનું પણ છેક કોલીફોર્નિયા. મુંબઈથી આફ્રિકા જઈએ એટલે દૂર.એટલે અમે લગભગ પચાસ માણસો પ્લેનમાં જાન જોડીને કેલીફોર્નિયા પહોંચ્યા.

જાનના ને નોતરના માણસો માટે એક હોટેલમાં ત્રીસ જેટલી રૂમો રાખવામાં આવી હતી ત્યાં પહોંચી અમે પોતપોતાની રૂમમાં ઠરીઠામ થયા. પછી મહેમાનગતિ માણતાં હોટેલમાં છાંટોપાણી ને સાથે કાચો કોરો નાસ્તો પતાવ્યો. બૈરાંનો તો તમને અનુભવ છે જ ને! એમણે રાતના ગરબામાં જવાની તૈયારી સાંજના ચાર વાગ્યાથી શરૂ કરી દીધી હતી. મને લાગતું હતું કે રાતના આઠ વાગ્યા પહેલાં તો મોટા ભાગનાં બૈરાં તૈયાર થઈ ગયાં હશે.

એમાં બૈરાં એકલાં જ શા માટે! પુરુષોય ઠાઠ કરવામાં પાછા પડે તેવા ન હતા. કેટલાક મારા જેવા ટ્રેડીશનલ સ્યુટમાં સજ્જ થયા તો કેટલાકે લેંઘા કુરતા ચડાવ્યા તો કેટલાકે જોધપુરી ચડાવ્યાં. કેટલાંક જોડાં તો ઘેરથી જ ડાંડિયાની જોડ લઈ આવેલાં હતાં એમણે જાણે હોટેલમાં જ રાસ રમવાનાં હોય એમ ડાંડિયા લઈને આમતેમ ઘૂમવા માંડ્યું. હોટેલના ડેસ્ક પર બેઠેલી ગોરી યુવતીઓ આ બધી નવાઈ કુતૂહલભરી નજરે જોઈ રહી હતી.

ગરબામાં વર, કન્યા ને એમનાં દોસ્ત એવાં ગોરાં યુવક યુવતિયોય આવ્યાં હતાં. કેટલીક ગોરી યુવતિયો તો સાડી અને પંજાબી ડ્રેસ પહેરીને પણ આવી હતી. ગુજરાતીઓ માટે એમ કહેવાય છે કે એ લોકો ફકત મરણ જેવા પ્રસંગને બાદ કરતાં બધા જ અવસરમાં રાસ અને ગરબા કરતાં જ હોય છે. એમાં અમેરિકાના ગુજરાતીઓ પાછળ પડે તેવા ન હતા.

રાસ રમતાં કેટલાં અજાણ્યાંના હાથમાં કે કપાળે ડાંડિયા વાગ્યા એની તો કોણે ગણતરી કરી છે પણ એવાં વધારે નહીં તોય દસ પંદર જણ તો હશે જ. ગરબામાં રસ ન હોય એવાં જણ માટે પીવાની ખાનગી વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી.

અમેરિકામાં આવી પીવાની ને નૉનવેજ ખાવાની વ્યવસ્થા દેશની જેમ ખાનગી રાખવાની નથી હોતી પણ ગરબા માટે જે હૉલ રાખેલો એ સ્કૂલનો હૉલ હતો અને સ્કૂલ સાથેના કરારમાં સ્કૂલના એ આખા કંપાઉન્ડમાં આલ્કોહોલની પરવાનગી ન હતી. આને માટે એક વેનમાં બેત્રણ કૂલરમાં આવાં પીણાં રાખીને એક કામચાઉ બાર જેવી છૂપી વ્યવસ્થા ઊભી કરી દેવામાં આવી હતી ને એના રસિયા એવા જાણીતા લોકોને આયોજકો પેલી વાન તરફ મોકલી આપતા પણ હતા.

□

વિધિ અને લગ્ન અને રીસેપ્શન માટે જે હૉલ બુક કરાવ્યો હતો ત્યાં એવી બંધી ન હતી પણ એ દિવસ રવિવારનો હતો અને એ કાઉન્ટીમાં રવિવારે આલ્કોહોલ વેચવાની કે જાહેર જગાએ પિરસવાની બંધી હતી એટલે ત્યાં પણ સાવચેતીભરી આવી અતિ ખાનગી વ્યવસ્થા રાખવામાં આવી હતી. હૉલના પાછળના ભાગમાં જ આ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અને બધા પીવાવાળાને બહાર હાથમાં ગ્લાસ લઈને હૉલમાં ન જવા સૂચના આપી દેવામાં પણ આવી હતી. બઈટીંગમાં આવી બંધી ન હતી પણ ડ્રીંક એક જગ્યાએ લેવાનું ને બાઈટીંગ બીજે હોય એ કેમ ચાલે? કેટલાક હાથમાં પ્યાલી લઈને હૉલમાં જવા માંડ્યા એટલે કન્યાના બાપે પેલી પીવાની વેન પાસે જ બાઈટીંગની વ્યવસ્થા કરવી પડી.

ઓટલે સુધી તો બધું બરાબર ચાલ્યા કર્યું. લગ્ન માટે વરઘોડો કાઢીને વર તોરણે લાવવાની ગોઠવણ કરવામાં આવી હતી. વરના બાપને ને એના દોસ્તોને વરને બગીમાં બેસાડીને ભભકો કરવો હતો. એમાંના એક વગવાળા દોસ્તે બગી અને ઘોડાની વ્યવસ્થા માથે લીધી હતી. એણે બગી માટે ખાસ લાગવગ લગાડીને એક ફિલ્મ સ્ટુડિયોના સેટ પ્રોવાયડર પાસેથી બગી મંગાવી હતી ને એક હોર્સ ફાર્મના ઓળખીતાને સાધીને બે સફેદ ઘોડાની પણ વ્યવસ્થા કરી દીધી હતી.

પણ જ્યારે બગી આવી ત્યારે બધા વિચારમાં પડી ગયા. પેલા પરદેશી માણસને આપણા દેશી વરઘોડાની કયાંથી ખબર હોય? એ તો બેનહરમાં હતી એવી બગી લઈ આવેલો. એમાં જ્યાં વરને બેસવાની જ

સીટ ન હતી ત્યાં વરની પાછળ એની બહેનોને બેસવાની તો વાત જ શી? પણ વરઘોડો કાઢવામાં પૂરા પાંચ કલાકની વાર હતી એટલે પેલા માણસે એમાં સુધારા કરી આપવાની જવાબદારી લીધી ને પ્લાનિંગ શરૂ થયું.

થોડી જ વારમાં એક હાર્ડવેર સ્ટોરમાંથી એક પીકઅપમાં જરૂરી માલસામાન આવી ગયો. બે કારીગરો કામે લાગી ગયા. એમણે વરને બેસવા માટેની તો ગાદીવાળી સીટ બનાવી દીધી પણ એમાં વરની બહેનો માટે પૂરતી જગ્યા ન હતી. છેવટે બધાની દોરવણી મુજબ વરની સીટની પાછળ બગીની બહાર ત્રણ જણ બેસી શકે એવી એક ગાદી અને ટેકાવાળી થોડી ઊંચી બેઠક તૈયાર થઈ ગઈ. અમે બધા આ તૈયાર થઈ રહેલી બગીમાં સલાહ સૂચનો આપ્યા જ કરતા હતા ને પેલા કારીગરોય કાંઈક કરી બતાવવાની ધૂનમાં અમારા કહ્યા મુજબ બગીને ઓપ આપી રહ્યા હતા.

બગી તૈયાર થઈ પણ આ વધારાને રંગી શકાય અને રંગ સૂકાય એટલો વખત ન હતો એટલે ગોલ્ડન અને સીલ્વર પ્લાસ્ટીક ફોઈલથી બગીને કલાત્મક રીતે શણગારીને એ વધારાને ઢાંકવામાં આવ્યો. જ્યારે બગી તૈયાર થઈ ત્યારે બધાને લાગ્યું કે દેશમાં ભાડાની બગીઓ મળે છે એ તો આની સામે ડમણિયા જેવી લાગે. છતાંય જ્યારે એને તાજાં ફૂલોથી શણગારવામાં આવી ત્યારે તો બધા હર્ષથી ઝૂમી જ ઊઠ્યા.

ને ઘોડા પણ એવા જ હતા. પૂરા છ ફીટ ઊંચા ને જાણે આરસપાણમાંથી બનાવ્યા હોય એવા ઉજળા સફેદ. વર પણ આવા ઘોડાને લાયક જ હતો. એય પૂરો છ ફીટ ઊંચો, ધોળિયાના ટોળામાં પેસી જાય તો એમનાથી જરાય જુદો ન પડે એવો ઉજળો અને પૂરો છ મણનો (૧૨૦ કીલોનો).

અ જ્યારે બગીમાં બેઠો ત્યારે જાણે બગીય ધ્રૂજી ગઈ હોય એમ લાગ્યું. પછી ત્રણને બદલે સંકડાઈને કાકા-મામાની મળીને ચાર બહેનોય પાછળની પાટલી પર બેસી ગઈ. દેશમાં વરને ઉઘલાવતી વખતે બહેનો લૂણ ઉતારતી હોય છે પણ અમે પરદેશમાં વરઘોડો કાઢતા નથી એટલે વર તોરણે જાય ત્યારે બહેનોને લૂણ ઉતારવાનો મોકો આપવાનો રિવાજ શરૂ કર્યો છે. એટલે બહેનોએ વારાફરતી લૂણ ઉતારવા માંડી.

આગળ બેન્ડ વાજાંને બદલે એક પીકઅપમાં ડીજે અને સ્ટીરિયો વાગવા માંડ્યું. એની પાછળ રાસ ગરબાનાં રસિયાં બહેનો પહોંચી ગયાં. એમને તો જાણે અત્યારથી જ ગરબા કરવા હોય એમ એ ડીજેવાળાને પોતાની ફરમાઈસ આપવા માંડી હતી.

અમારું સાજન માજન થોડું ચાલ્યું હશે ને જુવાનિયા ડીસ્કો કરવા માંડ્યા. આ ડીસ્કોમાં તો દેશમાંય શું કે પરદેશમાંય શું! બેય હાથ ઊંચા કરીને કુદવાનું ને પીધેલો દારૂ પચાવવાનો.

બૈરાં કહેઃ 'મૂકો તમારું આ ડીસ્કો ને અમને ગરબા કરવા દો.' પણ જ્યાં સુધી વરરાજા ડીસ્કોમાં ન નાચે ત્યાં સુધી પેલા માને ખરા? બેચાર જણા ઊપડ્યા વરને ઉપાડી લાવવા. એકલદોકલ માણસનું તો કામ જ ન હતું વરને ઉંચકી લાવવાનું. એમણે તાણ કરીને વરને બગીમાંથી ખેંચી પાડ્યો ને બધાએ ભેગા મળીને એને ઉપાડ્યો ને લઈ ચાલ્યા ડીસ્કો કરાવવા.

ને બગીની મૂળ કાયાના ભાગમાંથી મોટું વજનિયું હઠી જતાં બગી સ્હેજ પાછળની બાજુ પર ઉલળી. એક તો ઘોડાની ઊંચાઈને કારણે બગી પાછળ નમતી તો હતી જ તેમાં વરનું વજન હઠી જતાં બગી પાછળની બાજુ પર વધારે નમી એટલે ઘોડાની ડોક પર જે કાંઠલો ભરાવેલો એ વધુ ભીડાયો. ઘોડાને ગળે યાણ આવ્યું ને બેય ઘોડા આગલા પગે અધ્ધર થઈ ગયા.

ઘોડાના ચાલકે ઘોડાને કાબુમાં લેવા લાખ પ્રયત્ન કર્યા પણ વિફરેલા ઘોડાએ એને મચક ન આપી ને બગી એટલી ઉલળી કે વરની ચારેય બહેનો ગોટમડાં ખાઈને બગીની પાછળ રોડ પર ઢગલો થઈ ગઈ. વરને ઉપાડીને જતા એના દોસ્તોએ આ જોતાં ગભરાઈને વરને છોડી પેલી છોકરીઓને બચાવવા દોટ દીધી. એટલે વર પણ રોડ પર પટકાયો. એનો ફેંટો કયાંય ઊડી પડ્યો. લૂગડાં ખંખેરતો એ ઊભો થવા ગયો ત્યાં સામેથી ધસી આવતા લોકોની અડફેટે ચઢી એ ફરીથી રોડ પર પડ્યો, કચડાયોય ખરો.

આ બધી બૂમરાણ અને દોડાદોડીથી ઘોડા વધારે ભડકયા અને ચાલકના હાથમાંથી લગામ છોડાવી સીધા ભાગ્યા બૈરાંના ટોળાની સામે. ચીસાચીસ કરતાં બૈરાંએ જીવ બચાવવા દોડાદોડ કરી મૂકી. એમની વચમાંથી ભાગતા ઘોડા ને પાછળ બેફામ ખેંચાતી આવતી બગી. કેટલાંય બૈરાં ને છોકરીઓ એની અડફેટમાં આવી ગયાં. કોઈને લમણે ઢીમું થયું તો કોઈના ઢીંચણ છોલાયા તો કોઈની કોણી છોલાઈ. તો શારીરિક હાનીથી બચી ગયેલી કેટલીક સ્ત્રીઓ પોતાની મોઘી સાડીઓ કે ડ્રેસની હાલત પર વલોપાત કરવા માંડી. જ્યાંને ત્યાં ડાંડિયા ને ચપ્પલ વેરાયેલાં હતાં. એવું લાગતું હતું કે ઘડી પહેલાં વાવાઝોડું આવી ગયું ન હોય!

ત્યાં તો ટેં ટેં કરતી બે પોલીસ કાર આવી પહોંચી. પાછળ જ એમ્બ્યુઅન્સ. મહેમાનોના ઓળામાંના એક દાકતરે ઘવાયેલી છોકરીઓની પ્રથમિક તપાસ કરી લીધી હતી એણે એમ્બ્યુઅન્સના સ્ટાફ સાથે વાતચીત કરી લીધી. ગરબાની રસિયણ બહેનોમાંથી પણ કેટલીકને વધુ સારવારની જરૂર હોઈ બીજી એમ્બ્યુઅન્સ મંગાવીને બધાંને હૉસ્પિટલ ભેગાં તો કર્યાં ત્યાં એક પોલીસવાળાનો પગ એક ડાંડિયા પર પડ્યો ને રોલર-સ્કેટિંગ

કરતો હોય એમ એ ચત્તાપાટ પડ્યો. એક તો ભારે શરીર અને નીચે ડામરની સડક. મોટો ધબાકો થયો. હસવું ખાળી રાખવાના ઘણા પ્રયત્ન છતાં કેટલાક હસી પડ્યા.

થોડી શરમની ભાવના સાથે પેલો ઊભો થયો. એણે ડાંડિયો ઊપાડ્યો અને એને ધ્યાનથી જોવા માંડ્યો. ત્યાં એક જણ્યો ડાડિયાની જોડ હાથમાં લઈ એને ડાંડિયા રાસનું વિજ્ઞાન સમજાવવા લાગ્યો. ત્યાં પેલા પોલીસની નજર અધખુલા વેન પર પડી અને એની ચકોર નજરે અંદરની બાર જેવી વ્યવસ્થા પિછાણી લીધી. એણે એ તરફ જવા માંડ્યું કેટલાક તેને સમજાવવા તેની પાછળ ગયા. એમણે પેલાને સમજાવવા પ્રયત્ન કર્યો કે એ વેન લગ્નમાં આવેલા એક મહેમાનની હતી. તે લગ્નમાંથી બારોબાર બીચ પર જવાનો કાર્યક્રમ કરીને નીકળ્યો હતો એટલે એણે વેનમાં બધું ગોઠવી રાખ્યું હતું.

પણ એમની વાતમાં આવી જાય એટલો પેલૌ પોલીસવાળો બુધ્ધુ ન હતો. એ સાચી વાત સમજી ગયો અને બીજી પોલીસની ગાડી બોલાવી. દેશની જેમ અહીં કોઈ તોડ કરવાની વ્યવસ્થા ન હતી બાકી અમારી પાસે એ લાઈનન જાણકાર માણસો ઘણા હતા. વરના બાપને એક તો પેલાં ઘવાયેલાંની ચિંતા તો માતે હતી તેમાં નવી ઉમેરાઈ.

□

આ તરફ પેલી બગી હોલના ગેઈટની બહાર ભાગી હતી એ ડવિાઈડેડ રોડ પર રોંગ સાઈડે ચઢી ગઈ હતી. બેફામ દોડતા ઘોડા અને પાછળ આડી પડી ગયેલી ને ઘસડાતી આવતી બગી. એ બગી ઘોડાના પગમાં ભટકાતી હતી એટલે ઘોડા વધારે બેફામ થઈ દોડતા હતા. સામેથી આવતી એક કાર રોડના સોલ્ડર પર ચઢી ગઈ એટલે બચી ગઈ પણ એક બાઈકને તો આ ઘોડાએ હડફેટે લઈ જ લીધો.

સામેથી આવી એક પોલીસ કારે વચમાં કાર આડી કરીને ઊભી કરી દીધી. ઘોડાની ઝડપ અને પાછળ ખેંચાતી આવતી બગી જોતાં એણે કારની બહાર નીકળી જવામાં જ પોતાની સલામતિ જોઈ.

લગ્ન એક બાજુ પર રહ્યાં ને વરના બાપને, બગીના ને ઘોડાના માલિકને ને પેલા વેનવાળાને દોડાદોડી થઈ પડી. માંડ સંજના પાંચ વાગ્યે અમારો વરઘોડો પોલીસ સ્ટેશનેથી નીકળ્યો. હોસ્પિટલેથી પણ ઘવાયેલાં ને નહીં ઘવાયેલાં પણ ઘવાયેલી સાથે ગયેલાંનો વરઘોડો પણ આવી ગયો ને અમે જેમતેમ લગ્ન પતાવી દીધાં.

અનુક્રમ ►

# ૫. અમારી ગામપંચાયત

અમારું ગામ ભાદરિયું આમ તો બહુ નાનું પણ આજુબાજુનાં ગામનું બજાર અમારા ગામે વરસોથી ભરાય એટલે અમારા ગામના લોકો મારા ભૈ ખાતાપીતા ખરા. જેવું નાનું ભાદરિયું એવી જ નાની એની પંચાયત. પણ નાનકડા ગામની આ નાનકડી પંચાયતમાંય ચૂંટણી વખતે બે તડાં પડી જાય. એક બાજુ ગામના મોટેરા હોય અને સામી બાજુએ જુવાન વર્ગ. પણ મોટા ભાગના લોકોની એક માન્યતા એવી કે છોકરાંએ છાશ ન પીવાય, એટલે પંચાયતમાં મોટા ભાગના સભ્યો કાયમ મોટી ઉંમરના જ ચૂંટાય અને એમાંથી જ એક સરપંચ થાય એટલો અમને સંતોષ. તોય સાત માણસની અમારી પંચાયતમાં એક બે તો જુવાનિયા ચુંટાઈ જ જાય. પણ અમને અમારી બહુમતીથી સંતોષ થઈ જાય.

આ ચૂંટાયેલા સભ્યોમાંથી સરપંચના જૂથવાળા માણસોમાંથી બે જણાને નાની મોટી સમિતીઓમાં મંત્રી બનાવી દેવાય પછી બધું રાગે પડી જાય. પછી પાંચ વરસે બીજી ચૂંટણી આવે ત્યારની વાત ત્યારે. પેલા જુવાનિયાઓ થોડા દિવસ વિરોધ પક્ષના નેતાઓની જેમ જ્યાં ત્યાં વિરોધ કર્યા કરે પછી એય સમજી જાય કે એમનું કશું ઉપજવાનું નથી પછી એય ઢીલા પડી જાય કે પછી પંચાયતની મીટીંગોમાં આવતા બંધ થઈ જાય. જેમ દેશની પાર્લામેન્ટમાં થાય છે એવું જ. કહેવાય છે કે ગામપંચાયત એ દેશની પાર્લામેન્ટનું નાનું સ્વરૂપ છે એ સાચી વાત છે. અમારી આ પંચાયત બધી વાતે પાર્લામેન્ટને મળતી આવે છે. કદાચ બધી ગામ પંચાયતોય આવી જ હશે.

અમારું ગામ ભલે નાનું હોય પણ એ આખા ગામનો વહીવટ કરવા માટે ગામની પંચાયતમાં નાનીમોટી બેત્રણ સમિતીઓની રચના તો કરવી જ પડે ને! આવો હું તમને અમારા ગામની આ અનોખી અને અનોખી કામગરી બજાવતી સમિતીઓની માહિતી આપી દઉં.

પંચાયતમાં એક સમિતી દીવાબત્તીની હોય. એગિયારસોની વસ્તીવાળા અમારા ગામે પહેલાં તો ટમટમિયા દીવાવાળાં પાંચ પાંજરાં મૂકેલાં પણ દર નવી ચૂંટણીએ એકબે બીજા ફળિયાના મોટેરા ચૂંટાય એટલે એ ચૂંટાયેલા સભ્ય બીજું કાંઈ ન કરે તો ભલે પણ એમના ફળિયાને નાકે અથવા એમના ઘર પાસે એકએક બત્તી તો મૂકાવી જ દે ને! એમ બત્તીઓ વધતી રહેલી એટલે અત્યારે આમારા ભાદરિયામાં બાર આવી બત્તીઓ હતી.

હવે આ સમિતીમાં ચૂંટાવામાં એક ફાયદો હતો. આ દીવાઓમાં પૂરવાનું કેરોસિન આવે એ જ દિવસે એમાંનું બધું દીવાબત્તી સમિતીના મંત્રીને ત્યાં પહોંચી જાય. એમાંથી રોજ પટાવાળો એક ડોલમાં ફગફગિયા દીવામાં પૂરવાનું કેરોસિન કાઢીને દીવાબત્તીઓમાં ભરે. થોડું પોતાને ત્યાંય પહોંચતું કરે.

ને મંત્રીને ત્યાં તો કેરોસિનની અછત જ કયાંથી રહે? ભલે આવો મહત્ત્વનો હોદ્દો સંભાળતા હોવા છતાં એમને કોઈ માનદ ભથ્થું સરકાર ન આપતી હોય છતાં મંત્રી આટલો અમથો લાભ તો પોતાની રીતે મેળવી જ લે ને! ગામલોકોની નજરે આ વાત આવ્યા વગર રહે ખરી! લોકો વતો કરે ને શાંત થઈ જાય. પણ આગુસે ચલી આતી હૈની જેમ બધું ચાલ્યા કરે. વળી પંચાયતનું મકાન એવું તો ખખડી ગયેલું હતું કે એમાં કેરોસિનના આ ડબ્બા રાખવા એ કોઈને ને ખાસ કરીને મંત્રીને સલામત લાગતું ન હતું.

વળી કોઈ દીવા કાણા થયા હોય કે બગડી ગયા હોય તો આ મંત્રી શહેરમાંથી બીજા લઈ આવે. આમાંનો એકાદ તો એમનું ઘર અજવાળવામાં કામ લાગે તો જે કાણો થઈ ગયાનું કહેવાયું હોય એ દીવો પેલા પટાવાળાના ઘરનું ઘરેણું થઈ જાય. વળી પંચાયતમાં આ શહેરની મુસાફરીનો ને સરપંચના ભાડાનાડાનો ખર્ચોય પડે. ખરું પૂછો તો સરપંચને જ્યારે પોતાના અંગત કામે શહેરમાં જવાનું હોય ત્યારે જ આ પંચાયતના કામનો ફેરો થાય. પેલું કહ્યું છે ને કે ઘા ભેગો ઘસરકો.

પંચાયતનો પટાવાળો દિવસે પંચાયતના ફેરાફાંટા કરે ને સાંજે આ દીવા સળગાવવા નીકળે. એ આઠ વાગ્યાથી દીવા સળગાવવા શરૂ કરે તે છેક નવ વાગ્યે સળગાવી રહે. આખા બારબાર દીવાના કાચ સાફ કરવાના અને એમાં કેરોસિન ભરવાનું વચમાં લોકોની દીવાબત્તી અંગેની ફરિયાદો સાંભળવાની અને એના ખુલાસા કરવાની પછી વાર તો લાગે જ ને! ને રાતના એક દોઢ વાગ્યે તો બધા દીવા હોલવાઈ પણ જાય. આમ છતાં મહિને ત્રણેક ડબ્બા કેરોસિનનો ખર્ચ તો પંચાયતમાં પડે જ.

બીજા નંબરે આવે શિક્ષણ સમિતી. આમાં કશું આર્થિક મળતર નહીં પણ એ પદ માટેય પડાપડી થાય. છેલ્લાં દસેક વરસથી પ્રાથમિક શાળામાં શિક્ષકો કરતાં શિક્ષિકાઓનું પ્રમાણ વધતું જાય છે એમાં અમારા ગામમાં તો ત્રણે ત્રણ શિક્ષિકાઓ જ હોય છે. પછી તમે જ કહો આ સમિતી માટે પડાપડી થાય કે નહીં? અરે જે લોકો આ સમિતીઓમાં ન હોય એવા માણસોય પ્રાથમિક શાળામાં આંટા મારે.

ને અમારા ગામમાં તો બધાની નજર સામે જ દાખલો હતો. ગઈ પંચાયતમાં વખતસિંહ શિક્ષણ સમિતીનો મંત્રી થયેલો. એ ખાસ્સી ઉંમર થયા છતાં પરણવામાંથી રહી ગયેલો. ને મંત્રી થયા પછી પોતાનું ખેતીવાડીનું કામ પડતું મૂકીને ગામની પ્રાથમિક શાળામાં રચ્યો ને પચ્યો રહેલો.

હવે શાળામાં એક વિધવા શિક્ષિકા સમજુબેન. એણે આ બેનમાં રસ લેવા માંડેલો. એ બેન એમના નામ પ્રમાણે સમજુ હતાં તો ખરાં પણ આ વખતસિંહે એમને કેટલીક નવી સમજણ આપેલી. પછી એમને પોતાના ઘરની સાથેનું જ ઘર વગર ભાડે રહેવા પણ આપેલું. એમાં એ બેયની સગવડ સચવાઈ ગયેલી.

વખત જતાં આ બેનને પણ વખતસિંહમાં રસ પડવા માંડેલો. ને વખતસિંહની ટર્મ પૂરી થાય એ પહેલાં તો બેય પરણીય ગયેલાં. હવે તમે જ કહો કે આ સમિતીમાં આવા રહી ગયેલા તો શું પણ પરણી ગયેલા સભ્યોનેય રસ પડે કે નહીં?

પછી આવે ગામ સફાઈ સમિતી. આમાં સીધું રળતર કશું નહીં પણ આ કામ માટે જે હરિજનને રોકયો હોય એની બૈરી વહેવાર સમજીને મંત્રીનાં ઢોરાંનું વાસિદું મફત કાઢી જાય અને વખત છે ને એને એ વહેવારમાં સમજણ ન પડે તો મંત્રી એને એ વહેવારની આડકતરી સમજણ પાડી પણ દે. ને એનો ધણી બધે અઠવાડિયામાં ભલે એક વખત ઝાડું મારતો હોય પણ મંત્રીના ઘરની આસપાસ તો દરરોજ ઝાડું મારી જાય. એય ઓછું વળતર તો ન જ કહેવાય ને! આમ થવાથી મંત્રીનાં પાડોસીએ ખુશ અને મંત્રી પણ ખુશ.

પછી આવે વન અને ગોચર સમિતી. આ સમિતીની રચના હજુ આ પંચાયતમાં જ કરવી પડી હતી. વાત એમ બનેલી કે આ વખતની પંચાયતમાં જુવાનવર્ગના ત્રણ સભ્યો ચૂંટાઈ આવ્યા હતા અને મોટેરા વર્ગના પણ ત્રણ સભ્યો હતા. એને વધારામાં ચૂંટાઈ આવ્યો હતો ગગનો. ગગનો અનામતની સીટ પરથી ચૂંટાઈ આવ્યો હતો. એ ન તો મોટેરામાંનો એક હતો કે ન તો જુવાન વર્ગમાંનોય એક હતો. પણ એને મોટેરાઓએ ટેકો આપેલો એટલે એનો મત મોટેરા તરફ જ પડે એ દેખીતું હતું.

આ ગગનો કશું ભણેલો નહીં પણ એક હાથલારી રાખતો હતો ને ગામના બજારના નાનામોટા ફેરા કરતો હતો. કોઈનું પારસલ એસ. ટી.માં કે રેલ્વેમાં આવે તો એ શહેરમાં જઈ છોડાવી લાવવાનું ને કોઈને આવું પારસલ મોકલવાનું હોય તો એ બુક કરાવી રસીદ લઈ આવવાનું કામ પણ એ શીખી ગયો હતો. જો કે અમારા ગામમાંથી આવું કામ એને ક્યારેક જ મળતું હતું. છતાં એ વટથી કહી શકતો હતો કે એસ. ટી. કે રેલ્વેમાંથી પારસલ છોડાવી લાવવું કે બુક કરાવી આવવું એ એના જેવા આવડતવાળા સિવાય કોઈને ન આવડે. ટેશન માસ્તર સાથે પણ એને સારી ઓળખાણ છે.

હવે એ આખા બજારમાં જાણીતો ને માનીતો હતો એટલે બજારવાળા મોટેરાઓએ એને ટેકો કરેલો. પણ જ્યારે જુવાન વર્ગના ત્રણ સભ્યો ચૂંટાઈ આવ્યા ત્યારે એમને થયું કે ગગનાને ફોડ્યો હોય તો એમની પંચાયત થઈ શકે તેમ હતી એટલે એમણે આ ગગનાને હાથમાં લેવાનું વિચારેલું. એમણે તો એને એ જે માગે એ સમિતીનો મંત્રી બનાવવાની તેયારીય બતાવેલી.

ગગનાએ આ વાત બજારના એના ટેકેદાર મોટેરાઓને પણ કરેલી. એટલે મોટેરાઓને પણ એને કોઈ મંત્રીપદું આપવાની વાત ના છુટકે કરવી પડેલી. માનો ને કે એમણે ગરજે આ ગધેડાને બાપ કહેવું પડેલું. પણ ગામ પંચાયતમાં ગગનાને મૂકી શકાય એવી કોઈ સમિતી હતી જ કયાં? પંચાયતના મોવડીઓએ માનેલું કે એનોય રસ્તો કરી લેવાશે.

પણ જ્યારે મંત્રીપદાંની ફાળવણી કરવામાં આવી ત્યારે વાંધો પડ્યો. ગગનો કહેઃ 'મારે તો શિક્ષણખાતું જ જોઈએ.' એનેય શાળામાંની શિક્ષિકાઓમાંથી કોઈ મનમાં વસી ગઈ હોય એમ લાગતું હતું. પણ એ સમિતીનો એ એકલો જ ઉમેદવાર કયાં હતો?

સરપંચે ને બીજાએ એને સમજાવવા પ્રયત્ન કર્યો પણ એ માને જ નહીં. છેવટે સરપંચે બહુ વિચારીને એને બીક બતાવીઃ 'શિક્ષણખાતું તારા જેવા અભણ માણસને ક્યારેક તકલીફમાં મૂકી દે તો પછી અમને દોષ ન દેતો. એમાં તાલુકેથી મોટા સાહેબ આવે ને બધા હિસાબ બરાબર ન હોય તો બસો ત્રણસો દંડ પણ ભરવો પડે ને કોઈક સાહેબ વધારે ચિકણો નીકળે તો કોર્ટ કચેરીનો મામલોય થઈ જાય. કયારેક મામલો વણસી જાય તો ઘર વેચ્યેય છૂટકો ન થાય. એના કરતાં તને તારે લાયક ખાતું આપીશું.'

એટલે ગભરાઈને એણે શિક્ષણ સમિતીના મંત્રીપદની વાત પડતી મૂકેલી એટલે એને માટે નવું ખાતું ઊભું કરવામાં આવ્યું હતુંઃ વન અને ગોચર સમિતી. અને એનો પહેલો મંત્રી આ ગગનો. હવે સાચી વાત એવી હતી કે સરપંચ અને એમના બેત્રણ ગોઠિયા સભ્યોએ ખાનગીમાં નક્કી કરી રાખેલું કે ગામના ચરામાં પાંચસો જેટલાં બાવળનાં ને કોઠીનાં ઝાડ હતાં એની સાચવણી માટે એક રખો રાખવો જોઈએ. આમ કરવાથી પંચાયતને વરસે દિવસે વધારે નહીં તોય પાંચેક હજારનો ફાયદો થાય તેમ હતો. જો આવો માણસ બસો ત્રણસોના પગારમાં મળી જાય તો વધારે સારું એવી એમની ગણતરી હતી.

એટલે સરપંચે કહ્યુંઃ 'આપણે ગગનાને વન અને ગોચર સમિતીનો મંત્રી બનાવીએ. આ કામ ખાસ કાળજી અને મહેનતનું છે પણ આપણે એક ચૂંટાએલા મેમ્બર તરીકે ગગનાને પગાર તો ન આપી શકીએ પણ એને મહિને દોઢસો રૂપિયાનું માનદ વેતન આપવાનું નક્કી કરીએ. એટલું જ નહીં પણ આપણે એનો વટ પડે એવાં વરસે બે જોડી કપડાં ને એક જોડી બૂટ પણ બનાવડાવી આપવાં જોઈએ એવું મને ઠીક લાગે છે.'

'તમારી વાત મને મંજૂર છે પણ ગગનો ખંતથી એ કામ કરી શકશે ખરો?' સરપંચના ટેકામાં એમના પેલા સાથી સભ્યો બોલી ઊઠ્યા.

પણ પગાર અને બે વટદાર ડ્રેસની વાતથી ઉત્સાહમાં આવી ગયેલો ગગન કહેઃ 'મને મંત્રી બનાવો એટલે કામમાં કશી કસર નહીં આવે. વહેલા, મોડા ને અચાનક આંટા મારીને બધી ચોરીઓ બંધ કરાવી દઈશ. સીમમાં એવો સોપો પાડી દઈશ કે ગોચરમાંથી કોઈ એક સળીની ચોરી કરતાંય સાત વાર વિચાર કરશે. એવી ધાક જમાવી દઈશ કે લોટે જનારાય ફફડતા રહેશે.'

ને કહેવું પડશે કે ગગનાએ એ કામ બરાબર કરવા પણ માંડેલું. એમાં એને વધારે ફાવટ તો ત્યારે આવી જ્યારે પેલા જુવાનિયા ટોળાના એક જણાએ એને દાતણ કાપતા વાઘરી કે ઢોરાં માટે બાવળીમાંથી પૈડા પાડતા રબારીઓને દબડાવી એમની પાસેથી બેબે રૂપિયાનો લાગો વસૂલ કરવાની રીત શિખવાડી. ને એમાં એને એવી બરકત દેખાઈ કે એણે લારી અડધે ભાગે એક જણને ફેરવવા આપી દીધી ને પોતે પૂરો સમય વન અને ગોચર સમિતીનું કામ કરવામાં મચી પડ્યો.

ને એ વરસે થયું પણ એવું. શિક્ષણ સમિતીનું મંત્રીપદ જેને સોપવામાં આવ્યું હતું એ ગુમાનસંગ એક શિક્ષિકાને અટકચાળું કરવા ગયા ત્યાં પેલીએ એમને લાફો ચોઢી દીધો એટલું જ નહીં પણ તાલુકે જઈ ફરિયાદ પણ લખાવી. છેવટે સરપંચ અને બીજા લાગવગવાળા માણસોએ કેટલીય દોડાદોડી કરી ત્યારે ગુમાનસંગ એમાંથી માંડ બચ્યો.

ગગનાને થયું કે સારું થયું કે પોતે એ સમિતીને બદલે વન સમિતી લીધી. ગુમાનસંગે શિક્ષણ સમિતી લીધી ને હતી એમાં એણે આબરૂય ખોઈ ને પોતાને વટદાર ડ્રેસ, બુટ અને ઉપરથી આવકવાળું માનભર્યું મંત્રી પદ મળ્યું.

તમે એમ તો નથી માનતા ને કે ઉપરની ચાર સમિતીના મંત્રીઓને જ આવું વળતર મળે છે પણ એવું હોય તો બાકીના ઉહાપોહ કર્યા વગર રહે? એમનેય ગામની નાનીમોટી ઉજવણી વખતે ફાયદાકારક કામની સોપણી કરવામાં જ આવે છે. કોઈને સ્વાતંત્ર્યદિનની તો કોઈને પ્રજાસત્તાક દિનની મીઠાઈ લાવવાનું કામ સોપવામાં આવે છે ત્યારે એમને ઘેર છોકરાંને મહિનાભર ઉજાણી થઈ જાય છે.

તો રહી ગયેલા બીજાને નિશાળના વાર્ષિકોત્સવની ઉજવણી વખતે શિક્ષણસમિતીના મંત્રીની મદદમાં મૂકવામાં આવે છે ત્યારે એમને પેલી બહેનોનો સંગ મળે છે ને નાનીમોટી ખરીદીમાંથી થોડી આડી કમાણી પણ થઈ જાય છે. સરપંચ બધાનું ધ્યાન રાખે છે. એમને જો આવતી ચૂંટણીમાં ફરી પાછા સરપંચ થવું હોય તો ધ્યાન તો રાખવું જ પડે ને!

અનુક્રમ ►

# ૬. શહેરી રમણી ફાર્મમાં

અપૂર્વ ડેરી ફાર્મ આજે આનંદમાં નાહી રહ્યું હતું. અપૂર્વ શેઠને આજે આટલે વર્ષે ફાર્મ પર રહેવા આવવાનું સૂઝયું હતું ને તે પણ પોતાની નવપરણિત પત્નીની સાથે. બન્ને આવ્યાં હતાં લગ્નને માંડવેથી સીધાં જ ફાર્મમાં, એટલે એ ફાર્મની દેખરેખ રાખનાર ધનજી પટેલને તો આજે પંડનો દીકરો પરણાવી આવ્યા હોય એટલો આનંદ થઈ ગયો હતો. અપૂર્વ શેઠે પોતે પરણીને સીધા જ  સજોડે આવવાના છે એવું અગાઉથી જણાવેલું નહીં, નહીં તો ધનજી પટેલે તોરણ બાંધીને ફાર્મને શણગાર્યું હોત.

ધનજી પટેલ આમ તો હવે છેલ્લી ઉંમરે પહોંચેલા ગણાય. એમને પંચોતેરમાં ભાગ્યે જ એકાદ વરસ બાકી રહ્યું હશે. અપૂર્વના પિતા વાઘજી પટેલે પચીસેક વરસ પહેલાં આ જમીન ખરીદેલી ને પછી એમાં એક નાનકડું ડેરી ફાર્મ શરૂ કરેલું. પછી તબિયતને કારણે એમને ગામમાં જ રહેવાનું વધું ગોઠયું એટલે ધનજી પટેલને એનો વહીવટ ભળાવી એ ગામમાં જ રહેલા ને ત્યાં જ ગુજરી ગયેલા. પછી ફાર્મ ધનજી પટેલને ગળે પડ્યું તે પડ્યું, આજે વીસ વરસ થયાં એ વાતને.

જેમ ધનજી પટેલ ઘરડા થતા ગયા એમ ફાર્મ પણ ઘરડું થતું ગયું. જુવાનીને અનુરૂપ આ ધંધો પછી વિકસાવે કોણ? જેમ ચાલતું હોય એમ ચાલવા દોનો સિધ્ધંત જેમ અપૂર્વે અપનાવ્યો હાતો એમ ધનજી પટેલના ઘડપણેય અપનાવી લીધેલો એટલે એમાં રોકાણના પ્રમાણમાં લાભ દેખાતો ન હતો.

અપૂર્વને જો એમાં કોઈ રસ હોય તો તે બૅંકનું વ્યાજ ભરાય અને પોતાનું ફાર્મ ઊભું રહે એટલા પૂરતો જ હતો ને? છતાં ના છૂટકે એને બૅંકનાં કાગળિયાં કરવાં પડતાં હતાં એટલે એને આ ફાર્મ વિશે થોડી કહેવા પુરતી જાણકારી હતી ખરી. વળી કોઈ વખત દોસ્તો સાથે બડાઈ મારતાં પોતાના આ સો વીઘાંના ખેતર અને પોતાના નામે ચાલતા અપૂર્વ ડેરી ફાર્મ વિશે વધારીને વાતો કરતો.

અપૂર્વની પત્ની રેખા ભણેલી અને શહેરમાં ઉછરેલી હતી. એને તો આ ફાર્મ વિષે અપૂર્વએ જેટલી વાતો કરેલી એટલી જ ખબર હતી. એને ગામડાની તકલીફો વિષેય કયાં ખબર હતી? એ તો અપૂર્વ પર મોહી પડી હતી ને પરણી ગઈ હતી ને હવે અપૂર્વ ડેરી ફાર્મ પર આવી પહોંચી હતી.

ફાર્મ પર આવ્યા એને બીજે દિવસે એની પત્ની રેખાને ફાર્મના પશુવિભાગ તરફ લઈ ગયો. પશુવિભાગમાં બાર ભેંસો, ચાર પાડીઓ, બે જોડી બળદ અને બે ગાયો હતી. રેખાએ બધું જોઈ એક વખત તો નાક ચડાવ્યું પણ બધું પોતાનું જ છે ને હવે પોતાના રોટલા એમાંથી પેદા કરવાના છે એ યાદ આવતાં એણે બધું રસથી જોવા માંડ્યું.

બધું બતાવીને બહાર નીકળતાં અપૂર્વ કહેઃ 'હું કૃત્રિમ બીજદાનમાં માનું છું અને આ વર્ષથી હું એ મંડળનો સભ્ય પણ થવાનો છું. કૃત્રિમ બીજદાનના કેટલા ફાયદા છે એ તું જાણે તો છક થઈ જાય. એનાથી જે ફાયદો આપણને થાય છે એના કરતાં આવતી પેઢીને વધુ ફાયદો થાય છે.' અપૂર્વ વાંચેલું બધું રેખાને સમજાવતો હતો.

આ કૃત્રિમ બીજદાન એ કયી બલાનું નામ છે એ સમજતાં રેખાને થોડો વખત લાગ્યો પણ જ્યારે એને એનો અર્થ સમજાયો ત્યારે એ અપૂર્વ પર ઊખડી પડીઃ 'તારી મતિ મારી ગઈ છે કે શુ? તું શું બોલે છે એનું તને ભાન છે? જો આવું હતું તો પછી તું મારી સાથે પરણ્યો જ શું કરવા? ને કાલે રાતે તો કેવો--'

રેખાના આ ગુસ્સથી એક વખત તો અપૂર્વ હેબતાઈ જ ગયો. પછી એને સ્હેજ વિચારતાં એનું કારણ સમજાયું ને તે હસી પડ્યો. તેને હસતો જોઈ રેખા વધારે ગુસ્સે થઈ. અપૂર્વ કહેઃ 'મારી વહાલી પત્ની હું તો આ પશુઓ માટેના બીજદાનની વાત કરતો હતો. ચાલ ઘેર હું તને એ વાતની હમણાં જ ખાતરી કરાવી દઉં કે મારો વિચાર આપણી બાબતમાં કેવો છે.' ને શરમાઈ રહેલી રેખા વધુ શરમાઈ ગઈ.

'જો મારે માટે આ બધું નવું છે એટલે આવું તો થવાનું. તારે મને આવું બધું વિગતવાર સમજાવવું કે ફરી આવી ગેરસમજણ ન થાય.' શરમાતાં એણે કહ્યું.

'હા, હવે જ્યારે હું આપણા કૃત્રિમ બીજદાનની વાત કરીશ ત્યારે તને બધું વિગતવાર સમજાવીશ, બસ.' આંખો નચાવતાં અપૂર્વ બોલ્યો ને રેખાએ નજીક પડેલું એક લાકડું ઉપાડ્યું કે એ દૂર સરકી ગયો.

બીજે જ દિવસે આ નવાં શેઠાણીએ જાહેર કર્યું કે બે જ દિવસમાં એ પોતાનું રસોડું ચાલું કરી દેશે ને ધનજી પટેલ રોજ એમને રસોડે જમશે. ધનજી પટેલનો દીકરો નજીકના ગામમાં રહેતો હતો ને કોઈ કારખાનામાં નોકરી કરતો હતો. એટલે એ તો કયાંથી નવરો હોય રોજ બપાનું ભાથું આપવા એને બદલે એની વહુને તાપ કે

વરસાદમાં આવવું પડતું હતું.

એટલે કોઈને જો સૌથી વધુ આનંદ આ વાતથી થયો હોય તો એ ધનજી પટેલના દીકરાની આ વહુને થયો હતો. શેઠાણીની આ જાહેરાતથી એને હૈયે હાશ થઈ હતી ને એણે આ નવાં શેઠાણીને મનમાં જ આશીર્વાદ દીધા હતા. ને આ નવી શેઠાણીનું રસોડું ચાલુ ન થાય ત્યાં સુધી પોતે એમનું ખાવાનું રોજ લઈ આવશે એમ જણાવી દીધું.

ને તમે નહીં માનો પણ બે દિવસમાં રેખાએ નજીકને ગામેથી બધી સામગ્રી મંગાવી દીધી હતી. ને સાફ કરીને નાના મોટા ડબ્બાઓમાં ભરી દઈને ઉપર ચૉકને અભાવે કોલસાથી મસાલાનાં નામ પણ લખી દીધાં હતાં

રસોડું ચાલુ કરવાનો દિવસ આવી ગયો. અત્યાર સુધી એ મસાલા સાફ કરવામાં એટલી વ્યસ્ત હતી કે એણે રસોડામાં ખાસ નજર નાખી ન હતી. એમનું જમવાનું ને ચા-નાસ્તો ધનજી પટેલના દીકરાને ત્યાંથી આવતાં હતાં એટલે એને રસોડામાં નજર કરવાની જરૂર પણ નહીં પડેલી. હા, અપૂર્વએ ફાર્મમાં કામ કરતી એક બાઈને મોકલી આપી હતી એણે ઘર બરાબર સાફ કરીને એને રહેવા લાયક કરી દીધું હતું.

આજે રેખાએ રસોડામાં પેસી સૌથી પહેલાં તો ગેસના ચૂલા માટે તપાસ કરી. પણ ગેસનો ચૂલો હોય તો મળે ને. તેને થયું કે આ તે કેવું રસોડું છે, આમાં ખાવા કરવાનું કેમ ફાવશે? પછી તેણે પ્રાયમસ સ્ટવ માટે નજર દોડાવી. પણ રસોડાના એકેય ખૂણામાં એય જણાયો નહીં. છેવટે એને એક અંધારા ખૂણામાં સંતાઈને પડેલો ચૂલો દેખાયો. એને થયું ચાલો ગેસ લઈ આવીએ ત્યાં સુધી આનાથી કામ ચલાવી લેવું પડશે.

ચૂલો તો જડ્યો પણ તેમાં સળગાવવાનાં લાકડાં ક્યાંય ન દેખાયાં. થોડીવાર તપાસ કર્યા પછી થાકીને એણે ધનજી પટેલને લાકડાં માટે પૂછ્યુંઃ 'કાકા, ચૂલામાં સળગાવવા લાકડાં ક્યાંય દેખાતાં નથી.'

કાકા કહેઃ 'જોઉં કોઈ માણસ આ તરફ આવે તો એની પાસે લાકડાં મંગાવી લઉં છું. પણ મને યાદ છે ત્યાં સુધી પાછળ બારી પાસે થોડાં લાકડાં પડ્યાં હશે. ત્યાં તપાસ કરો જો ના મલે તો હું બીજી વ્યવસ્થા કરું છું.'

'આજનો દિવસ ચાલે એટલાં હશે તો કશો વાંધો નથી, પણ કાલે તો મંગાવી આપજો.' કહેતાં રેખા બારીની પાછળ લાકડાં શોધવા ચાલી. ઘાસમાં સાચવી સાચવીને ચાલીને તે બારી પાસે પહોંચી તો ત્યાં થોડાં લાકડાં પડ્યાં હતાં ખરાં. એક તરફનાં થોડાં ગંદાં ગોભડાવાળાં કે હાથમાં ફાંસ વાગે એવાં લાકડાં જોઈ એણે મોં મચકોડ્યું. પણ બીજી બાજુ છોડાં વગરનાં ને એક સરખાં થોડાં લાકડાં પડ્યાં હતાં એના પર એની નજર બગડી. બધાં લાકડાં લઈ એ રસોડામાં પેઠી. પણ પાછી કમબખ્તી, લાકડાં જેનું નામ સળગવાનું નામ જ ના લે ને! એણે દીવાસળીની અડધી પેટી વાપરી નાખી પછી થાકીને ધનજી પટેલને શરણે ગઈ.

'કાકા, લાકડાં તો મલ્યાં પણ સળગતાં નથી. કશું સાથે સળગાવવા જેવું જોઈશે.' રેખાના મેંશવાળા હાથ ને રાખથી ઢંકાઈ ગયેલા વાળ જોઈ કાકાએ મહાપરાણે હસવું ખાળ્યું.

'ચેતવવા માટે તો ગમાણમાં રાડાં પડ્યાં હશે. આજે મારી ધ્યાન બહાર ગયું. કાલથી તો એકાદી બાઈને ઘરનું કામ કરવાનુંય સોંપી દઈશું એટલે વાંધો નહીં આવે.' ધનજી પટેલે કહ્યું. રેખાને આ ડોસો મધ જેવો મીઠો લાગ્યો. ને ધનજી પટેલ પણ વિચારતા હતા કે આ તો સારું થયું કે શરૂઆત કરવા જેટલાં લાકડાં ઘર પાસેથી મળી આવ્યાં નહીં તો બાઈ, મારે આ ખરા તાપમાં લાકડાંની વ્યવસ્થા કરવા દોડવું પડયું હોત ને?

ધનજી પટેલે એને જે કહેલું એમાંથી એને ગમાણ અને રાડાં એ બે શબ્દો યાદ રહી ગયા હતા. ગમાણ અને રાડાં. પણ એને હજુ ગમાણ કે રાડાં બેમાંથી કોઈ શબ્દનો અર્થ સમજાય કે તેનું સામાન્ય ચિત્ર તેના મગજમાં ઉત્પન્ન થાય એવું થતું ન હતું. ને હવે તો એને એ પણ યાદ ન્હોતું આવતું કે ગમાણમાં રાડાં પડ્યાં હશે એમ કહેલું કે રાડાંમાં ગમાણ પડી હશે એમ એમણે કહેલું.

ને હવે પૂછવા જાય તો એ ડોસાને એમ જ લાગે ને કે આ બાઈએ આટલાં વરસ પાણીમાં જ કાઢ્યાં હશે ને? હવે તો ગમે તેમ થાય પણ એ ગમાણનો અને એ રાડાંનો તાગ લઈને જ રહેવું એમ એણે નકકી કર્યું. એને થયું કે એક વખત રાડાં એની નજરે પડી જશે તો એની અંદર પડેલી ગમાણને તો પોતે તરત જ ઓળખી જશે, પણ એક વખત રાડાં એ કઈ બલાનું નામ છે એની ખબર તો પડે.

છેવટે એની નજર ખૂણામાં પડેલી ભીંડીની ત્રણચાર ઝૂડીઓ પર પડી. એને થયું કે એ જ ગમાણ હોવી જોઈએ ને તેની આસપાસની જ્ગ્યા એ રાડાંના નામથી ઓળખાતી હોવી જોઈએ. ને એણે એ ભીંડીની એક ઝૂડી પેલાં લાકડાં નીચે મૂકીને સળગાવી ને તેને ખાતરી થઈ ગઈ કે એણે રાડાં નામની જ્ગ્યા શોધી કાઢી હતી ને તેમાંથી ગમાણ નામનું બળતણ પણ શોધી કાઢ્યું હતું. અલબત્ત ગમાણનું પ્રમાણ ઓછું હતું એ ધનજી પટેલને કહેવું પડશે.

પણ એને કોણ કહે કે એણે ગાડાનાં આડાં સળગાવી દીધાં હતાં ને જેને એ ગમાણ નામના બળતણથી ઓળખતી હતી એ તો દોરડાં બનાવવા માટેની મોઘા ભાવની ભીંડીની ઝૂડીઓ હતી.

ને પછી થયું રેખાનું અપ્રતિમ રસોઈ કામ. આજે તેનો રસોડાનો પ્રથમ દિવસ હતો એટલે કશુંક ખાસ બનાવીને બધાંનાં મોં મીઠાં કરાવવાની તેની ભાવના હતી. વર્ષો પહેલાં પ્રેમિલાબેનના પાકાશાસ્ત્રની એક વાનગી વિશે એણે વાંચેલું. આજે એ વાનગી એની હડફેટે ચઢી ગઈ. ને એ હતીઃ મકાઈના લોટનો મોહનથાળ. ને તેણે એ વાનગી બનાવવા કમર કસી.

આ સમય દરમિયાન રેખાએ પ્રમિલાબેનના પાકશાસ્ત્રમાંની વાંચેલી વિગતો યાદ કરવાની મથામણ કરી લીધી. તેને એક વાતનો સંતોષ થયો કે આટલે વર્ષેય એને એ આખી જટીલ પ્રક્રિયા બરાબર યાદ રહી હતી. કેટલીક વિગતો ખૂટતી હતી એ તો પોતે પોતાના આટલા વરસના રસોઈના અનુભવને આધારે પૂરી કરી શકે એમ હતી.

પછી એણે મોહનથાળ કેમ બનાવ્યો એની બધી વિગતવાર માહિતી આપી એની આ રજિસ્ટર નહીં કરાવેલી પેટન્ટનો ભંગ કરવા નથી માગતો. પણ એટલું ચોકક્સ કહીશ કે એ જ્યારે તૈયાર થયો ને એક કથરોટમાં એને ઠારવા પાથર્યો ત્યારે રેખાને એક મહાન કાર્ય કર્યાનો સંતોષ થયો હતો. ઠારવા મૂક્યો પછી થોડી વારે એણે આંગળી ખુંપાવી એ જામે છે કે નહીં એ જોવા પ્રયત્ન કરી જોયો હતો ત્યારે એને ખાતરી થઈ ગઈ હતી કે એનો પ્રયોગ સફળ થયો હતો ને એક નવી જ વાનગી આ જંગલમાં પડેલા ગામડાનાં લોકોને પોતે ચખાડવાની હતી. સાંજ સુધીમાં તો પોતે એનાં ચકતાં પાડી  ડબામાં ભરી પણ દેશે.

અપૂર્વ આજે ફાર્મના કામે શહેરમાં ગયો હતો એટલે એના આ કામને બિરદાવનાર કોઈ હતું નહીં પણ સાંજે આવીને એ મોહનથાળ ચાખીને એની બનાવવાની રીત પૂછ્યા વગર નહીં રહે એની તેને ખાતરી હતી. અને એને ગમશે તો પોતે બીજી વખત બનાવતાં કયાં થાકવાની હતી?

ને પૂરા સંતોષ સાથે એ બીજા રસોઈ કામમાં પરોવાઈ. દાળ, ભાત અને શાક તો એનાં રાજિંદાં કામ હતાં એટલે એને એ બનાવતાં બહુ વાર ન લાગી. બધાથી પરવારી એણે પેલા મોહનથાળમાં આંગળી ખુંપાવવાનો પ્ર યત્ન કરી જોયો ને એને સંતોષ થયો કે એ પૂરતો કડક થઈ ગયો હતો. એટલો કડક થઈ ગયો હતો કે એણે જ્યારે એનાં ચકતાં પાડવા પ્રયત્ન કર્યો ત્યારે જ એને ખબર પડી કે એ કામ એની શકિતની બહારનું હતું.

એણે એમાં છરી ખુંપાવવા પ્રયત્ન કર્યો પણ કેમે કરી છરી અંદર ખુંપાવી શકી નહીં. સ્હેજ જોર કર્યા પછી એને લાગ્યું કે છરીની ધાર બરાબર ન હતી. તેણે છરીની ધાર કાઢવા માટે પથરાની શોધ કરવા માંડી. પથરો તો ન મળ્યો પણ ઈંટનો એક ટુકડો એને જડ્યો ખરો. ને એ છરી લઈને એના પર જામી પડી. છેવટે એને લાગ્યું કે એણે છરીની ધાર એવી તેજ કરી હતી કે જો એનો એક ઘસરકો બારણાની સાખ પર કરે તો એનાય બે ટુકડા થઈ જાય. એટલે બારણાની સાખ પર દયા ખાઈને એણે એમ કરવાનો વિચાર મોકૂફ રાખ્યો.

ઈંટના કંકુનો લાલ રંગ એના હાથ અને મોં પર બધે લાગી ગયો હતો. પરસેવો લૂછતાં હાથ પરનો લાલ રંગ મોં પર વધતો જતો હતો. ને હજુ અરીસો ચોઢવાની જગ્યા નકકી કરી શકાઈ ન હતી કે ઘરમાં ખીલી કે હથોડી હોય એવું એની જાણમાં ન હતું, એટલે અરીસો ચોઢાયો ન હતો ને રેખાને પોતાના કંકુરંગ્યા વેશની ખબર ન હતી, એ તો એના કામમાં મચી પડી હતી.

પછી કમર કસી એ યા હોમ કરીને મોહનથાળની કથરોટ પર તૂટી પડી. પહેલાં તો એને એમ હતું કે છરીની ધાર એણે એવી તેજ કરી છે કે એણે ચકતાં પાડતાં ખાસ કાળજી રાખવી પડશે. જો થોડું વધારે દબાણ થઈ જાય તો છરી કદાચ કાથરોટમાં કાણું પાડીને આરપાર નીકળી જશે. એટલે એણે બહુ હળવેથી છરી મોહનથાળમાં અડાડી. કશી અસર ન વર્તાતાં એણે ધીમે ધીમે એના પર વધુ દબાણ કરવા માંડ્યું. એને થયું કે પોતે મોહનથાળ કડક થાય એ બાબતે વધુ ધ્યાન આપ્યું જણાતું હતું.

છેવટે થાકીને એણે પોતાનામાં હતું એટલું જોર છરી પર અજમાવ્યું, ને એક કડાકો થયો. એને થયું કે છરી કથરોટની આરપાર તો નહીં નીકળી ગઈ હોય ને? પણ એણે ધારીને જોયું તો છરીના બે ટુકડા થઈ ગયા હતા. આવી તકલાદી છરી વેચવા માટે એણે દુકાનદારને મનમાં બેચાર ચોપડાવી દીધી અને કોઈ વધુ મજબૂત સાધનની શોધમાં આમ તેમ નજર દોડાવવા માંડી. પણ તેની નજરે એવું કોઈ સાધન પડ્યું નહીં.

એવામાં અપૂર્વ આવી પહોંચ્યો. એણે ભાંગેલી છરીના બે ટુકડા ને કેસરિયાં કરીને રણે ચઢેલી રમણીને જોયાં ને એ હસી પડ્યોઃ 'અરે વાહ, લાલલાલ ગાલ, મેમ સાબ, શો વિચાર છે?' તે બોલી ઊઠ્યો.

હવે રેખાને લાગ્યું કે કશુંક હસવા જેવું એના ચહેરા પર હતું. એણે બેગમાંથી અરીસો કાઢી એમાં પોતાનું મોં જોયું ને એય હસી પડી. એણે ઝડપથી હાથમોં ધોઈ નાખ્યાં ને મોહનથાળ બતાવતાં અપૂર્વને કહેવા લાગીઃ 'એમ બહાદુરી બતાવવાને બદલે મને આ મોહનથાળનાં ચકતાં પાડી આપ. એનાં ચકતાં પાડતાં જો મારી દશા થઈ છે તે. તારી આ તકલાદી છરી તો બાપડી શહીદ થઈ ગઈ.'

'એવાં મર્દાના કામ કરી તારા નાજુક હાથને તસ્દી આપવાની જરૂર શી છે પ્રિયે, આ સેવક પછી શા કામનો છે? આ તાવેથીથી થાય એવું કામ તમે છરીથી પતાવવા જાવ તો પછી છરી શહીદ ન થાય તો બીજું શું

થાય?' એણે હસતાં કહ્યું.

'તો ભલે આ તાવેથી આપું પણ પછી મારી તાવેથી ના તોડી નાખતો પાછો.' કહેતાં રેખાએ એને તાવેથી કાઢી આપી.

અપૂર્વ તાવેથી લઈને મોહનથાળ પાછળ મચી પડ્યો. એણે પણ મોહનથાળની સખ્તતા વિશે બહુ ઊંચો અભિપ્રાય બાંધેલો નહીં એટલે એ ધીમી ગતિના સમાચારની જેમ એની સાથે નાજુકાઈથી વર્તવા ગયો ને સ્હેજવારમાં થાકીને લડાયક જુસ્સામાં આવી ગયો. તાવેથી તેના જુસ્સા અને મોહનથાળના ગજગ્રાહ વચ્ચે બે વખત વળી બે વખત અપૂર્વથી સીધી કરાઈ અને છેવટે એ હારી ને એણે એની કાયાના કટકા કરી નાખ્યા.

અપૂર્વ હતાશાથી અને રેખા ઉપાલંભથી હસી પડ્યાં. તૂટેલી તાવેથીના બે ટુકડા બે હાથમાં લઈ અપૂર્વ પહેલાં તો તાકી રહ્યો પછી કહેઃ 'આવા ધોમ ધખતા ઉનાળામાં આવો કડક મોહનથાળ બનાવવો એ તારી મહાન સિધ્ધિ છે.' પછી જેમ હારેલો જુગારી બમણું રમે એમ હારેલો અપૂર્વ, વિરાટ પર્વના પેલા અર્જુનની જેમ નવાં શસ્ત્રોની શોધમાં ઊપડ્યો અને પોતાના સામાનમાંથી સુથારી કામનાં હથિયારોની પેટી લઈ આવ્યો. એના હાથમાં સુથારી કામનાં હથિયારોની પેટી જોતાં રેખા આનંદમાં આવી ગઈ.

'હવે તો કાં તો એ નહીં કાં તો હું નહીં. હવે એનાં ચકતાં તો શું પણ તું કહે તો રાઈ જેવા કટકા કરી નાખું.' હથિયારોની પેટી બતાવતાં અપૂર્વએ કહ્યું.

'ના રાઈ જેવડા ટુકડા કરવાની જરૂર નથી. ઘરમાં રાઈ તો ઘણી છે. આવાં હથિયાર હોય તો હુંય ચકતાં પાડી નાખું, ના માનતો હોય તો લાવ.' કહેતાં એણે અપૂર્વના હાથમાંથી હથોડી અને ફરસી લઈ લીધાં ને કથરોટ પર જામી પડી. ને ના કહેવા જતો અપૂર્વ પણ તમાસો જોવા એક બાજુ ઊભો રહી ગયો.

રેખાએ ફરસી બરાબર ગોઠવીને તાકીને તેના માથા પર હળવેથી હથોડી મારી. એકવાર, બેવાર, ત્રણવાર. મોહનથાળ ઉપર કશી અસર થતી હોય એમ લાગ્યું નહીં. છેલ્લે રેખા અકળાઈ અને ફરસીના માથાનું નિશાન લઈને હતું એટલું જોર કરીને હથોડી ઝીંકી. પણ હથોડીનેય થયું હશે કે આવા છુંદાયેલા ફરસીના માથાપર માથાં પછાડવા કરતાં રેખાના નાજૂક અંગૂઠાનું નિશાન ખોટું નથી. એટલે એણે અંગૂઠા પર નજર બગાડી ને બીજી જ ક્ષણેઃ 'હાય માડી,' કરીને ચીસ પાડી રેખા ઊભી થઈ ગઈ. ફરસી ને હથોડી ક્યાંય દૂર ઊડી પડ્યાં ને બીજે હાથે અંગૂઠો પકડીને એ ગોળ ફૂદરડી ફરવા લાગી. અપૂર્વને તો હસવું ને હાણ બેય ભેગાં થઈ ગયાં હતાં. એનાથી તો હસવું હોય તોય હસી શકાય એમ ન હતું.

એણે ક્યાંકથી ટીંક્ચર આયોડિનની શીશી શોધી કાઢી ને એને અંગૂઠે લગાવ્યું ને ઉપર રૂ મૂકીને પાટો બાંધી દીધો. કચ્ચર થયું હતું એટલે જેમ વખત જતો જશે એમ દુખાવો ઓછો થતો જશે એમ માની એણે એનું ધ્યાન બીજે વાળવા પ્રયત્ન કર્યો. પણ થોડી વારે અંગૂઠા પર સોજો ચઢી ગયો એટલે એ દોડતી પાછી અપૂર્વ પાસે આવી પહોંચી. અપૂર્વ એ વખતે ધનજી પટેલ પાસે બેઠો હતો. રેખાએ એને અંગૂઠો બતાવતાં કહ્યુંઃ 'જો આ તો કેટલો બધો ફૂલી ગયો? ભાંગી તો નહીં ગયો હોય ને? એટલું બધું દુખે છે, અંદર.'

'તેં આખા દિવસની ચીઢ એક સામટી જ એની ઉપર ઠાલવી દીધી હતી તે બીજું શું થાય? બે દા'ડા દુખશે તો ખરું જ. પણ કશું ભાંગ્યું હોય એમ નથી. ને ધનજીકાકા મારે તમને એક ગૌરવના સમાચાર આપવાના છે. આવા ધોમ ધખતા ઉનાળામાંય રેખાએ મકાઈનો એવો મોહનથાળ બનાવ્યો છે કે ના પૂછો વાત એનાં ચકતાં પાડતાં એક છરી ને એક તાવેથી તૂટી ગયાં.'

'એવું હોય તો ખરેખરનું અચરજ કહેવાય. બાજુના ફાર્મવાળા બેચર પટેલને ત્યાં લગનમાં મોહનથાળ બનાવરાવેલો તે ના ઠર્યો તે ના જ ઠર્યો, કેટલા ઉપાય કર્યા પણ કશી કારી ના ફાવી. છેવટે ચમચે ચમચે પીરસવો પડ્યો હતો ને.'

એનાં આ વખાણને લીધે રેખા અંગૂઠાનું દુખ થોડો વખત વિસરી ગઈ, પણ એ સ્થિતિ લાંબી ન ચાલી. રેખાને પાછો અંગૂઠો સાંભળી આવ્યો. એ ધનજી પટેલ પાસે આવીને બેસી ગઈઃ 'જુવો ને કાકા કાંઈ હાડકું બાડકું તો નહીં ભાંગ્યું હોય ને. બહુ દુખે છે ને સોજોય કેટલો બધો આવી ગયો છે? અને એટલા બધા સણકા મારે છે કે ના પૂછો વાત.'

ધનજી પટેલે એક હાડવૈદની જેમ કાળજીથી એનો અંગૂઠો જોયો ને પછી એને ધીરજ આપતાં કહ્યુંઃ 'બહેન, એવું કશું ચિંતા કરવા જેવું નથી. બે દા'ડા થોડું દુખશે ને પછી ધીમેધીમે ઓછું થઈ જશે. ખાલી કચ્ચર માર જ વાગ્યો છે. પણ સોજો ઊતરી જશે ત્યાં સુધી કળતર તો રહેશે જ.'

ત્યાં અપૂર્વ વચમાં પુરાયોઃ 'કાકા તમે એને આ કહ્યું તે સારું થયું બાકી એ મને આખી રાત અંગૂઠો જ બતાવ્યા કરત.' કહેતાં એણે ધનજીકાકા ન જૂવે તેમ રેખા સામે જોઈ આંખ મીંચકારી લીધી. તો શરમાઈને અંદર ચાલી જતી રેખાએ તેને અત્યારથી જ અંગૂઠો બતાવી દીધો. ને ધનજી પટેલ પણ આ જુવાનિયાંના ઈશારા જોઈ કશું ન સમજ્યાનો ડોળ કરી રહ્યા.

પછી અપૂર્વ હથોડી અને ફરસી લઈને એ મોહનથાળ પર તૂટી પડ્યો. લગભગ બે કલાકને અંતે જ્યારે એણે એ ભગીરથ કાર્ય પૂરું કર્યું ત્યારે ફરસીનો હાથો ચિરાઈ ગયો હતો, હથોડીનો હાથો ભાંગી ગયો હતો ને જેમાં મોહનથાળ ઠારવામાં આવ્યો હતો એ કાથરોટમાં ગણાય નહીં એટલાં ફરસીનાં નિશાન પડ્યાં હતાં ને એક જગ્યાએ તો આંગળી પેસી જાય એવું કાણું પણ પડ્યું હતું.

અને પેલો અડિયલ મોહનથાળ? એની તો વાત જ ન પૂછશો. એના એકેએક ટુકડાનો આકાર અલગઅલગ થઈ ગયો હતો. ને જે ભૂકો થયો હતો તે એટલો બધો હતો કે જો એને એક ડબ્બામાં ભરી દેવામાં આવે તો ઓછામાં ઓછું એક અઠવાડિયું સવારના નાસ્તા માટે ચાલી જાય તેમ હતો એમ અપૂર્વને લાગતું હતું.

મોહનથાળની આ અંતીમ પ્રક્રિયા ચાલતી હતી ત્યારે રેખા પણ અંદર આવી ગઈ હતી અને અંગૂઠો પકડી રાખી અપૂર્વને વિવિધ સૂચનો આપી પોતાનો અમૂલ્ય ફાળો તેમાં આપી રહી હતી. આ કામ પૂરું થયું એટલે ફરસી ને હથોડી બાજુ પર મૂકતાં અપૂર્વએ રેખા સામે જોતાં કહ્યું: 'ચાલો મેમ સાહેબ, મરદાના કામ પૂરું થયું. હવે આપને વાંધો ન હોય તો આપના કોમળ હાથે એને ડબ્બામાં ભરવાનું કાર્ય આપ કરી શકશો?'

આ આખા સમય દરમિયાન ધનજીકાકા સામે જ બેઠેલા હતા એટલે રેખાએ અપૂર્વને અંગૂઠો બતાવવાનો વિચાર મનમાં જ ડામી દીધો ને તૈયાર રાખેલા ડબ્બામાં મોટામોટા કટકા ભરવા માંડી. કટકા ડબ્બામાં ભરતાં એના મનમાં વિચાર આવ્યો કે. આ ચકતાં જોઈ ધનજી પટેલના મોંમાં પાણી આવતું હશે. એટલે તેણે એક મોટું ચકતું લઈ તેમને આપતાં કહ્યું: 'લો કાકા, ચાખી તો જુઓ.'

આખો દિવસ વ્યસ્ત રહેલા ધનજી પટેલને ભૂખેય લાગી હતી ને વળી આ નવાં શેઠાણીના હાથની આ નવતર વાનગી ચાખી જોવાની ઈચ્છાય ખરી એટલે કશી હા ના કર્યા વગર એમણે ચકતું લઈ લીધું ને મોંએ વળગાડ્યું. એક ખૂણો મોંમાં ઘાલી દાંત વચ્ચે દબાવી એમણે ભાગવા પ્રયત્ન કર્યો. પણ જે મોહનથાળે છરી કે તાવેથીને મચક ન્હોતી આપી એ આ ધનજી પટેલના ઘરડા ને હાલી ગયેલા દાંતને ગણકારે ખરો. ધનજી પટેલથી એની એક કણીય ના ભગાઈ પણ રેખા શેઠાણીને ખોટું ન લાગે એમ વિચારી એમણે સ્હેજ વધુ જોર કરી દબાણ કર્યું તો કડાકો બોલ્યો. ધનજી પટેલ પહેલાં તો સમજ્યા કે મોહનથાળે મચક દીધી. પણ બીજી જ ક્ષણે એમના દાંતના મૂળમાં જે સણકો ઊપડ્યો એનાથી એમની આંખમાં પાણી આવી ગયાં.

રેખાને લાગ્યું કે કશુંક ખોટું થયું હતું. તેણે ધનજીકાકાના મોં સામે જોયું ને શું ખોટું થયું હતું તેની સમજણ તેને પડી ગઈ. એણે વહેલાં વહેલાં ઊઠીને ધનજીકાકાને પાણીનો પ્યાલો આપ્યો. કોગળા કરતા ધનજી પટેલની આંખમાં પાણી તેણે જોયાં. એ બોલી ઊઠીઃ 'મને લાગે છે કે મોહનથાળ થોડો વધુ કડક થઈ ગયો છે.'

ધનજી પટેલને થયું કે પોતે જો શેઠાણીની વાતમાં સંમત થશે તો એમના ભવિષ્યના અહીં જમવાના ખ્યાલ માટે સારું નહીં થાય એટલે એ ઝડપથી બોલી ઊઠ્યાઃ 'ના ના, એવું કાંઈ નથી. મોહનથાળ તો માફકસરાનો જ કડક છે પણ મારી એક દાઢ કેટલાય વખતથી હાલતી હતી તે પડી ગઈ. સારું થયું મારે દાઢ કઢાવવાનો ખર્ચો બચ્ચો.'

અને રેખાને ધનજી પટેલની આ વાત મધ જેવી મીઠી ને શીરા જેવી સુંવાળી લાગી એટલે એને ગળે તરત ઊતરી ગઈ. એ બોલી ઊઠીઃ 'હવે આજે તો તમારાથી મોહનથાળ નહીં ખાઈ શકાય એટલે હું તમારે માટે થોડો શીરો શેકી કાઢીશ. તમારી દાઢ હાલતી હતી એમ જો મને પહેલથી ખબર હોત તો મેં મોહનથાળ થોડો કૂણો બનાવ્યો હોત.'

ધનજી પટેલને કહેવાનું મન થયું કે મારી બાઈ, આ મોહનથાળનું જો ધાબું ભર્યું હોય તો એમાં લોઢાનો એક શળિયોય નાખવો ના પડે ને તોય એને સો વરસ સુધી કશું ના થાય. પણ બોલ્યા ત્યારે બીજું જઃ 'હોય એ તો, અમારે ઘરડે ઘડપણ એવું હોય, પણ તમારા જેવા દુધિયા દાંત હોય તો કાચા ચણાય શું લાવ્યા?' ને દુધિયા દાંતની વાત કરીને ધનજી પટેલે રેખાની ઉંમર હતી એનાથી ત્રીજા ભાગની કરી નાખી એ જોતાં રેખા ઓર ખીલી ઊઠી.

ને પછી તો ધનજી પટેલનાં પાંચેય આંગળાં ઘીમાં જ માનો ને. એ બાપડા ભૂખ્યા રહેશે એમ માનીને રેખાએ એમને માટે શીરો શેકી નાખ્યો. દાળ, ભાત ને શાક તો તૈયાર હતાં જ. ધનજી પટેલે ના ના કરતાંય ભાણે બેસવું પડ્યું. તાજી પડી ગયેલી દાઢના મૂળમાં શીરાના ગળપણે જે સણકા ઊપડતા હતા એ ધનજી પટેલે મોં પર જણાવા ના દીધા. જો પોતે મોં કટાણું કરે ને રેખા જોઈ જાય તો પછી પોતાનું અહીંનું ખાવાનું ટળે એટલે સ્તો. પણ ભાતદાળ ખાતાં એમને લાગ્યું કે ગમેતેમ તોય આ શહેરી બૈરી ખાવાનું બનાવે છે સારું, જો આવો મકાઈનો મોહનથાળ બનાવવાની વેર એને પાછી ના ઊપડે તો સારું.

ખાઈ ઉઠ્યા પછી રોજની ટેવ મુજબ એ હાથમાં ચીપિયો લઈને ચૂલા પાસે દેવતા લેવા ગયા ત્યારે ચૂલામાં ભડભડ બળતાં લાકડાં જોઈ એમનો જીવ પણ ભડકે બળી ઊઠ્યો. આ નવી શેઠાણીએ લાકડાંને બદલે ગાડાનાં છ એ છ આડાંનો ધૂમાડો કરી નાખ્યો હતો. વહેલા વહેલા બહાર જઈ એમણે રેખાને પૂછ્યું: ' બહેન તમે ચૂલામાં

બળવાનાં લાકડાં ક્યાંથી લાવ્યાં હતાં?'

'કેમ, તમે જ કહેલું કે પાછળ બારી પાસે સળગાવવાનાં લાકડાં ને રાડાંમાં ગમાણ હશે ચેતવવા માટે.' રેખાએ મલકાતાં કહ્યું.

'પણ બેન, મેં કહેલાં તે આ લાકડાં ન હતાં. તમે તો ગાડાનાં નવાં આડાં જ સળગાવી દીધાં.'

'પણ તમે કહ્યું હતું ત્યાંથી બારી પાછળથી જ મેં એ લાકડાં લીધેલાં ને રાડાંમાંથી ગમાણ પણ.' ગૂંચવાતાં રેખા બોલવા ગઈ.

'બહેન રાડાંમાં ગમાણ ન હોય પણ ગમાણમાં રાડાં હોય. મારી બેન, આમ આવો હું તમને સળગાવવાનાં લાકડાંય બતાવું ને એને ચેતવવાનાં રાડાંય બતાવું.' કહેતાં ધનજી પટેલ આગળ થયા. ને રેખાની સાથે અપૂર્વ પણ એમની પાછળ ગયો. ધનજી પટેલે એમને બારી પાછળ પડેલાં સળગાવવાનાં લાકડાં બતાવ્યાં. ખરબચડાં ને છોડાંવાળાં ને એક બે વરસાદમાં પલળીને કાળાં પડી ગયેલાં લાકડાં જોઈ રેખાએ નાક ચઢાવ્યું.

તેની સૂગ પારખી જતાં ધનજી પટેલ કહેઃ 'તમને આવાં મેલાંઘેલાં લકડાં નહીં ગમતાં હોય તો કાલે રૂપાળાં લાકડાં ફડાવી આપીશ પણ આ આડાં બાળી મૂક્યાં એમ કાલે હળલાકડાંને પણ ચૂલામાં ના ખોસી દેશો.'

ને પછી અચાનક યાદ આવ્યું કે આ બાઈ તો રાડાંમાંથી ગમાણ લઈ આવ્યાની વાત કરતી હતી તે ક્યાં રાડાં ને કઈ ગમાણની વાત કરતી હશે? એમને હવે ચિંતા થવા માંડી કે જેને ગમાણ કે રાડાંની ખબર નથી એવી આ બાઈએ લાકડાં ચેતવવા માટે શુંય બાળી મૂક્યું હશે. એમણે પૂછ્યુંઃ 'તમને રાડાં ને ગમાણ તો જડ્યાં હતાં ને?'

'રાડાં જડ્યાં ન હોત તો તમારાં આ આડાં સળગ્યાં જ ન હોત ને? રાડાં જડ્યાં એટલે તો ગમાણ જડી.' ધનજી પટેલને આ બાઈની વાતમાં કશું સમજાતું ન હતું. તેમણે ચૂલા પાસે જઈ ઝીણવટથી જોયું. ચૂલાની અંગાળમાં રાડાંનો એક ટુકડોય પડ્યો ન હતો.

'તમે આડાં શેંનાથી સળગાવ્યાં હતાં એ મને બતાવો.'

ને રેખાએ ખૂણામાંથી ભીંડીની ગૂંચળી કાઢીને બતાવી ને ધનજી પટેલે માથું કૂટ્યું. એ ઘડીભર એ ભીંડીની ગૂંચળી સામે તો ઘડીભર રેખા સામે તાકતા રહી ગયા. એમને હોઠે આવીને શબ્દો અટકી ગયાઃ 'ઓ વંતરી, અમને અમથાનાં લક્ષણ તો પારણામાંથી જ પરખાયાં હતાં તેમ તારાં લક્ષણ આજે બારણામાંથી જ પરખાઈ ગયાં.'

પણ બોલ્યા ત્યારે બીજું જઃ ' બેન, એ તો દોરડાં બનાવવા માટેની મોંઘા ભાવની ભીંડી હતી. જુઓ બહેન તમે શહેરમાં રહેલાં. તમને અહીં વગડાની બધી વાતોથી માહિતગાર થતાં હજુ વખત લાગશે. તમે જેને સળગાવવાનાં લકડાં માન્યાં હતાં એ ગાડાનાં આડાં હતાં ને જેને— પણ તમે ગમાણ કે રાડાં તો હજુ જોયાં જ નથી. આવો તમને એ બતાવું.' કહી ધનજી પટેલે એમને કોઢ, ગમાણ અને રાડાં બતાવ્યાં ત્યારે રેખા બાપડી શરમાઈ.

મનમાં એણે નક્કી કરી લીધું કે હવેથી જ્યાં સમજણ ન પડે ત્યાં શરમાયા સિવાય પૂછી લેવું કે જેથી ફરીથી આવી શરમાવાની વેળા ન આવે.

અનુક્રમ ►

# ૭. મારી પ્રાતઃનિંદર...

મારા જેવા સૂર્યવંશી સંપ્રદાયના માણસને સવારે વહેલા ઊઠવાનું ક્યારેય અનુકૂળ આવ્યું નથી. સવાર મારી સૂર્ય ઊગ્યા પછી ખાસ્સા બે કલાકે શરૂ થાય, એ મારો રોજિંદો કાર્યક્રમ. ને મારી નોકરી પણ અગિયાર વાગ્યે શરૂ થાય એટલે વાંધો પણ ન આવે. પણ મારી સુખની એ વહેલી સવારની નિંદરની સાથે કેટલાકને જાણે જનમભરની દુશ્મની હોય એમ એ લોકો વહેલી સવારની મારી એ નિંદરનું હરણ કરવા સજ્જ થઈને આવી પહોંચે છે.

અમારી શેરીનાં કૂતરાં જાણે ઊંઘતાં જ ન હોય એમ મને કાયમ લાગે છે. હિંદુસ્તાન અને પાકિસ્તાન અલગ થયાં એ પહેલાંથીય એમની, પડોશની શેરીનાં કૂતરાં સામેની દુશ્મની ચાલી આવી હોય એમ એમનું ભિષણ વાક્યુધ્ધ અવિરત ચાલ્યા જ કરે છે.

એમની આ લડાયક વૃત્તિ આટલેથી અટકતી હોય તો તો કશો વાંધો નહીં. પણ કોઈ પણ સાયકલ સ્વાર અમારી શેરીમાં દાખલ થાય એટલે આખી શેરીનાં બધાં કૂતરાં એક સામટાં ભસવા માંડે છે ને પેલાની પાછળ પડે છે. મને લાગે છે કે આ શ્વાનટોળીના કોઈ પૂર્વજની પૂછડી ક્યારેક કોઈક સાયકલ સ્વારથી કચડાઈ ગઈ હશે એટલે એમને બધા સાયકલ સ્વાર દુશમન લાગતા હશે. પેલો સાયકલ સ્વાર જો ગાફેલ હોય તો સાયકલ પરથી ભૂમિગ્રસ્ત થઈ જાય છે કે સજાગ હોય તો હોય એટલું જોર અજમાવી સાયકલ ભગાવી આ યુધ્ધભૂમિમાંથી પલાયન થવા પ્રયત્ન કરે છે.

પણ તેમ છતાંય અમારી શેરીની આ શ્વાનસેના અટકતી નથી. એને અમારી શેરીની હદની બહાર ભગાડી દીધા પછી જ એ શ્વાસ લે છે. આમ કરતાં કદીક પેલાના પાટલૂનનો એકાદ કટકો ઊતરડી પણ લાવે છે ને પછી પોતાની એ પ્રસસ્તિ અન્ય યોધ્ધાઓ સમક્ષ ક્યાંય સુધી વર્ણવ્યા કરે છે. આ દરમિયાન બાજુની શેરીના યોધ્ધાઓ પેલા સાયકલ સ્વાર સાથે યુધ્ધે ચઢ્યા હોય એ  અવાજ વધારામાં તેમાં ઉમેરો કરતો હોય છે. આ બધી શ્વાન ગર્જનાઓનો હું મૂક સાક્ષી બની રહું છું. ક્યારેક લાકડી લઈ એમને ફટકારવાનો વિચાર આવે છે પણ હું એનો અમલ કરતો નથી. હું માનું છું કે એમ કરવાથી નથી એમનામાં કશી સમજણ આવવાની કે નથી એમની ભસવાની ટેવ ભુલાવાની.

જો તમે એમ માનતા હો કે આટલેથી અમારો નિંદ્રાહરણનો આ અધ્યાય પૂરો થઈ જાય છે તો તમારી ભૂલ થાય છે. અમે અમારી નિંદરને મનાવવા એકાદ બે જોરદાર બગાસાં ખાઈ નાખીએ ને સરી જતી નિંદરને મનાવવા પ્રયત્ન કરીએ ત્યાં તો જોરદાર ઘંટનાદ થાય છે. કોઈને એમ લાગે કે કોઈ બીજો મોરચો મંડાયો કે શું? પણ ના, આ તો ગાંધીબાપુ પ્રેરીત પ્રભાતફેરીનું રણશીંગું છે.

અમારા ગામના પાંચસાત વૃધ્ધો વહેલી સવારે 'જાગને જાદવા...' કરતા નીકળી પડે છે. એ એકલા જાદવાને જગાડતા હોય તો તો વાંધો નહીં પણ એમને તો આખા ગામને જગાડવું હોય એમ એ લોકો જોરજોરથી ઘંટ વગાડે છે. વળી એમના ટોળાના કોઈ વૃધ્ધ જાગ્યા ન હોય તો એમના ઘર પાસે જઈ વારંવાર ઘંટ વગાડી, વચમાં વચમાં એમના નામની બૂમો પાડી એમને જગાડવા પ્રયત્ન કરે ત્યારે તો એમ લાગે કે શુંનું શુંય કરી નાખું. પણ આ તો પ્રભાતફેરી, આખા ગામની આસ્થા. એમાં અંતરાય નખાય ખરો? બહુ વિચારને અંતે  મનમાં થયું કે અંતરાય નાખ્યો હોય તો એમાં કશું ખોટું નથી. જો એમની ઊંઘ કદાચ વહેલી સવારમાં ઊડી જતી હોય તોય એમને બીજાની મીઠી ઊંઘ બગાડવાનો અધિકાર ખરો?

મને ગાંધીબાપુના આ પ્રભાતફેરીના કાર્યક્મ પ્રત્યે જરાય વાંધો નથી પણ મારી સવારની મીઠી નિંદરનેય હું કેમ કરીને વિસરી શકું? આવો પ્રભાતનિંદરનો રસિયો ગામમાં કાંઈ હું એકલો જ ન હતો. ગામમાં મારા જેવા બીજા પણ ચાર જણા હતા. છેવટે અમે પાંચેય જણાએ ભેગા મળીને આનો ઉપાય કરવાનું નક્કી કર્યું. અમારામાંના એક દોસ્તનું ઘર ગામને છેવાડે હતું ને અમારે જે કાવતરું કરવું હતું એ માટે એ અનુકૂળ પણ હતું.  એટલે અમે એ ઘરની પસંદગી કરી ને બધો પ્લાન કરી લીધો.

એક રાતે અમે બધા એ દોસ્તને ત્યાં જ સૂઈ રહ્યા. પ્રભાતફેરીનો સમય થતાં બધાએ ચડ્ડી, બનીયન પહેરી અને માથે ફાળિયાં બાંધી દીધાં. જેવા પ્રભાતફેરીવાળા નજીક આવ્યા કે અમે બધા હાથમાં લાકડીઓ સાથે એમની સામે ધસી ગયા ને પેલા લોકો કાંઈ સમજે એ પહેલાં તો એમના હાથમાંથી ઘંટ આંચકીને અંધારામાં રફુચક્કર થઈ ગયા.

અમને થયું ચાલો ઘંટનાદથી તો છૂટ્યા. પણ અમારો એ આનંદ ક્ષણ જીવી (ત્રણ દિવસ જીવી) નીકળ્યો. પ્રભાતફેરીમાં ન જતા હોય એવા કેટલાક ધર્મપ્રેમી માણસોએ ફાળો કરીને એમને બીજો ઘંટ લાવી આપ્યો. આ ઘંટ પેલા પહેલા ઘંટનેય ભૂલાવે એવો જોરદાર હતો. એનો અવાજ અમારા ગામની તો શું પણ આજુબાજુનાં ગામોનીય ઊંઘ ઉડાડી મૂકે એવો હતો. મેં કાનમાં હવે રૂનાં બબ્બે પૂમડાં ઘાલવા માંડ્યાં પણ એનાથીય કશો ફેર ન પડ્યો.

એમાં મને એક દિવસ વિચાર આવ્યો કે આટલા બધા લોકો સવારમાં વહેલા ઊઠવા પર ભાર મૂકે છે તે એમાંય કશુંક તો કારણ હશે જ ને. આમેય વહેલી સવારની ઊંઘ તો જાય જ છે તો પછી શા માટે એમની જેમ વહેલી સવારે ફરવા ન નીકળી પડવું? બીજું કશું નહીં થાય તો કસરત તો થશે.

એટલે એક દિવસ હું મન મક્કમ કરીને માથે કફન (મફલર) બાંધીને વહેલી સવારે યા હોમ કરીને પ્રાતઃભ્રમણનો અનુભવ કરવા નીકળી પડ્યો. હજુ તો હું માંડ પંદરેક ડગલાં ચાલ્યો હોઈશ ત્યાં તો મારી પાછળથી પહેલાં ધીમી ને પછીથી જોરદાર શ્વાનગર્જનાઓ થવા માંડી. તેમ છતાં મનને ન ડરવાનું સમજાવતો હું આગળ ચાલતો રહ્યો. મને થયું કે મારી શેરીનાં શ્વાન તો મને ઓળખે છે એટલે એ મને નહીં પણ કોઈ બીજાને ભસતાં હશે. મનમાં ગભરાતાં મેં ચારે બાજુ નજર ફેરવી પણ આજુબાજુ કોઈ નજરે ન ચડ્યું.

ત્યાં તો અવાજ એકદમ નજીક આવી ગયા. ગભરાઈને મેં પાછળ જોયું ને મારો જીવ જાણ ગળે આવી ગયો. વધારે વિચારવાનો વિચાર પડતો મૂકીને મેં જે હડી કાઢી એનો તમને અંદાજ આવવો મુશ્કેલ છે. તોય અમારી શેરીની એ શ્વાનસેનાએ મારા નાઈટડ્રેસના તો લીરેલીરા ઉડાડી જ દીધા. એટલું સારું થયું કે મારા પગની પીંડીઓ બચી ગઈ.

ત્યાં સામેથી પેલા પ્રભાતફેરીવાળા આવી પહોંચ્યા. માથે કાળું મફલર અને લઘરવઘર કપડાંવાળો હું એમને પેલા ઘંટચોર જેવો જ લાગું ને? ને એક વખતના અનુભવથી સજાગ થઈ ગયેલા એ ટોળામાંના એકે વડીલે લાકડી આડી કરી. એ લાકડીની અડફેટે હું બેચાર ગડથોલાં ખાઈને એક ગંધાતા ખાડામાં જઈ પડ્યો. ત્યાં કોઈકે મને ઓળખ્યો: 'અલ્યા, આ તો મફત છે. આવાં લૂગડાં ને માંથે આવું બાંધેલું એટલે અમને લાગ્યું કે કોઈક અજાણ્યો છે એટલે આડી લાકડી ધરી. ભૈ, વાગ્યું તો નથી ને?'

મનમાં એમને મણમણની ચોપડાવતાં એમની ઉંમરનો ખ્યાલ કરી મારા છોલાયેલા ઢીંચણને પંપાળતાં હું મહા પ્રયત્ને મૌન રહ્યો.

ત્યાં કોઈક બીજાએ કહ્યું: 'હેંડો મફતભાઈ, અમારા ભેળા, ભગવાનનું નામ લેવાશે.'

મેં મનમાંના ગુસ્સાને દબાવતાં કહ્યું: 'આજે નહીં, ફરી કોઈ વાર. આજે તો કપડાં બદલીને નહાઈ લઉં.'

પેલા એમને રસ્તે પડ્યા. એમને મેં ઘેર જવાનું કહ્યું તો ખરું પણ ઘેર જવું કેવી રીતે? અમારી શેરીની શ્વાનસેના એમની હદ ઉપર જાણે મારી વાટ જ જોતી હોય એમ ઊભી હતી. મેં વિચાર્યું કે કોઈ હરિનો લાલ મળી જાય ને એ સેનાનું ધ્યાન એના તરફ જાય તો જ ઘેર જવાય. એટલે હરિના લાલની વાટ જોતો ને છોલાએલા ઢીંચણને પંપાળતો હું મંદિરને ઓટલે બેસી પડ્યો. ખસ્સા દોઢ કલાક પછી એક હરિનો લાલ સાયકલની સવારીએ ચઢીને આવી પહોંચ્યો. મને તો એ સવાર ખુદ ભગવાનના અવતાર જેવો લાગ્યો.

જેવી શ્વાન મંડળી એને વળાવવા દોડી કે મેંય મૂઠીઓ વાળીને ઘર તરફ દોટ દીધી. પણ હું ધારતો હતો એટલી એ શ્વાનટોળી અસાવધ ન હતી. હું ઘરની પાસે પહોંચ્યો જ હતો ત્યાં તો પેલાને પડતો મૂકીને આખી ટોળી મારા તરફ ધસી આવી. મારામાં જે રહ્યુંસહ્યું જોર હતું એ લગાવીને હું ઘરના બારણા સુધી તો પહોંચ્યો પણ હું બારણું ખોલીને અંદર પેસું એ પહેલાં તો મારા નાઈટડ્રેસના બચેલા બેચાર લીરા તો એમણે ઉડાવી જ દીધા.

બહુ વિચારને અંતે મેં નક્કી કર્યું કે ગામ બદલ્યા સિવાય છૂટકો નથી. કોઈ ગામમાં કૂતરાં ન હોય એવું ગામ તો આપણા આઝાદ દેશમાં મળવું જ મુશ્કેલ ઓટલે કૂતરાંની તો છૂટ મૂકવી જ પડશે. પ્રભાતફેરી ન હોય એવું ગામ કદાચ

મળે ખરું. એક દોસ્ત કહે: 'એક રસ્તો છે. મુસલમાનોનું ગામ ચાલે.'

ત્યાં બીજો દોસત કહે, 'એ તો બિલકુલ ન ચાલે. હવે તો જે ગામમાં પચીસ ઘરેય મુસલમાનોનાં ન હોય ત્યાંય એ લોકો આખા પાંચસો ઘરના ગામને જગાડી મૂકે એવાં લાઉડ સ્પીકર પરથી સવારના પાંચ વાગ્યે પોતાના કાનમાં આંગળિયો નાખીને એવી તો બાંગ પુકારે છે કે આપણેય કાનમાં આંગળિયો નાખવી પડે.'

હવે હું નાસ્તિકોના ગામમાં હોય એવા ઘરની તપાસમાં છું. તમારા ધ્યાનમાં કોઈ એવું ઘર હોય તો જણાવજો.

અનુક્રમ ►

# ૮. અમે મફતને પરણાવ્યો

અમારો મફત આમ તો પૂરો બત્રીસ લક્ષણો. અરે, બત્રીસ શું પૂરો તેત્રીસ લક્ષણો પણ કરમની કઠણાઈ કે એ પરણવામાંથી રહી ગયેલો. એની પરણવાની ઉંમર થઈ ત્યાં એના બાપ ગુજરી ગયા. બેચાર મહિનામાં એનાં મા પણ ભગવાનના દરબારમાં પહોંચી ગયાં. એના બાપે એને માટે ભલે બીજું કશું ન કર્યું હોય પણ એ એને વારસામાં પાંચ લાખનું મકાન અને બેએક લાખની રોકડ આપતા ગયેલા. એટલે એનાં લગ્નમાં કશો વાંધો આવવો જોઈતો ન હતો, પણ એને માટે પૂછવા આવનાર એક વખત પૂછીને ગયા પછી પાછો દેખાતો જ ન હતો.

એની નાતવાળાએ જ એનાં લગન આડે વિઘન નાંખ્યા કરેલાં ને એમાં મફતની ઉંમર પાંત્રીસનો આંકડો વટાવી ગયેલી. છેલ્લે છેલ્લે તો અમે બધા દોસ્તદારોએ પણ એનાં લગન માટે દોડાદોડ કરવામાં કશી મણા રાખેલી નહીં પણ એમની પાટીદારની નાતમાં અમારા જેવા બીજી નાતવાળાનું ઉપજે શું?

મફત અમારી સાથે હોય ત્યારે કોઈ વાંઢાની મશ્કરી કરીએ કે કોઈના લગનની વાત કરીએ તો મફતનું મોં એવું ઊતરી જતું કે અમને એ વાત કરવા બદલ પસ્તાવો થતો. છેવટે અમે બધાએ મનથી નક્કી કર્યું કે એળે નહીં તો બેળેય મફતને પરણાવવો જ. અમે એની નાતના જાણીતા એવા એક લગન-દલાલ મગન પૂજાને સાધ્યા. વાત પાટે ચઢે તો એમને પાંચસો રૂપિયા આપવાની વાત કરી એટલે તો પછી પૂછવું જ શું? અમારો એ તુક્કો કામયાબ સાબિત થયો.

બે જ દિવસમાં મગનભાઈ હસતે મોંએ મળવા આવી પહોંચ્યા. એમણે વાત શરૂ કરીઃ 'જુઓ મહાપરાણે એક અસામીને તૈયાર કર્યો છે. એને બે છોકરીઓ છે. બેય પરણાવવા જેવડી થઈ ગઈ છે ને એની પાસે કશી તેવડ નથી. એવોએ તો એક જ વાત કરતો હતો કે મોટી પરણાવું પણ એ નાનીના લગનનો બધો ખર્ચો આપતો હોય તો હા, નહીં તો ના.'

'એટલા બધા તે હોતા હશે? લગન સાદાઈથી કરે તોય પંદર હજાર તો થઈ જાય.' મેં કહ્યું.

'એ તો એવી વાત કરે. એનેય ખબર છે કે એટલા કોઈ ન આપે. જો એટલા આપનાર મળ્યો હોત તો એની બેય છોડીઓ આટલી મોટી શાની થઈ હોત? મેં એનો તાગ લઈ જોયો છે. એ પાંચેક હજારમાં માની જશે એમ લાગે છે.' મગનભાઈએ કહ્યું.

'એને કહેવું હતું ને કે અહીં તો છોકરી રાજ કરશે.' મેં મગનભાઈને મફતની સાહ્યબીનો ચિતાર આપવા પ્રયત્ન કર્યો.

'તે મેં એને નહીં કહ્યું હોય? આવી પટલાઈ કરતાં કરતાં આ ધોળાં થયાં છે. જો તમારી પાંચ હજારની તૈયારી હોય તો હું આગળ વાત ચલાવું.'

'એનો વાંધો નહીં પણ આપણે જાનમાં વધારે નહીં તોય સોએક માણસો તો લઈ જવાં પડશે. તે એમની આગતા-સ્વાગતા તો કરશે ને?' મગનભાઈની વાતથી ઉત્સાહમાં આવી ગયેલો મફત બોલ્યો.

'જુઓ ભાઈ, આ તો ગજવે ઘાલવાની વાત થઈ. અમારામાં આને કહેવાય કંકુ ને કન્યા. આમાંથી એવોએ કાણી પાઈએય કાઢશે નહીં. કાં તો સાટ્ટુ કરો કે પછી જાનની વ્યવસ્થા આપણે જ ખાનગીમાં કરી લઈએ તો વાત બને.' મગનભાઈએ કાને હાથ દઈ દીધા.

મફત કહે મારે જાન તો લઈ જ જવી પડે. મેં કહ્યું: 'લાખ ભેગા સવા લાખ. જાનની મહેમાનગતિનો ખર્ચ મફત વેઠી લેશે. એ બહુબહુ તો પાંચ હજાર થશે. એનું બિલ આપણે પાછલે બારણેથી ચૂકવીશું. લોકો તો એમ જ સમજશે કે વેવાઈએ સારી પરોણાગત કરી. એમનુંય સારું દેખાશે.'

મફતેય મૂંડી હલાવીને એમાં સહકાર આપ્યો. આનાથી બમણી રકમ હોત તોય આજે એ ઝાલ્યો રહે એવો ક્યાં હતો?

ને મગનભાઈએ કામ કરી બતાવ્યું. બે જ દિવસમાં એમણે છોકરી જોવાની ને માટલીની વિધિ પતાવડાવી દીધી ને પંદર દિવસમાં લગનનું મૂરત પણ કઢાવી લાવ્યા. કન્યા હતીય દેખાવડી એટલે મફત તો હરખનો મીર્યો ફલ્યોય સમાતો ન હતો. હજુ મફતની નાતવાળાને કશું સમજાય એ પહેલાં તો બધું પાકું થઈ ગયું.

ને નક્કી કરેલે દિવસે મફતભાઈ ઘોડે ચઢ્યા. એક લક્ઝરી(?) બસ, એક મેટાડોર અને એક કારમાં હકડેઠઠ માણસો ભરીને અમારો રસાલો ઊપડ્યો મફતને પરણાવવા. અમે બધા મિત્રો બસમાં બેઠા હતા, મેટાડોરમાં બધી સ્ત્રીઓ હતી અને વરની કારમાં એનાં મામા ફોઈનાં એવાં વધારે નહીં તોય દસેક જણ મફતને ઘેરીને બેસી ગયાં હતાં.

અમારી પચાસની કેપેસીટીવાળી બસમાં નહીંનહી તોય સીત્તેર માણસો તો ચઢી જ બેઠા હોઈશું. મફતે એની નાતવાળા ચૌદશિયાઓને ખાસ યાદ કરીને નોંતરાં દીધાં હતાં એટલે એ લોકોય ખભે ખેસ નાંખીને આવી ગયા હતા એ પણ અમારી સાથે જ બસમાં બેઠા હતા. એમને હજુય એ નહીં સમજેયું હોય કે એમની જાણબહાર મફતનાં લગન કામનાં ગોઠવાઈ ગયાં?

બસની જેટલી બારીઓ હતી એના કરતાં વધારે માથાં એમાંથી બહાર ડોકાઈ રહ્યાં હતાં. એવામાં કોઈએ બૂમ પાડીઃ 'બધા માથાં અંદર રાખજો, બસ નળીમાં પેસે છે.' ને જેમ કમાન્ડરનો ઓર્ડર છૂટે ને અમલ થાય એમ બધાં માથાં અંદર પેસી ગયાં. પણ નળીમાંનાં ઝૈડાં એમને એમ છોડે ખરાં? એમણે બારીઓમાંથી જોરદાર આક્રમણ કરવા માંડ્યું. નળી પસાર કરતાંમાં તો કોઈની આંખ પટાઈ હતી તો કોઈને કપાળે કે ગાલે ઉઝરડા પડ્યા હતા તો કોઈને કપાળે તો સાથિયાય ચિતરાઈ ગયા હતા. આખી બસમાં ઝૈડાં પરથી ઉડેલી ધૂળ અને પાંદડાં ઊડ્યા કરતાં હતાં.

આ તો થઈ એ આક્રમણની પહેલી ઝલક એની બીજી ઝલકનો નઝારો તો હવે શરૂ થવાનો હતો. એ ઊડતી ધૂળની ડમરી સમી ત્યાં બધાંને શરીરે સામટી ખંજવાળ ઊપડી. ત્યાં કોઈએ બૂમ પાડી અલ્યા કૂવેચ ઊડી છે. ને એ સાંભળતાં જાણે બધાંને બમણા વેગથી સામટી ખંજવાળ શરૂ થઈ ગઈ. કોઈએ માથાનાં લટિયાં ઝાપટવા માંડ્યાં તો કોઈએ કપડાં ખંખેરવા માંડ્યાં. આનાથી તો જેને કૂવેચ નહોતી લાગી એનેય લાગી. કોઈ બોચીએ ખંજવાળવા માંડ્યું તો કોઈ બરડે તો કોઈ ગળે. વેવાઈને ગામ પહોંચતાં તો બધા ખંજવાળથી જાણે અધમૂઆ થઈ ગયા હતા.

જેવા જાનને ઉતારે પહોંચ્યા કે તરત કેટલાકે કપડાં કાઢવાની પરવા કર્યા સિવાય પીવાનું પાણી ભરેલી માટલી માથે રેડી દીધી ઉતારામાં જે દસપંદર માટલાં હતાં એ બધાં ખાલી થઈ ગયાં. તો આ શીતસ્નાનની મઝા માણવામાં રહી ગયેલા કેટલાકે ખમીસ કે પહેરણ કાઢી ખંખેરતાં આખા ઉતારામાં કૂવેચ ફેલાવવી શરૂ કરી દીધી.

એક તો ભર શિયાળાની ઠંડી અને તાજી માટલીનું હીમ જેવું ઠંડુ પાણી. બધા ઠંડીથી ધ્રુજવા માંડ્યા. ઉતારાની ચાદરોથી ડીલ કોરાં કરતા એ જ ચાદરો ઓઢીને હોકા ભરવા કરેલી તાપણી પાસે બધા તાપવા બેસી ગયા. કેટલાકે ચાદરો પહેરી લીધી ને ભીનાં કપડાં તાપણી પર ધરીને સૂકવવા માંડ્યાં. પણ જેમજેમ રાત જામવા માંડી તેમતેમ ઠંડીનો ચમકારો પણ વધવા માંડ્યો. વળી તાપણીમાં ઊમેળવાનાં લાકડાં પણ ખૂટવા માંડ્યાં.

વહેલાં આવી ગયેલાં વરની ગાડીવાળાં ને મેટાડોરવાળાં કોઈને નાનાં વાહનોને કારણે કૂવેચનો પ્રસાદ ચાખવાનો વારો આવ્યો ન હતો એટલે એમને તો હસવામાં મઝા પડતી હતી.

ત્યાં વરને તોરણે લાવવાનું તેડું આવ્યું. બધા સજાગ થઈ ગયા. બધાએ અડધાં સૂકાયેલાં કપડાં પાછાં પહેરી લીધાં. ગમે તેમ તોય આ તેડાથી બધા આનંદમાં આવી ગયા હતા કારણ કે વર તોરણે ચઢે એમાં જમવાનું તેડું પણ આવી જતું હતું. એટલે ઉલ્લાસભેર બધા મફતને પરણાવવા ઊપડ્યા.

જાનમાં એક મફત જ એવો હતો કે જેના પર ઠંડીની અસર થઈ હોય એમ લાગતું ન હતું. આજે તો એના મનની વરસોની મુરાદ પૂરી થઈ રહી હતી પછી એને ઢંડી લાગે ખરી. મફતને લઈને અમારો વરઘોડો નીકળ્યો. મફતની ગાડીમાં એની બે બહેનો ને બીજાં પાંચસાત છોકરાં ચઢી બેઠાં હતાં એટલે એને વધારાની હૂંફ મળતી હતી.

અમે થોડે દૂર ગયા કે ઠંડીએ મફતનેય પોતાનો ચમકારો બતાવવો શરૂ કરી દીધો. મફતે લેંઘા પર સીલ્કનો ઝભ્ભો પહેર્યો હતો. ઉપર વેંતની જેકેટ. એનાથી આ ઠંડી રોકાય ખરી? એય ધૃજવા માંડ્યો. જાનૈયા બધા આવી ઠંડીની ગણતરીએ તૈયાર થઈને પહેરવા ઓઢવાની વેતરણ કરીને આવેલા એય જ્યાં ઠુંઠવાતા હતા ત્યાં મફતની તો શી વલે?

જેમતેમ કરીને ભાઈ, અમે માંડવે પહોંચ્યા. ઠુંઠવાતો મફત ગાડીમાંથી ઊતર્યો કે વેવાઈપક્ષના વાળંદે એને બાવડેથી પકડી બાજટ પર ઊભો કરી દીધો. એય વહેલી તકે માંડવામાં પેસી જવાની ઉતાવળમાં જ હતો ને.

મફતનાં સાસુ એને પોંકવા આવ્યાં એ તો પાંચ ફૂટથીય ઓછાં ઊંચાં. એક તો મફત પૂરો છ ફૂટ ઊંચો ને પાછો બાજટ પર ઊભો એટલે ઊંટ ઉકરડે ચઢ્યા જેવો ઘાટ થયો હતો. પુરોહિતે મફતનાં સાસુના હાથમાં પાંચ શેરિયો લોટો પકડાવી દીધો ને વરના માથા પર પાંચ વખત ફેરવવા કહ્યું.

મફતનાં સાસુએ એમ કરવા પ્રયત્ન પણ લોટો મફતના માથા સુધી પહોંચાડી શક્યાં નહીં. સામે પક્ષે અમારો ભાથી આજે વરરાજા બન્યો હતો તે જરાય નીચો નમે ખરો? છેવટે મેં એના કાનમાં ફૂંક મારી એટલે એ જરા નીચો નમ્યો. એનાં સાસુએ પરાણે ઊંચાં થઈને એને માથેથી લોટો વાળવા માંડ્યો. એમ કરતાં એમના હાથમાંથી લોટો સરક્યો. ને એને બચાવવા જતાં એમાંનું બધું પાણી મફતના માથા પર પડ્યું ને ત્યાંથી કપડાં પલાળતું સીધું મફતના પગે ઊતરી ગયું.

એક તો શિયાળાની કાતીલ ઠંડીથી ઠરેલું પાણી. મફતને કમકમીયાં આવી ગયાં. ચોરીમાં બેઠા પછીય મફત એવો તો ધૃજતો હતો કે એની સાથે એની નીચેનો બાજઠ પણ હાલંડોલમ થતો હતો. છેવટે જ્યારે ચોરીમાં અગ્નિ પ્રગટાવવામાં આવ્યો ત્યારે એને જરા શાતા વળી હોય એમ લાગ્યું.

એને પરણતો મૂકીને અમે બધા જમી આવ્યા. જમ્યા પછી કોઈને આ ઠંડીમાં બેસી રહેવાનું ગમે ખરું? એ ઓછું હોય એમ જાનવળાને બેસવા માટે માંડવાની બહાર ખૂલ્લામાં ગાદલાં પાથર્યાં હતાં. એટલે જાનમાંના સમજુ માણસો તો જમ્યા પછી મફતને પરણતો રહેવા દઈને ઉતારા ભેગા થઈ ગયા હતા. કેટલાક તો ઉતારે ઓઢવા માટે જતાં જતાં એકએક બેબે ગાદલાંય બગલમાં મારતા ગયા હતા. પણ અમે તો મફતના ખાસ દોસ્તો. અમારે તો મફતને પરણાવ્યાનો પૂરો લ્હાવો લેવો જ પડ્યો.

આજે એ વાતને ચાર વરસ વીતી ગયાં છે છતાં મફતનાં લગનની વાતે અમને આજેય કમકમીયાં આવી જાય છે.

અનુક્રમ ►

# ૯. અમારો હડમાન જતિ:

ગામ અમારું નાનકડું પણ અમારી પ્રવૃત્તિઓ ઘણી. ગામ આમ તો ખેતીબંધું એટલે એમાં કામના કરતાં નવરાશના દિવસ વધારે. એટલે ગામમાં અમારા જેવા નવરા ઘણા. અમારું કામ નવાનવા તુક્કા લડાવવાનું. લોકોને ગમે કે ન ગમે પણ અમે અવનવા તુક્કા લડવ્યા જ કરીએ. રોજ રાતે અમારી ઓટલા પરિષદ ભરાય અને અમાં નવાનવા પ્લાન ઘડાય.

એક રાતે મનહરે વાત ઉપાડીઃ 'અલ્યા નાનાંનાનાં ગામડાંય આજે નાટકો ભજવે છે ને આપણે જ કશું કરતા નથી. આપણેય નાટક કરીએ.'

'મનહરીયાની વાતમાં આપડો ટેકો છે.' રઘલો બોલી ઊઠ્યો.

'તો વાત નક્કી.' બેચાર જણા સામટા બોલી ઊઠ્યા. એક જણને તુક્કો સૂજે અને બીજો એમાં ટેકો આપે એટલે એ વાત બધાને મંજૂર. ઝાઝી ચર્ચામાં ઊતરવાનો અમારે ત્યાં નિયમ જ નહીં.

'નાટક ભજવવું હોય તો ઘણી બધી તૈયારીઓ કરવી પડે. પહેલું તો નાટક જોઈએ. પછી એક ડાયરેક્ટર જોઈએ. પછી જોઈએ ભજવનારા અને સાધનો.'

'તે ભજવનારા તો આપડે છીએ જ ને. બીજું બધું તો એક વખત શરૂ કરીએ એટલે મળી આવે. પહેલાં નાટક જોઈએ એ વાત ખરી.'

'નાટક તો આપડો ગોતોય લખી આલે.'

અમારામાં એક ગોતો જ ઊંચું ભણેલો હતો. એવોએ એના મામાને ઘેર રહીને મેટ્રિક ફેલ જેટલું ઊંચું ભણી આવેલો હતો. ગોતો કહેઃ 'પહેલાં આપડે ચેવું નાટક ભજવવું છે એ નક્કી કરો એટલે લખી આલું.'

એક જણ કહેઃ 'અલ્યા રાંમાયણ જ કરીએ, ભગવાંનનું નાંમ તો ખરું.'

'આખું રાંમાયણ ભજવવું હોય તો આખો દા'ડો ને આખી રાત ચાલે. એના કરતાં રાંમાયણનો એક ભાગ ભજવીએ તો હારું પડે.' ગોતાએ કહ્યું.

'તો આપડે 'સીતા હરણ' ભજવીએ.' ભીમાએ કહ્યું.

'સીતા હરણ નાનું પડે. આપડે સીતા હરણની સાથે લંકા-દહન જોડી દઈએ તો બરાબર થઈ જાય. લોકોને હડમાન જતિની વાતમાં મઝાય પડે.' ગોતાએ કહ્યું. ને વાત ફાયનલ થઈ ગઈ.

એક બાજુ ગોતાએ નાટક લખવાની શરૂઆત કરી ને બીજી બાજુ અમે બીજી તૈયારીઓ શરૂ કરી દીધી. હજુ તો બે દા'ડાય થયા ન હતા ત્યાં તો આખા ગામને ખબર પડી ગઈ કે અમે નાટક ભજવીએ છીએ. પછી તો ચારે બાજુથી જાતજાતનાં સલાહસૂચનો આવવા માંડ્યાં.

ને ચાર પાંચ દા'ડામાં તો ગોતાએ રામાયણની ચોપડીમાં ખંખાખોળા કરીને રામલીલા, ભવાઈ અને નાટકના મિશ્રણ સમું સીતા હરણનું નાટક લખીને તૈયાર પણ કરી દીધું. ગોતો કહેઃ 'નાટક મેં લખ્યું છે એટલે ડાયરેક્ટર પણ હું જ થઈશ. હું કહું એમ જ બધાએ બોલવાનું. કોઈએ એમાં પોતાના ઘરનું ઉમેરવાનું નહીં.'

કેટલાકને એની આ વાત ગળે ન ઊતરી પણ ગોતા કરતાં વધારે જાણકાર બીજો કોઈ અમારામાં હતો નહીં એટલે કોઈએ વિરોધ કર્યો નહીં. પછી ગોતાએ જ પાત્રોની વરણી કરી. હડમાન જતિનું પાત્ર તો બધાના મનમાં જાણે પહેલેથી જ નક્કી હતુંઃ ફતો. બીજાં પાત્રોય ગોતાએ વહેંચી આપ્યાં. પણ સીતા બનવા કોઈ તૈયાર થાય નહીં. છેવટે બધાની સમજાવટથી શનિયો સીતા બનવા તૈયાર થયો.

શનિયો તૈયાર તો થયો પણ એની પૂરા પાંચ મણની કાયા જોઈ રાવણ બનનારો શાભઈ જ ગભરાઈ ગયો. એ કહેઃ 'કોઈ બીજાને સીતા બનાવો. મારાથી એને ઉંચકાશે નહીં.'

ગોતો કહે: 'અલ્યા રાવણ જેવો રાવણ થઈને તું આવી નાંખી દેવા જેવી વાત કર છ? એક વખત સ્ટેજ પર આવ્યા પછી એવો જુસ્સો આવી જશે કે તને એનું વજન બે મણના બાચકા જેટલુંય નહીં લાગે.'

છેવટે બધાની હિંમત અને સમજાવટને કારણે શાભઈ તૈયાર તો થયો પણ એના મનમાં ગભરાટ તો હતો જ. હા, અમારો હડમાન જતિ તો અત્યારથી જ હાકોટા મારવા માંડ્યો હતો. એ પૂરા ઉત્સાહમાં હતો.

ને એમ અમારા નાટકની તૈયારી શરૂ થઈ. ગોતાએ જ સારા અક્ષરે નાટકની સાત નકલો પણ કરી આપી. બધાં મુખ્ય પાત્રોને આખી નકલ અને બાકીનાં નાનાં પાત્રોને જરૂર પૂરતા સંવાદોની નકલો આપી દેવામાં આવી. 'કાલે બધાએ પોતપોતાનો પાર્ટ મોઢે કરીને આવવાનું. પાર્ટ નાનો હોય કે મોટો પણ બધાએ રાતે આઠ વાગ્યે હાજર થઈ જવાનું.' ગોતાએ ફરમાન બહાર પાડ્યું.

કોઈ કાંઈ બોલ્યું નહીં પણ ગોતાએ આખી મંડળીનો મહંત હોય એમ વર્તવા માંડ્યું એ કેટલાકને ખૂંચ્યું તો ખરૂં. પણ બધા નાટક કરવાના ઉત્સાહમાં હતા અને ગોતા કરતાં વધારે જાણકાર ડાયરેક્ટર અમારી પાસે બીજો હતો નહીં એટલે અમે સૌએ ગોતાની વાત મંજૂર રાખી.

બે દિવસ તો મારા ભૈ અમારા ગામને ચોતરે રીહર્સલ ચાલ્યું પણ રીહર્સલમાં ભજવનારા કરતાં જોનારા વધારે આવવા માંડ્યા. એટલું પૂરતું ન હોય એમ એ લોકો ભજવનારને જાતજાતનાં સૂચનો પણ આપવા માંડ્યા. ગોતાને થયું કે આમ થશે તો એની ડાયરેક્ટરી જોખમમાં આવી જશે.

'જુઓ ભૈ, આંમ ગાંમ વચ્ચે પ્રેક્ટિસ નહીં થાય. એના કરતાં આપડે ધનજીકાકાને કૂવે ભેગા થવાનું રાખીએ. ત્યાં પેટ્રોમેક્સ ને પાંણીની સગવડ પણ છે. આપડે પંદર જણા વગર બહારના કોઈ માંણહને પેહવા જ નહીં દેવાનો. આપડે બેચાર જણા કાલે ધનજીકાકાને મલી આઈએ.' ગોતાએ રીહર્સલ પત્યા પછી વરાળ કાઢી.

બીજા બધા વચમાં ટોક્યા કરે એ કોઈને ગમતું ન હતું એટલે બધા એ વાતમાં સંમત થઈ ગયા. અમે બેચાર જણા ધનજીકાકાને મળી આવ્યા ને બીજા દિવસથી ધનજીકાકાને કૂવે અમારાં રીહર્સલ શરૂ થઈ ગયાં. પણ પહેલા દિવસે જ સીતાના હરણમાં તકલીફ ઊભી થઈ. સીતાનું હરણ કરવા શાભાઈએ શનિયાને(સીતાને) ઊંચકવા પ્રયત્ન કર્યો ને જેમ તેમ કરીને એને જમીનથી થોડો અધ્ધર પણ કર્યો ત્યાં એની શક્તિની મર્યાદા આવી ગઈ ને એ ચત્તાપાટ પડ્યો ને શનિયો પડ્યો એની ઉપર. ને શાભાઈ ચીસ પાડી ઊઠ્યો: 'અલ્યા, હાહના, મને બચાવો, આ ભેંસે તો મને ચગદી નાંખ્યો. મારે રાવણ બનવું નહીં (નથી).'

હવે ખરી આંટી પડી. બીજું કોઈ સીતા બનવા તૈયાર નહીં ને શનિયો સીતા હોય ત્યાં સુધી કોઈ રાવણ બનવા તૈયાર થાય નહીં. બધાએ બહુ સમજાવ્યો તોય શાભાઈ એકનો બે થાય જ નહીં. છેવટે અમારા વાલ્મિકી ગોતાએ રામાયણમાં એક સુધારો કરી દીધો. રાવણ સીતાને ઊંચકવાને બદલે એનો હાથ પકડી ધક્કો મારી વીંગમાં ધકેલી જાય. ને બીજો ઉપાય ન હતો એટલે બધાએ આ સુધારો સ્વીકારી લીધો. ને રીહર્સલ પાછાં ચાલુ થયાં.

એનેક આંટીઘૂટીમાંથી માર્ગ કાઢતાં છેવટે અમને લાગ્યું કે અમારું નાટક ભજવવા જેવું તૈયાર થયું છે. ગોતો કહે: 'ભજવતા પહેલાં આગલે દા'ડે ડ્રેસ સાથેનું ગ્રાન્ડ રીહર્સલ રાખવું પડે. બધા એવું કરે છે.' ને થોડી આનાકાની પછી બધાએ ગોતાની વાત મંજૂર રાખી ને એ માટેનો દિવસ પણ નક્કી કરી દીધો.

ગામડા ગામમાં વાત છાની રાખવા માગો તોય છાની રહે ખરી? જો કે આ એક રીતે તો સારું જ થયું. આ બધું તૈયાર કરવામાં અડધું ગામ અમારી મદદમાં લાગી ગયું. પછી તો અમારી દડજલ શરૂ થઈ. ગામમાંથી સાત આઠ પાટો માગીને અમે ઊંચકીને લઈ આવ્યા. માગી માગીને આઠદસ સારીસારી સાડીઓય એકઠી કરી. વાંસ અને વળીઓય માગી લાવ્યા. ડ્રેસ માટે આજુબાજુનાં ગામડાં ખૂંદીને, જેમણે આવાં નાટકો ભજવ્યાં હોય એમની પાસેથી માગીને લઈ આવ્યા. પછી પાટો ગોઠવીને સ્ટેજ બનાવ્યું ને ઉપર અને આજુબાજુ મોદ્યો બાંધીને સાડીઓથી શણગારી તૈયાર કરી દીધું. ધલજીકાકાને ત્યાંથી ચાદરો માગી લાવીને બે પડદાય બનાવી દીધા. સ્ટેજની બજુમાં થોડે દૂર બાજરીના પૂરાનાં, ઘરાં જેવાં લાગે એમ દસપંદર ઓઘલાં પણ લંકાદહન માટે ગોઠવી દીધાં.

અમારા હડમાને પણ વડની મૂળીની સાથે વાંસની સળીઓ ગોઠવીને ઉપર લૂગડાની પટ્ટીઓ વીંટીને લગભગ

સાત ફૂટનું પૂછડું, મુગટ તથા ગદા જાતે જ તૈયાર કરી દીધાં હતાં. ગોતાએ યાદી કરી દીધી હતી એમાં જે ખૂટતું હતું એ એકઠું કરતાં બધાને નાકે દમ આવી ગયો. છતાં છેવટે બધું થઈ તો ગયું જ.

ને એમ કરતાં ગ્રાન્ડ રીહર્સલનો સમય આવી ગયો. માગી લાવેલી ચાર પેટ્રોમેક્સમાં ખાસ્સું અડધો ડબ્બો કેરોસીન ભરીને સ્ટેજ પર ઝગમગાટ કરાઈ ગયો. બશેર જેટલા શંખજીરૂના પાવડરમાં લવંડર રંગ નાંખીને બધા ભજવનારનાં મોઢાં ને હાથ પર મેકપનો ઢોળ ચઢાવી દેવામાં આવ્યો.

હજુ આ તૈયારી ચાલતી હતી ત્યાં તો બસો કરતાં વધારે અનઆમંત્રિતો તો આવી પણ ગયા હતા. કેટલાક તો સ્ટેજની સામે બેસવાને બદલે સ્ટેજની અંદર આવી સલાહ આપવાના પૂણ્ય-કાર્યમાં લાગી ગયા હતા. બધાને બહાર કાઢતાં અમારે નાકે દમ આવી ગયો. છેવટે બધી તૈયારી થયાની ખાતરી કરી ગોતાએ નાટક શરૂ કરવાની સૂચના આપી ને એક સામટા મૃદંગ, કાંસી, ભૂંગળના અવાજ અને બંદૂકના ભડાકા સાથે પડદો ખૂલ્યો.

બધા ઉત્સાહમાં હતા એટલે અને એક મહિનાનું રીહર્સલ કરેલું હતું એટલે નાટક જામતું હતું. વચમાં વચમાં 'અલ્યા આ તો ભગલો ને આ તો શનિયો, એવા અવાજો જોનારા તરફથી આવતા હતા. સીતાહરણ વખતે નક્કી કર્યા પ્રમાણે રાવણે સીતાને ધક્કો મારીને વીંગમાં ધકેલતી વખતે કાં તો ધક્કો જરા જોરમાં વાગ્યો હોય કે પછી શરતચૂકથી શનિયો સ્ટેજની પાછળની બાજુ ઊથલી પડ્યો ને એને બચાવવા જતાં બીજા બે જણા લથડીને એની ઉપર પડ્યા.

ધૂળ ખંખેરીને ઊભો થતાં શનિયો કહે: 'એણે મને જાંણી જોઈને જોરથી ધક્કો માર્યો છે. એને કાલે ખબર ના પાડી દઉં તો મારું નાંમ શનિયો નહીં.' છેવટે અમારી બધાની સમજાવટથી શનિયો શાંત પડ્યો. જો કે બહાર કોઈને આની ખબર પડી ન હતી.

પણ ખરી તકલીફ તો લંકાદહન વખતે થઈ. ફતાનું પૂરા સાત ફૂટનું પૂછડું. એ પૂછડા પર તેલ તો ક્યાંથી લાવવાનું પણ એને બદલે કેરોસીનથી એને ભીંજવવામાં થોડો અતિરેક થઈ ગયો. પૂછડા પર લૂગડાની પટ્ટીઓ વીંટેલી હતી એમાં સરકતું કેરોસીન છેક ફતાના કમરબંધ સુધી પહોંચી ગયું.

પૂછડું સળગાવવામાં આવ્યું ને હડમાન જતિ રંગમાં આવી ગયા. સંવાદ બોલતાં એણે જે ઠેકડો માર્યો, કે એનો જવાબ આપતું હોય એમ એમનું પૂછડું એવું તો ઝડપથી આમતેમ વીંઝાયું કે સ્ટેજની આસપાસ લટકાવેલી બે સાડીયોય એની લપેટમાં આવી ગઈ. ગભરાઈને બધા સ્ટેજ પરની આગ ઠારવા શું કરવું એની દોડાદોડ કરવા માંડ્યા. ત્યાં કૂદકો મારીને સ્ટેજ પરથી ભાગવા જતાં એક જણનું માથું પેટ્રોમેક્સ સાથે ભટકાયું ને પેટ્રોમેક્સ એના હૂક પરથી નીકળીને સ્ટેજ પર પટકાઈ. એનું મેન્ટલ તૂટી ગયું ને એમાંથી કેરોસીની ધૂમાડી નીકળવા માંડી. કોઈ શું કરવું એનો વિચાર કરે ત્યાં તો પેટ્રોમેક્સ આખી આગની લપેટમાં આવી ગઈ. પેટ્રોમેક્સ ફાટવાની બીકે બધા કૂદીને ભાગ્યા.

ત્યાં ફતાનું પૂછડું આખું સળગવા માંડ્યું. હવે ફતો ગભરાયો. એણે સ્ટેજની ઊભી વળી પકડીને છલાંગ લગાવી ને ગભરાટના માર્યા સીધી દોટ દીધી પેલાં પૂરાનાં ઓધલાં તરફ. આજે એણે એ તરફ જવાનું ન હતું એવી ફતા ડાયરેક્ટરની સૂચના એને આવી કટોકટીમાં કામ આવે ક્યાંથી? એ તો ભાગ્યો સીધો તળાવ તરફ. એના સળગતા પૂછડાએ બધાં ઓધલાંને તો ઝડપમાં લીધાં જ પણ એવોએ એટલો ગભરાયેલો હતો કે રસ્તા પર ભાગવાને બદલે એ ભલાકાકાના વાડા પાર પડ્યો. એમની જુવાળના હજાર પૂળાની ધોઈય હડફેટમાં આવી ગઈ.

આ તરફ હડમાનના વેગ અને વજનથી સ્ટેજની વળી બટકાઈ ગઈ ને આખું સળગતું સ્ટેજ, બાકીની ત્રણેય પેટ્રોમેક્સ સાથે પેલી પાટો પર ઢગલો થઈ ગયું. ને હોળીની જેમ ભડકો થયો. એનું જે થવાનું હશે એ થશે પણ ફતાનું શું? અમે બે-ચાર જણા ભાગ્યા ફતાની પાછળ. ઓવોઓ ભાગ્યો હતો તળાવ તરફ ને એને તરતાં તો આવડતું ન હતું. પણ અમે એને પકડી પાડીઓ એ પહેલાં તો એ તળાવને કિનારે પહોંચી ગયો હતો. એણે તળાવના આરામાં બેસી પૂછડું હોલવવાને બદલે એણે સીધો તળાવમાં જ કૂદકો માર્યો. અમે કિનારે પહોંચ્યા ત્યારે હડમાનજીની પૂછડીનો હજુ સળગતો રહેલો છેડો જ પાણી પર દેખાતો હતો.

અમે બધા સામટા કૂદી પડ્યા ને એને બહાર ખેંચી કાઢ્યો ત્યારે એ નહીં નહીં તોય બશેર જેટલું પાણી તો પી ગયો હશે.

અમારી પાછળ દોડી આવેલા દોસ્તોએ અમને બધી વાત કરી. ભલાકાકાનો વાડો સળગી ગયો હતો. સ્ટેજની હોળીમાં મોટા ભાગની પાટો વાપરવા લાયક રહી ન હતી. સાડીઓ, મોદો અને વાંસ-વળીઓ તો પૂરેપૂરી બળીને રાખ થઈ ગઈ હતી.

છેવટે બધાનો મત એવો થયો કે બધું ઠંડુ પડે ત્યાં સુધી કોઈએ ગામમાં ફરકવા જેવું નથી. ને અમે બધાએ જાતરાના ધામ ડાકોર તરફ દોટ દીધી. ભગવાનનું ધામ તો ખરું.

અનુક્રમ ►

# ૧૦. સેવકલાલ

જો તમે અમારા એરિયામાં આવ્યા હો તો અમારા સેવકલાલનો તમને પરિચય થયો જ હોય. જો એમનો પરિચય ન થયો હોય તો બહુ ચિંતા કરવા જેવું નથી. હા પરિચય થયો હોય તો ચિંતા કરવા જેવું ખરૂં. એમને ગામની બધી વાતમાં માથું મારવાની કુટેવ. ઘણી વખત આપણને લાગે કે એ સાવ અબૂધ છે તો ઘણી વખત એ પૂરી પહોંચેલી માયાય લાગે.

એમના સ્વાતંત્ર્યસેનાનીપણાની વાત પણ જાણવા જેવી છે. આ સેવક આમ તો સ્વરાજ્ય મળ્યા પછીની પેદાશ છે પણ એમના બાપ તરફથી એમને એ વારસામાં મળેલું છે. એમના બાપને ૧૯૪૫માં પાડોશી સાથેના ઝઘડામાં બે વરસની સજા થયેલી. ને સ્વરાજ્ય મળ્યા પછી એમણે આ પેન્શન માટે અરજી કરેલી. ને એમનું ભથ્થું ચાલું થઈ ગયેલું. બધું લોલમલોલ.

મામકાવાળી સરકારે એમને સ્વાતંત્ર સેનાનીનું ખાસ્સું ભથ્થું બાંધી આપેલું છે એટલે એમને કમાવાની તો જાણે ચિંતા નથી એટલે અમારા પંથકનાં પાંચસાત ગામડાંમાં ફર્યા કરે છે ને કામની ને ન કામની વાતોમાં માથું મારી, સલાહ આપી એ પોતે ગાંધીવાદી સેવક હોવાની હવા ફેલાવવા પ્રયત્ન કર્યા કરે છે.

પણ તમને તો આવાં ગામડાંની પરિસ્થિતિની તો ખબર હશે જ ને. કોઈ એમની આવી વાતોમાં આવી જતું નથી. કોઈક એમની ઠેકડી ઉડાડે છે તો કોઈ એમની સામે લઢવાય તૈયાર થઈ જાય છે. હજુ ગઈકાલે જ અમારા ગામમાં બનેલો એક પ્રસંગ એમના પરિચય માટે પૂરતો થઈ પડશે.

અમારા ધનજી મોટા ને એમનાં પત્ની માણેકકાકી એમના ઘરની રવેસીમાં ગપ્પાં મારતાં બેઠાં હતાં ત્યાં આપણા સેવકલાલ ખભે બગલથેલો લટકાવીને આવી પહોંચ્યા. 'જયહિંદ, ધનજીકાકા, કેમ છો?'

'ઊભા રહો હું પાથરણું મંગાવું.' ધનજીકાકાએ ખાલી વિવેક કરવા કહ્યું. હવે અમારા આ ધનજીકાકાય પૂરી પહોંચેલી માયા છે. જે એમની હડફેટે ચઢ્યો કે મૂવો જ સમજો.

'પાથરણાની કશી જરૂર નથી, કાકા. અમારાં ખાદીનાં લૂગડાં પાથરણા જેવાં જ છે.' કહેતાં સેવકલાલ રવેસીની ઓટલી પર ગોઠવાઈ ગયા

'સેવકલાલ માટે ચા બનાવજે બેટા.' ધનજીકકાકાએ કહેવા પૂરતું ચાનું જોખમ લીધું.

ત્યાં તો સેવકલાલ બોલી ઊઠ્યા: કાકા, ચા નહીં. ફક્ત તુલસીનાં પાનનો ઉકાળો. બાપુએ ચા પીવાની સ્પષ્ટ ના પાડેલી છે.'

'તે તમારા બાપ બહુ ભગતીવાળા હશે.' કાકાએ કાકી સામે ઈશારો કરતાં સમજ્યા છતાં કહ્યું.

'મારા બાપુ નહીં.'

'હેં, તમારે બાપ જ ન હતા?' હવે કાકી પણ કાકાની સાથે જોડાયાં.

'મેં જે વાત કરી એ ગાંધીબાપુની, એમણે ચા પીવાની ના પાડેલી છે. મારા બાપુએ નહીં.'

'તે તમે ગાંધીબાપુને રુબરૂ મળેલા?'

'એમને મળવાનાં મારાં ભાગ્ય ક્યાંથી? બાપુની હત્યા થઈ ત્યારે તો મારો જનમેય નહીં થયેલો. પણ એમનું સાહિત્ય વાંચીને મેં જીવનમાં ઘણું ઉતાર્યું છે.'

'આ ખાદીય એ સાહિત્ય વાંચીને પહેરવા માંડી હશે.'

'હા, એમ જ થયેલું.' સેવકે કહ્યું,

ત્યાં કાકાની દીકરી લોપા ઘરમાથી બહાર આવી: 'કેવો ઉકાળો?'

'તુલસીનાં દસપંદર પાનાં અને મોરસ ને ચપટીક વાટેલી સૂંઠ દૂધમાં નાંખીને ઊકાળવાનાં.' ને લોપા ઘરમાં ગઈ એટલે સેવક કહેઃ 'મને લોપાબેનના મોં પરથી એમ લાગે છે કે એમને સાસરીમાં પજવણી થતી હશે.'

'ના રે એવું કાંઈ નથી.'

'એવું હોય તો મારાથી છુપાવશો નહીં.' સેવકલાલ પાછા મૂળ વાત પર આવી ગયા.

'તમને કેમ એવું લાગે છે એ જ સમજાતું નથી. મને લાગે છે કે તમને કમળો થયો છે એટલે બધે એવું દેખાય છે.' કાકાને સેવકની આ જ્યાં ત્યાં માથું મારવાની ટેવ ગમતી ન હતી.

'તો પછી આ હોળીના તહેવાર આવે છે ને બેન અહીં પિયરમાં કેમ છે? ખોટું ન લગાડતા, આ તો અમારું સેવાનું કામ જ એવું એટલે પૂછું છું.'

'તમે પરણ્યા નથી એટલે તમને એ નહીં સમજાય પણ પરણ્યાને પહેલે વરસે દીકરી હોળી પર પિયરમાં જ હોય એવો અમારો રિવાજ છે.' કાકીએ લોપા બે દિવસ પછી પાછી જવાની હતી એ વાત કરવાને બદલે કહ્યું.

'તમે અમારી કે લોપાની ચિંતા કરવા કરતાં ઉકાળો પીઓ ને બીજી વાત કરો.' કાકાએ કહ્યું.

'હું ભૂલતો ન હોઉં તો થોડા સમય પહેલાં હું સેવાફેરી કરતાં આ ગામમાં આવેલો ત્યારે તમારે ઘેર જ ઉકાળો પીધેલો ને મઠિયાંય ખાધેલાં એવું મને ચોક્કસ યાદ છે. તમારા ઘરનાં મઠિયાંની મીઠાશની તો વાત જ કોઈ ઓર. હું જ્યાં જાઉં ત્યાં એની વાત કર્યા સિવાય મારાથી રહેવાય જ નહીં.'

એમની વાતનો મર્મ પામી જતાં કાકી કહે: 'એ વખતે તો દિવાળી આવતી હતી એટલે મઠિયાં કરેલાં, અત્યારે તો સામે હોળી આવે છે એટલે ધાણી-ચણા હોય પણ એ તો ઉકાળા સાથે ખવાય નહીં ને!'

'ધાણીચણા તો ગરીબનું મિષ્ટાન કહેવાય. બાપુ કાયમ કહેતા કે ઘરની બહાર નીકળતી વખતે ગજવામાં રૂપિયા ન હોય તો વાંધો નહીં પણ શેર ચણા તો ગજવામાં નાંખી જ જવા.'

'કોણ ગાંધીબાપુ એવું કહેતા હતા?' કાકા-કાકીએ સેવકને ઉડાવવા માંડ્યો.

'ના મારા બાપુ એવું કહેતા. હું એમની એ શિખ કાયમ યાદ રાખું છું. આજેય ગજવામાં ચણા નાંખીને જ નીકળેલો પણ રસ્તામાં એક ગરીબ સ્ત્રીને જોઈને મારું હૃદય દ્રવી ગયું તે એની ઝોળીમાં બધા ઠાલવી દીધા. સેવાનો ભેખ લીધા પછી સ્વાર્થને કેમ વળગી રહેવાય?'

'તે તમારા બાપા હજુય એવી શિખામણ આપ્યા કરે છે?'

'ના, એ તો ગુજરી ગયા.'

'એ તો ઘણું ખોટું થયું. એ હયાત હોત તો તમને ગાંધીને મારગે ચાલતા જોઈને એ કેટલા ખુશ થાત! લાગે છે કે એય ગાંધીના માણસ હશે.'

'ના, એ તો ઊલટા ગાંધીને ગાળો ભાંડતા હતા.'

'આ તમે ચણાની જે વાત કરી તે તમારાં ઘરવાળાંને ફેરે આખી ગુણી ચણા શેકવા પડતા હશે.' કાકી.

'ના હું હજુ પરણ્યો નથી.' સેવક.

ત્યાં બાજુમાથી ચંદુ ચકડોળ આવી પહોંચ્યો.

'તમારી વાતોનો ગણહારો આવ્યો એટલે મને થયું કે કોઈ હાથ જોવાવાળો આયો હશે એટલે હું બહાર આયો.'

'આયો તો બેસ. સેવકને હાથ બતાય.' કાકા.

'એમને હાથ જોતાં આવડતું હોત તો અત્યાર સુધી કુંવારા ફરતા હોત!' ચંદુએ એની ભાષામાં કહ્યું.

'એ બધું ધતિંગ છે.'

'એમાં ધતિંગ જેવું શું છે? તમે પરણ્યા નથી એની તો આખા ગામને ખબર છે.'

'અમે બીજી વાતો કરતા હતા.'

'શાની?'

'એમારે તો આઠે પહોર બસ સેવાની જ હોય, ચંદુભાઈ.'

'પણ હું તમારી પરણવાની વાત કરતો હતો. તે તમે સેવક હજુ સુધી પરણ્યા કેમ નથી?'

'બાપુનો આદેશ છે કે પરણવું તો કોઈ વિધવા કે ત્યક્તા સાથે જ પરણવું નહીં તો આજીવન કુંવારા રહેવું.'

'તે તમારા બાપુ પરણેલા નહીં?' ચંદુએ સેવકને ઉડાવતાં પૂછ્યું.

'એની તો મને ખબર નથી, પણ હું તો ગાંધી બાપુની વાત કરતો હતો, મારા બાપુની નહીં.' ગૂંચવાતાં સેવકે કહ્યું.

'એમ કેમ બને? તમારા બાપુ પરણ્યા હતા કે નહીં એની તો તમને ખબર હોવી જ જોઈએ ને! તમે જાનમાં તો ગયા જ હશો ને!' ચંદુએ સેવકને ચકડોળે ચઢાવ્યા.

હવે સેવકલાલ ગૂંચવાયા. એ કહેઃ 'મને કશું યાદ નથી આવતું. જો એમણે ગાંધી બાપુની જેમ એમની આત્મકથા લખી હોત તો હું જાણી શકત.'

'એનો વાંધો નહીં સેવકજી પણ તમે પરણો કે નહીં પણ તમારી આત્મકથા જરૂર લખતા જજો.'

'હા, એટલે તમારાં છોકરાંને એટલી તો ખબર પડે કે તમે પરણ્યા હતા કે નહીં.' કાકાએ કહ્યું. ચંદુ ચકડોળ અને કાકાને કોઈ ભટકાઈ જાય એટલે એનું આવી જ બન્યું. આજે સેવક એમની અડફેટે ચઢી ગયા હતા.

કાંઈક વિચારતાં સેવક કહેઃ 'તમારી એ વાત સાચી. આજ સુધી મને એ વિચાર જ નહીં આવેલો.'

'શાનો, પરણવાનો?' ચંદુએ જાણ્યા છતાં મમરો મૂક્યો.

'ના, આત્મકથા લખવાનો. મારી આત્મકથામાંથી ભાવિ પેઢીને ઘણી પ્રેરણા મળશે. બાપુની જેમ....'

પણ તેમને વચમાંથી જ અટકાવતાં ચંદુ બોલી ઊઠ્યોઃ 'તમે વાતવાતમાં બાપુને આગળ કર્યા કરો છો તે તમારા બાપુ કોઈ મોટા વિદ્વાન માણસ હતા કે શું?'

'હું મારા બાપુની વાત નથી કરતો. હું તો ગાંધી બાપુની વાત કરું છું. એમની મહાનતાની વાત જ ન થાય. તમારા ગામમાં કોઈ મોટા માણસ જન્મેલા?'

'ના અમારા ગામમાં તો બધાં નાનાં છોકરાં જ જન્મે છે, કેમ કાકા?'

'હા, પછી ધીમે ધીમે મોટાં થાય.'

'તમે મારા કહેવાનો મતલબ ના સમજ્યા. મોટા એટલે મહાન માણસ.'

'અમે એ જ કહીએ છીએ, બધાં નાનાં છોકરાં જ જન્મે છે. પછી કેવી રીતે ખબર પડે કે એ મહાન માણસ છે?'

'એવી તો ખબર ના પડે પણ આટલાં વરસથી આ ગામ છે તે કોઈ મહાન માણસ અહીં થઈ ગયા હોય તો એની તો તમને ખબર હોય ને!'

'કદાચ થયા હોય તોય એ તો મરી ગયા હોય.'

'મરી ગયા હોય એનો વાંધો નહીં.'

'તમે તો કેવા માણસ છો? તમે ગાંધીના માણસ થઈને કહો છો કે મરી ગયા હોય તો વાધો નહીં!'

'મારું કહેવું એમ હતું કે માણસ મરી ગયા હોય તોય એ મહાન હોય તો સહાન જ રહે છે. જો તમારા ગામમાં એવા કોઈ માણસ થઈ ગયા હોય તો.....'

'એ તો કોઈ એમને પૂછે તો ખબર પડે કે ભાઈ તમે મહાન હતા! ને મર્યા પછીય તમે મહાન રહ્યા છો તો સાચી વાતની ખબર પડે.'

'એમાં પૂછવાનો સવાલ જ ઊભો થતો નથી.'

'કેમ નથી થતો? તમારી આ સરકારે સ્વાતંત્ર્ય સૈનિકોનાં ભથ્થાં બાંધી આપ્યાં એમાં એવાએ કઈ જેલમાં કેટલા દિવસ રહેલા એની તપાસ કર્યા વગર કેટલાય મામા-ફોઈનાંને પેન્શન ખાતા કરી દીધા છે એવું ન થાય એટલે પૂછવું પડે.'

'અરે કાકા, એમાં કેટલાક દાખલા તો એવા છે કે અંગ્રેજી અમલદારોના રસોડામાં વાસણ માંજતા હતા એવાય અત્યારે આવાં ભથ્થાં ખાય છે. એ જેલમાં તો શું પણ ક્યારેય સરઘસમાંય નહીં ગયા હોય.'

'એ વાત જવા દો. ગામમાં કોઈ બેનને સાસરી પક્ષે દુખ હોય તો કહો.'

'એની તો સેવક જેને સાસરી હોય એને ખબર પડે. તમારે તો સાસરી જ નથી એટલે કોઈને કદાચ દુખ હોય તોય તમને એમાં સમજણ નહીં પડે.'

'આ વાત નાકળી છે તો સેવક સાચું કહેજો, તમે પરણવામાંથી આજ સુધી કેમના રહી ગયા? તમને આજ સુધી કોઈ વિધવા કે ત્યક્તા ન મળી?' કાકાએ ઠાવકે મોંએ પૂછ્યું.

'હમણાં બે મહિના પહેલાં એવો યોગ આવ્યો હતો.' સેવકલાલ બોલ્યા.

'હેં, તો પછી જવા કેમ દીધો? અમને કહો તો એનો રસ્તો કાઢી આપીએ.'

'વારસિયામાં પેલા વચલા ફળિયાવાળા મનસુખભાઈની દીકરી રેવતી ખરી ને. તે એનાં સાસરીવાળાં એને બહુ પજવતાં હતાં તે મેં એમાં રસ લઈને દરમિયાનગિરી કરેલી અને એ રેવતી હા, ના કરતી હતી તોય એના છૂટાછેડા કરાવી આપેલા.'

'આ તો ભાઈ નવા પ્રકારની સેવા. એને છૂટાછેડા નહોતા લેવા તોય તમે એને છૂટાછેડા કરાવી આપેલા એ તો નવી નવાઈની સેવા કહેવાય. પછી?'

'પછી શું? મને થયું કે એક ત્યક્તા નારીનો ઉધ્ધાર કરવાની તક આવી છે. મેં એનો હાથ પકડવાની તૈયારી બતાવી. મેં એને મારા પણની વાત કરી ને સાથે બાપુના આદેશનીય સમજણ આપી પણ એ અભાગિણી ન માની. ઊલટું એના બાપે મને ધક્કો મારી ઘરની બહાર કાઢી મૂક્યો. જો એ માની ગઈ હોત તો મારુંય નામ થાત અને એનેય કીર્તિ મળત ને ગાંધીબાપુના આદેશનું પાલન પણ થાત.'

'પણ તમે એમ સીધો હાથ પકડવા જાવ તો એનો બાપ તમને ધક્કો જ મારે ને!'

'તમે સમજ્યા નહીં. મેં એનો હાથ નહીં પકડેલો. અમારી સેવાની ભાષામાં હાથ પકડવો એટલે ઉધ્ધાર કરવો.'

'તે એ રેવલીના બાપેય તમને એની સેવાની ભાષામાં જ ધક્કા માર્યા હશે.' ચંદુએ કહ્યું.

'તમે મારી મશ્કરી કરો છો પણ ક્યારેક તમને મારી નિષ્ઠાની ખબર પડશે.'

'અમે તમારી મશ્કરી નથી કરતા. તમે હિંમત ન હારતા. સેવા કરતા રહેશો તો ક્યારેક મેવા મળી જ રહેશે.' કાકાએ ઠાવકું મોં રાખી કહ્યું.

'સાવ સાચી વાત. જો તમારું ધ્યેય પાર પાડવું હોય તો એક જગ્યા છે. જો તમે આવી ગાંધીવાદી નમ્રતાને બદલે સ્હેજ જુસ્સાથી કામ લો તો એક અબળાનો ઉધ્ધાર થાય એવું છે ને તમારું પણેય સચવાય એવું છે.' ચંદુએ મમરો મૂક્યો ને સેવકની સાથે કાકા ને કાકીય એ ઠેકાણું જાણવા ચંદુની સામે તાકી રહ્યાં.

'એવું હોય તો ગમે એવું હોય તો હું જીવને જોખમેય કામ પાર પાડીશ.'

'પેલા સોની ફળિયામાં મગન ભરાડી રહે છે એની બૈરીને એના ત્રાસમાંથી છોડાવવાનું કામ કરવા જેવું છે. એવી રૂપાળી ને સાલસ છોકરી છે તોય મગનો એને ત્રાસ આપે છે.'

કાકા ને કાકી ચંદુની ચાલ સમજી ગયાં. કાકા કહેઃ 'એમાં સેવક જેવાનું કામ નહીં.'

'અરે સેવાનું કામ હોય તો કેસરિયાં કરવાં પડે તોય હું પીછેહઠ કરું તેવો નથી.'

'એની બૈરી અમદાવાદમાં રહે છે. મગનો એને નથી તેડતો કે નથી છૂટાછેડા આપતો.'

કાકી કહે: 'બિચારી પારેવા જેવી છોડીનું જીવતર ઝેર કરી દીધું છે એણે. એવી રૂપાળી અને ભણેલી છોડી એને મળી એ જ એનું ભાગ્ય કહેવાય પણ કાગડાને દહીંથરાની શી સમજણ પડે?'

'એટલે તો કહું છું કે એમાં સેવક જેવા સુંવાળા માણસનું કામ નહીં. એને ગાંધી બાપુની શરમ નડે તેમ નથી. એને તો કોઈ માથાનો મળે તો જ એ કાબૂમાં આવે એવો છે.' કાકાએ સેવકને ચાનક ચઢાવવા મમરો મૂક્યો.

'મને એનું ઘર બતાવી દો એટલે આજે જ હું સેવાનો યજ્ઞ શરૂ કરી દઉં.' સેવક ઉત્સાહમાં એવી ગયા.

'એમાં યજ્ઞ કર્યે ચાલે તેમ નથી. સામે હોળી આવે છે એવી હોળી આમાંય કરવી પડે તેમ છે.'

'એનોય વાંધો નહીં. સેવાનો ભેખ લીધો ત્યારથી કેસરિયાં કરેલાં જ છે.'

'તો કરો કંકુના. લોપા, અંદરથી મૂઠી ચણા આપ સેવકને. એમને સેવા કરવા જવું છે.' કાકાએ કહ્યું. ને લોપાએ ઘરમાંથી વાટકી ચણા લાવી સેવકની ઝોળીમાં ઠાલવ્યા.

'જુઓ સેવકલાલ તમે રહ્યા ગાંધીના માણસ એટલે તમારે તો જાણે કશો વાંધો નહીં પણ અમારે તો ગામમાં રહેવાનું એટલે અમારું નામ વચમાં ન આવે એની કાળજી રાખજો.' ચંદુએ પાણી પહેલાં પાળ બાંધતાં કહ્યું.

'એ વાતે તમે બેફિકર રહેજો. આભ જમીન એક થઈ જાય તોય તમારાં નામ વચમાં નહીં આવે એ મારું વચન છે, બસ? ' કહેતાં સેવકે જવા તૈયારી કરી.

ચંદુ કહે: 'તમે વચન આપ્યું એટલે અમને ધરપત વળી. તમે રહ્યા ગાંધીના માણસ એટલે અમને તમારો વિશ્વાસ કે વચમાં અમારાં નામ નહીં આવે. પણ એનાથી સાચવજો. પહેલાં તો એ સાવ નામક્કર જ જશે. કહેશે કે અહીં પરણ્યું છે જ કોણ? પણ તમે મક્કમ રહેશો તો છેવટે માનશે.'

'તો જય હિંદ.' કહેતાં સેવકલાલ ચંદુની છેવટની શિખામણ ગાંઠે બાંધી ઊપડ્યા મગના ભરાડીને નાથવા.

એમના ગયા પછી કાકા, કાકી અને ચંદુ મલકાઈ રહ્યા. લોપા કાંઈ ન સમજાતાં બોલી: 'પણ ચંદુભાઈ, એ મગનકાકા પરણ્યા જ ક્યાં છે?'

'એની તો અમને ખબર છે પણ આ સેવકડાને પાઠ ભણાવવો હતો. પેલી રેવતીની મરજી ન હતી તોય એણે બાપડીના છૂટાછેડા કરાવી આપ્યા હતા. આજે બરાબરનો લાગમાં આવ્યો છે. જો તું અમારે માટે સરસ મઝાની ચા મૂકી લાવ.'

'ગાંધી બાપુનું તો ખાલી નામ દે છે એટલું જ બાકી એણે પોતે પરણવા માટે જ બિચારીનું છૂટ્ટું કરાવેલું. જો એને કોઈ વિધવા વિવાહનું ભૂત વળગાડી દે તો એ કોઈકને મરાવી નાંખીને એની બૈરી સાથે પરણવા નીકળે એવો છે.'

પછી ચા પીવાઈ એ પછીય બધાં અલકમલકનાં ગપાટાં હાંકતાં રહ્યાં. એમ કરતાં કલાકેક વીત્યો હશે ત્યાં દૂરથી કોલાહલ સંભળાયો. થોડી વારે સેવક લોહી નિંગળતા કપાળ પર રૂમાલ દબાવતા આવી પહોંચ્યા. 'સાવ અસંસ્કારી માણસ. મને કહે હું પરણ્યો નથી પણ તારી બેન કુંવારી હોય તો મારી સાથે પરણાવ એટલે એને છૂટાછેડા આપું. એણે મને છૂટો ધોકો માર્યો.'

'અમે તો તમને પહેલેથી જ કહ્યું હતું કે એ માણસ સાવ લબાડ છે. હવે એની વાત પડતી મૂકો, એની સામે તમારા જેવા ભોળા માણસનું કામ નહીં.'

'તમે એની ચિંતા ન કરશો. હવે તો એ છે ને હું છું. હવે એનેય ખબર પાડી દઈશ કે કોઈ ગાંધીવાદી સેવક એને ભેટ્યો હતો.' કહેતાં સેવક ગયા ને કાકા ને ચંદુ હાથતાળી દેતા હસી રહ્યા.

અનુક્રમ ►

# ૧૧. સંપેતરાં

જે લોકો પરદેશની મુસાફરીઓથી ટેવાયેલા હશે એ લોકો આ સંપેતરાંના શૈતાની ચરખાની લપેટમાં આવી જ ગયેલા હશે. આ સંપેતરાંનાય પ્રકાર હોય છે. કેટલાંક રૂપાળાં હોય તો કેટલાંક ગંધાતાં હોય. કેટલાંક નાના કદનાં હોય તો કેટલાંક ખાસ્સી જગયા રોકે તેવાંય હોય. કેટલાંક હલકાં હોય તો કેટલાંક ખસ્સાં વજનદાર પણ હોય. કેટલાંક છૂપાં પણ હોય, જે લઈ જનારની નજરથી જ છૂપાં હોય પણ કસ્ટમ ઈન્સ્પેક્ટરની નજરથી છૂપાં ન રહી શકે. તો વળી કેટલાંક ઉકરડે નાખવાને બદલે અમેરિકા મોકલવા કાઢ્યાં હોય એવાંય હોય. ક્યાં પોસ્ટ પારસલનો ખર્ચ કરવાનો હતો?

જેમ સંપેતરાંના પ્રકાર હોય છે એમ એ વળગાડવાના પણ અનેક નુસખાઓ હોય છે. તમારા જેવા ઘરના માણસ સાથે જ ...., એ બાપડો હજુ નવોનવો છે એટલે એને પરદેશની મોંઘી દવાઓ ના પોસાય એટલે આ પૂણ્યનું કામ છે..., એને ઘરનાં જ પાપડ કે અથાણાં સિવાય બીજાં ભાવતાં નથી એટલે... વગેરે વગેરે.

અમારો મિત્ર ભગુ કહેવાય તો અમેરિકાવાસી પણ દર વરસે એક વખત તો એ દેશમાં આવે જ. એને એક બૂરી ટેવ. એ જે દિવસે અમેરિકા પાછો જવાનો હોય એ દિવસની જાહેરાત એ અઠવાડિયા પહેલેથી સગાં-સ્નેહીઓમાં કરતો ફરે. એટલેથી અટકતો હોય તો સારું પણ આ ભડનો દીકરો પાછો બધાને કહેતો ફરે: કાંઈ કામ હોય તો કહેજો. હવે તમને, મને ને બધાને ખબર છે કે આવું કોઈ સામેથી કહેનાર મળે તો ન હોય એનેય કામ નીકળી આવે. વળી કેટલાક તો ભગુના જવાની તારીખની જ વાટ જોતા બેઠા હોય. પછી ભગુને ત્યાં જાતજાતનાં સંપેતરાં આવવા માંડે.

આ મોકલનારા જાણે એમ માનતા હોય કે અમેરિકા એમના આ મગનીપુરા જેવું એક નાનકડું ગામડું હશે એટલે ભગુ જાતે જઈને બધાંને વસ્તુઓ હાથોહાથ આપી આવશે. પણ અમને કેટલાક દોસ્તોને જ ખબર છે કે એ બધી ચીજો પોસ્ટમાં કે યુપીએસમાં બધાને મોકલવાના જ ભગુને સીત્તેરથી એંસી ડોલર થઈ જાય છે. દર વરસે જ્યારે આવે ત્યારે એ બધી હૈયાવરાળ કાઢતો હોય છે પણ પાછા જતાં એ બધું ભૂલીને પાછાં નોતરાં દેવા મંડી પડતો હોય છે.

અમેરિકામાં ૯-૧૧ થયા પછીની પહેલી સફરમાં એને બહુ ખરાબ અનુભવ થયેલો. મગનકાકાની ખાટી આંબલીની ઉપાધિએ એ જેલમાં જતાં માંડ બચેલો. વાત એમ બનેલી કે મગનકાકાએ એમના સાળાના સાઢુ માટે ત્રણ વરસની ખાસ સીઝન થયેલી ખાટી આંબલીનું ખાસ્સું બે કીલોનું સંપેતરું એને વળગાડેલું. ત્રણ વરસના સીઝનીંગને કારણે એ આંબલી જાણીતી અને અજાણી એવી બધી દુર્ગંધો ગ્રહણ કરી ચૂક્યું હતું.

ન્યુ યોર્કના એરપોર્ટ પર એની બેગ ખોલી કે સહુથી પહેલું એ મગનકાકાવાળું પેકેટ જ હાથમાં આવ્યું. કસ્ટમવાળાએ એને એક છેડેથી સ્હેજ ફાડીને સુંઘી જેયું ને ત્રણ વરસના સીઝનીંગની વાસ-દુર્ગંધથી એને કમકમિયાં આવી ગયાં. એણે ચીસ પાડી: ઓપિયમ...(અફીણ).

એની એ ચીસથી આખા કસ્ટમ ખાતામાં જાણે ધરતીકંપ થયો હોય એવી હલચલ મચી ગઈ. હજુ તો ભગુ કાંઈ સમજે કે બોલે તે પહેલાં તો  એને બે પોલીસવાળાએ જકડી લીધો. હવે વાત એવી કે આપણા ભગુભાઈ મારા જેટલું ઊંચું ભણેલા એટલે એમને ઓપિયમ બોપિયમમાં કશી સમજણ ના પડી પણ સામે જ મગનકાકાવાળું પેકેટ પડ્યું હતું એ તો દેખાતું હતું ને? એણે બોલવા પ્રયત્ન કર્યો: 'નોટ ઓપિયમ... નોટ ઓપિયમ ઈટ ઈઝ ખાટી આમલી.'

પેલો કસ્ટમવાળો અમારી મગનીપુરાની ધૂડિયા ઈસ્કોલમાં ભણેલો નહીં એટલે એને આ ખાટી આંબલીમાં શી સમજણ પડે? પલકમાં તો લેબોરેટરીની વાન આવીને ખડી થઈ ગઈ. ને પાંચ જ મિનિટમાં એમણે મગનકાકાની આ આંબલીને ઓળખી કાઢી. કસ્ટમવાળા બે કીલોના આ ગંધાતા પારસલમાં ઓપિયમ ન નીકળતાં થોડા નિરાશ તો થયા છતાં આવી હાથ આવેલી તકને એ લોકો એમ સહેલાઈથી જવા દે ખરા? એમણે ભગુના હાથમાં એક ગાર્બેજ બેગ પકડાવી દીધી અને કહ્યું: આ બેગમાં એ સ્ટફ મૂકીને બરાબર બંધ કરીને સામેની કંટેઈનરમાં નાખી આવ પછી હાથ ધોઈને અહીં પાછો આવ. પછી કશું વાંધા પડતું ન હોવા છતાં ભગુભાઈનો માંડ બે કલાકે છૂટકારો થયો. આટલી ઠોકર ખાધા પછીય સુધરે એ બીજા, આ

ભડ ભગુભાઈ નહીં.

બીજે વરસે ગામમાં આવ્યો ત્યારેય એણે શરમના માર્યા ગામમાં કોઈને કશું કહ્યું નહીં. અમને બેચાર દોસ્તોને જ એણે આ વાત કરેલી. પણ જ્યારે બીજે વરસે આ જ મગનકાકા બીજા એક સંપેતરાનો એને પાછો પરચો થયો. ભગુ જવાનો હતો એની આગલી સાંજે અમે બેચાર દોસ્તો એને પેટીઓ પેક કરવા લાગવા ગયા હતા. હજુ પેટીઓ ઠાંસીને દબાવીને પેક કરીને શ્વાસ જ ખાતા હતા ત્યાં મગનકાકા એક કિલોની અથાણાની બોટલ લઈને આવી પહોંચ્યા. મને ખબર જ હતી કે ભગુથી ના કહેવાવાની નથી જ. એટલે મેં કહ્યું: 'મગનકાકા, આ વખતે તો ઓવર વેઈટ થઈ ગયું છે. મહાપરાણે પેટીઓ પેક કરી છે.'

'બેસ હવે તું પેટીઓ પેક કરવાવાળો ના જોયો હોય તો. આટલી અથાણાની બોટલની જગા તો ગમે ત્યાં થઈ જાય. ભગુની હાથની બેગમાંય એ આવી જાય.' છેવટે હાથની બેગમાં એની જગા કરવી પડી.

ન્યૂ યોર્કના એરપોર્ટ પર ઊતરી ગભરાતો હોવા છતાં ભગુ ગ્રીન ચેનલમાં ચાલવા માંડ્યો. મોટીમોટી બે પેટીઓ કાર્ટમાં મૂકેલી અને એના પર દાબીને ભરેલાં કપડાં ને સંપેતરાંથી ફૂલીને ગોળ થઈ ગયેલી કેરીઓન બેગ આડી મૂકેલી. એક તો ભગુ ગભરાતો આમતેમ બાઘાં મારતો ચાલતો હતો ને તેમાં તેની આગળ ચાલતો પેસેન્જર અચાનક ઊભો રહી ગયો. એની સાથે અથડાઈ ન પડાય એટલે ભગુએ પણ હતું એટલું બળ વાપરીને પોતાની કાર્ટ અટકાવવા પ્રયત્ન કર્યો. આમ કરતાં પેલી કેરીઓન બેગ નીચે પડી. ને એમાંની પેલી મગનકાકાવાળી અથાણાની બોટલના ભૂક્કા બોલી ગયા.

ને સાથે કાચી ઘડીમાં જ આખા પેસેજમાં અને સાથેની રેડ ચેનલમાં અથાણાની તીવ્ર વાસ ફેલાઈ ગઈ. ને એક ઓફિસર 'વૉટ્સ ધીસ, વૉટ હેઝ હેપન્ડ?' કરતો ધસી આવ્યો. અને અથાણાની વાસને કારણે નાક આગળ રૂમાલ દબાવતો ભગુને કહે: 'આ બધું લઈને મારી સાથે ચાલ.'

એક હાથે ટ્રોલી ધકેલતો, બીજા હાથમાં પેલી અથાણાના તેલથી નીંગળતી કેરીઓન બેગ ઢસડતો ભગુ એની પાછળ ચાલ્યો. ને પેલા અથાણાના આ રેલાથી ગ્રીન અને રેડ ચેનલ વચ્ચે એક સળંગ રેખા અંકીત થઈ ગઈ. એની કેરીઓન બેગ ટેબલ પર મુકાવી પેલાએ તપાસવા માંડી ત્યાં પેલા તાજા રેલા પર પગ પડતાં એક પેસેન્જર લપસ્યો. ને ભગુભાઈની માઠી બેઠી.

માંડ બે કલાકે ભગુને છૂટો કર્યો. પણ એના પાસપોર્ટ પર 'ઓલવેઝ ચેક'નો શેરો મારી કાયમ રેડ ચેનલમાંથી જ નીકળવાની તાકીદ કરી દીધી. એટલેથી પત્યું ન હતું. જે આવી લાંબી હવાઈ સફરથી ટેવાયેલા હોય એ બધા, ચેક્ડ લગેજ મોડું પડે અથવા ગુમ થઈ જાય તો અટવાઈ ન જવાય એ ગણતરીએ કેરીઓન બેગમાં બે જોડી સારાં કપડાં, હજામતનો સામાન, ટૂથ બ્રશ અને દવાઓ રાખે જ છે. ભગુએ પણ એમ જ કરેલું. મગનકાકાના આ અથાણાએ ભગુનાં ચાર ચાર હજાર રૂપિયાનાં બે સૂટ અને બીજા સામાનને લાલ તૈલી રંગનો ઓપ આપી દીધો હતો. ભગુને કેરીઓન બેગ સાથે એ બધું ગાર્બેજ કરવું પડ્યું હતું.

પછીની સફરમાં એ આવ્યો ત્યારે એ અમારી સામે લગભગ કરગરી જ પડ્યો: 'દોસ્તો, મને આમાંથી બચાવો.' અમને દોસ્તોને પણ થયું કે ભગુ હવે બરાબરનો થાક્યો છે.

અમે કહ્યું: 'એનો ઉપાય કરીએ. અમે કહીએ એમ તું કર્યા કર. આ વરસે તું બધાને છૂટથી નોતરાં દેવા માંડ. વજનની ચિંતા ન કરતો.'

બધું દર વખતની જેમ ચાલુ થઈ ગયું. સંપેતરાંના ઢગલા થવા માંડ્યા. ભગુ ચિંતામાં પડી ગયો હતો ને અમને હસતા જોઈ એ અકળાતો હતો. એના જવાની આગલી સાંજે અમે બધાએ ભગુનો બધો સામાન એની બે બેગોમાં અને એની કેરીઓન બેગમાં ભરી દઈ બેગો પેક કરી દીધી. પછી મળવા આવનારા જુએ તેમ પૂઠાના એક મજબુત બોક્સમાં પેલી સંપેતરાની ચીજો સાચવીને પેક કરીને ભરવા માંડી. જે મળવા આવ્યા એમને કહેવા માંડ્યું: 'આ વખતે સમાન બહુ થઈ ગયો છે એટલે બધાને પહોંચાડવાની ચીજોનું અલગ પારસલ કરવું પડ્યું છે.'

ભગુ એની પેટીઓ લઈને અમેરિકા ગયો અને પેલું પારસલ આણંદને સ્ટેશનેથી સીધું અમારે ત્યાં. એ વરસે અમે બધા દોસ્તોએ લગભગ પંદરેક કીલો પાપડ, સાતેક કીલો જુદાં જુદાં અથાણાં ખાધા કર્યાં અને બીજી કેટલીક ચીજો બહારગામના દોસ્તોનેય વહેંચી. કેટલીક ઉકરડે નાખવા જેવી ચીજો સાવચેતી રાખી અમે બીજા ગામના ઉકરડામાંય નાંખી

આવ્યા.

મહિના પછી અમે જાહેર કર્યું કે પારસલમાં બે અથાણાની બોટલો ફૂટી ગઈ હતી એને કારણે આખું પારસલ એટલું ગંધાતું હતું કે કસ્ટમવાળાએ એને સીધું કચરાપેટીમાં નંખાવી દીધું હતું.

હવે ભગુ આવતાંની સાથે જ જવાની તારીખની જાહેરાત કરી દે છે પણ સંપેતરું આપવા આવતું નથી.

અનુક્રમ ►

# ૧૨. ધનિયાની માઠી બેઠી

આમ તો ધનિયાનો વિચાર માંદા પડવાનો ન હતો પણ એક દિવસ વહેલી સવારે એ ફરવા નીકળ્યો હતો. એને એમ કે એ એકલો જ ફરવા નીકળ્યો હશે પણ થોડેક ગયો હશે ને એને વરસાદ ભેટી ગયો. એય વહેલો ફરવા નીકળ્યો હશે. એમાં આ બેય સામસામે ભટકાઈ પડ્યા. એ વરસાદ ધનિયાને એવો તો જોસભેર ટકરાયો કે ધનિયાને ઠંડીનું એક લખલખું આવી ગયું.

ઘેર આવતાં સુધીમાં તો એ દાંત કકડાવતો ધ્રુજવા માંડ્યો હતો. ઘરમાં પેસીને બીજો કશો વિચાર કર્યા સિવાય એ ભીનાં કપડાં સાથે જ પથારીમાં કૂદી પડ્યો ને રજાઈ ઓઢીને ગોટપોટ થઈ ગયો. એનાથી એની ઠંડી તો ના ઊડી પણ એ શરદીમાં પટકાઈ પડ્યો.

સવારના લગભગ અગિયાર વાગ્યા સુધી એ બહાર ઓટલે બેસવા ન ગયો એટલે એનો દોસ્ત મફત એને શોધતો ઘેર આવ્યો. એને આમ પડેલો જોઈ કહેઃ 'આમ નાનાં છોકરાંની જેમ ગભરાઈ શાનો જાય છે? દૂધમાં સ્હેજ હડદર ને મીઠું નાંખીને બે ઘૂંટા પી જા. કલાકમાં તારી શરદી ભાગી ગઈ જ સમજ.'

ને તમે બૈરાંની જાતને તો જાણો છો ને. રેખાએ ખાસ્સું અડધો શેર દૂધ લઈ એમાં ચમચી મીઠું અને ચમચી હડદર ઓગાળી દીધાં. મફત કહેઃ 'લે, આંખ મીંચીને ગટગટાવી જા.'

મફત સામે ઊભો હતો એટલે ભાઈ એને આંખો બંધ કર્યા સિવાય, ઉઘાડી આંખે જ એ પી જવું પડ્યું. ને એણે મનમાં એ મફતિયાને મણમણની ચોપડાવતાં ગાંઠ વાળી કે ક્યારેક એવોએ માંદો પડ્યો તો એને હું બે તોલા એરંડિયું પાયા વગર છોડીશ નહીં. મફત થોડી વાર તો એની બેઠા થવાની ને એની સાથે બહાર નીકળવાની રાહ જોતો બેસી રહ્યો પણ જ્યારે એને લાગ્યું કે આજે એ ઊઠવાનો નથી જ, ત્યારે 'તું ઢીલો ને ઢીલો જ રહ્યો.' કહેતો એ ચાલ્યો ગયો.

એ ચાલ્યો ગયો એનાથી ધનિયાને આનંદ થયો પણ એ આનંદ બહુ લાંબો ટક્યો નહીં. મફતે ઓટલે બેસતા બીજા દોસ્તોને ધનિયાની શરદીની વાત કરી ને બીજા ત્રણ દોસ્તો એવી પહોંચ્યાઃ 'ભાભી, અમારી બધાની ચા મૂકજો. ને ધનિયા માટે બરાબરનો સૂંઠનો મસાલો નાંખીને એક પ્યાલો ઉકાળો પણ બનાવજો.' ને ધનિયાને કહેઃ 'તું તો સાવ ઢીલો જ રહ્યો. ભગોળે તાવ હોય ને ઘેર ખાટલો ઢાળે એવો.'

ધનિયાએ ઘણુંય કહેવા કર્યું કે હમણાં જ હડદર ને મીઠાનો કઢો પીધો છે એટલે ઉકાળો કલાકેક પછી પીશ. પણ એ લોકો એને એમ છોડે ખરા? ને રેખાય એની સામે ગયા જનમનું વેર વાળતી હોય એમ દોઢ કપ ભરીને ઉકળો બનાવી લાવી.

ધનિયાને આ દોસ્તો આજે દુશ્મનથીય ભૂંડા લાગ્યા પણ એને એ ઉકળો પીધા વગર છૂટકો જ ક્યાં હતો? જો એ હા, ના કરે તો એ લોકો નાળમાં ભરીને એ ઉકાળો એના મોઢામાં રેડે એવા હતા. કલાકેક બેસીને એ લોકો ગયા ને ધનિયો હજુ હાશકારો અનુભવે તે પહેલાં તે પહેલાં બાજુમાંથી નાથાકાકા હોકા માટે દેવતા શોધતા આવી પહોંચ્યા. હમણાંનો ધનિયાને ઘેર ગેસ આવ્યો હતો એટલે ચૂલો સળગાવવો બંધ કર્યો હતો એટલે દેવતા તો એમને ન મળ્યો પણ ધનિયો એમના હાથમાં આવી ગયો.

એ કહેઃ 'રેખા વહુ, તમે ચૂલો સળગાવીને ઉપર પાણી ગરમ કરવા મૂકો. ને ઘરમાં વીક્સની ડબ્બી તો હશે. ના હોય તો મારે ઘેરથી લેતો આવું. ચૂલો સળગશે તો મારે હોકામાં ભરવા જોગો દેવતાય પડશે.'

આ લોકો જે આવે છે એ પોતાનું પહેલાં પાકું કરે છે ને પછી મારી રેવડી કરે છે, ધનિયો વિચારી રહ્યો. પણ આજે એનું કશું ચાલે તેમ જ ક્યાં હતું? રેખાએ બે લોટા જેટલું પાણી બરાબર ઉકાળીને ધનિયાની સામે ટેબલ પર મૂકી દીધું. ને નાથાકાકાએ પણ વીક્સની શીશી, એમના ઘરની ન હતી એટલે એમાંથી આખી ચમચી ભરીને વીક્સ કાઢીને એ પાણીમાં નાખી દીધી. પછી ધનિયાનું માથું પકડીને એના પર ટુવાલ ઢાંકીને એ ઉકળતા પાણી પર દબાવી દીધું.

ધનિયાને થયું કે પોતે સ્હેજ ઢીલો પડશે તો એના નાકનું ટેરવું એ ઉકળતા પાણીમાં ઝબકોળાઈને બફાઈ જશે.

ગમે તેમ પણ નાથાકાકા પોતાની ચલમમાં દેવતા ભરીને એમનો હોકો ગડગડાવતા ગયા. ધનિયાને હાશ થઈ. એને થયું કે આ બધા સામટા ઉપચારોથી એની તબિયત સુધરવાને બદલે બગડે નહીં તો સારું. ત્યાં રેખા ચૂલો ઠારીને બહાર આવતાં પૂછી રહીઃ 'હવે કેમ લાગે છે?'

ને ધનિયાનો પારો ગયોઃ 'તુંય બધા કહે એમ કઢા બનાવ્યા કરે છે ને મારે પીવા પડે છે. જો હવે કશું બનાવી લાવીશ તો એ હું તને જ પીવડાવીશ એની ખાતરી રાખજે.' એણે રેખાને ચીમકી આપી.

ત્યાં કંકુકાકી સામી ખડકીમાંથી આવી પહોંચ્યાં, 'અલ્યા ભૈલા, તને હીકળિયું થયું તો તારે મને હાંક મારવી જોયે ને. એમાં તો જેટલાં મોંઢાં એટલી વાતો પણ એમાં કોઈ દવા કામ ના આવે. જો રેખા વહુ, બે ચમચી જેટલો અજમો અડધોપડધો શેકીને એને રૂમાલમાં પોટલી વાળીને લઈ આવ. પછી ભાર છે એ શરદીના કે કેડો ના મૂકે?'

ધનિયાએ પોતાનો બચાવ કરવામાં કશું બાકી ન રાખ્યું પણ કંકુકાકી સામે આખા ગામમાં કોઈનું ચાલ્યું હતું કે એનું ચાલે?

હવે આ કંકુકાકી પણ એક જાણવા જેવી માયા હતાં. આખા ગામમાં એમની વાતનો વિરોધ કરવાની કોઈની હિંમત ન હતી. એમના આવા તુક્કા કેટલાક અકસીર હોતા તો કેટલાક બેકફાયરમાં પણ પરિણમતા હતા. પણ એમનો બતાવેલો ઉપચાર કરવામાંથી છટકી શકે એટલું જોમ આ ધનિયમાં ન હતું.

પતિની સૂચના ભૂલીનેય રેખા શેકેલા અજમાની પોટલી લઈ આવી. ને કંકુકાકીએ જાતે જ એ પોટલી ધનિયાના નાક સામે ધરીઃ 'હવે ઊંડા શ્વાસ લે.' એમણે ઓર્ડર છોડ્યો ને વગર પ્રયત્ને જ ધનિયાથી ઊંડો શ્વાસ લેવાઈ ગયો. એક કલાક કંકુકાકી એને અજમો સુંઘડતાં બેસી રહ્યાં. પછી ચા પીને પોતાના અકસીર નુસ્ખાની વડાઈ કરતાં સીધાવ્યાં.

આ બધી પરોજણમાં બપોરના બે વાગી ગયા હતા. રેખા નવરી પડે તો ખાવા કરે ને? જો કે ધનિયાને હવે કશું ખાવાની રુચિ પણ રહી ન હતી. એનું પેટ તો વગર ખાધેય, અજમાની ને વીક્સની વરાળથી તડતડ થઈ રહ્યું હતું. એણે મનથી મક્કમ નિર્ણય કર્યો કે હવે કોઈ નવો નુસ્ખો લઈને આવે તો એને ખોટું લાગવાની ચિંતા કર્યા સિવાય નન્નો વાસી દેવો.

પણ ત્યાં જ નાથાકાકાની એન્ટ્રી થઈ. ધના હું તને કહેવાનું ભુલી ગયો કે આ નાસથી તને ગેસ જેવું લાગશે પણ એક હળવો જુલાબ લઈ લેવાથી એ શાંત થઈ જશે ને પેટેય સાફ થઈ જશે.'

ને મનમાં નક્કી કરેલા નિર્ધારને ભૂલીને ગેસથી ફાટફાટ થતો ધનિયો કાકાની વાત સાથે સંમત થઈ ગયો. ને રેખાએ બે પ્યાલા ચા બનાવી એક પ્યાલો કાકાને આપ્યો ને બીજા પ્યાલામાં અડધી ચમચી એરંડિયું નાખીને એ ધનિયાને આપ્યો. ને ધનિયો એ હસતે મોંએ પી પણ ગયો.

અલબત્ત એ પીતાં એણે મનમાં બીજી ગાંઠ નાળી કે હવે ફરી માંદા ન પડવું ને કદાચ પડી જવાય તોય ઓટલે બેસવા જવાનો ક્રમ ન તોડવો. અને પેલા દોસ્તોમાંનો કોઈ માંદો પડી જાય તો આનો બદલો બરાબરનો લેવો.

અનુક્રમ ►

# ૧૩. મફતનો મોહ

મફત મેળવવાની વૃત્તિ માણસમાત્રમાં રહેલી છે. કેટલાક એમાંથી બચી ગયા હોય છે પણ કેટલાક પરણેલા હોય છે. આમાં હું તમારી બધાની જેમ આ બીજા પ્રકારના લોકોમાં આવી જાઉં છું.

મારી વાત કરું એ પહેલાં મારા જેવા મારા એક મિત્રની વાત કરી લઉં. એમણે એક વખત મફતના મોહનો અતિરેક કરી નાખેલો. વાત એમ હતી કે બ્રુકબોન્ડવાળાએ ઈન્સ્ટંટ કૉફીની દરેક બોટલ સાથે એક મગ મફત આપવાની જાહેરાત કરેલી. મારા આ મિત્ર ચંપકના ઘરમાં ત્રણ જણ કૉફી પીતાં હતાં એટલે અમારા કરતાં એને ઘેર કૉફીનો વપરાશ થોડો વધારે હતો.

ચંપકે બધી રીતે હિસાબ માંડી જોયો. પછી એકી સાથે પૂરી બાર બોટલ કૉફી ખરીદી સાથે બાર મગનો સેટ વસાવ્યાનો સંતોષ માણી લીધો. જો કે અમને તો એણે જ્યારે એક અઠવાડિયા પછી એને ઘેર કૉફી પીવા બોલાવ્યા ત્યારે જ આ વાતની ખબર પડી અને વધારે ખબર તો છ મહિના પછી પડી. છ મહિનામાં એને ઘેર છ બોટલ કૉફી વપરાઈ હતી. એમાંની છેલ્લી બે બોટલની કૉફીમાં ભેજને કારણે ગાંગડા બાઝી ગયા હતા. જો કે એ ગાંગડા એવા કઠણ ન હતા એટલે ચમચીથી દબાવીને કે હાથે મસળીને કૉફી બનાવવામાં ખાસ વાંધો આવતો ન હતો.

પણ બાકીની પલી છ બોટલોની શી દશા હશે એની કલ્પના કરતાં ચંપકે કહેવા માંડ્યું હતું, 'જ્યાં સુધી બોટલ પેક હોય છે ત્યાં સુધી કૉફીમાં ગાંગડા થતા નથી. ખોલ્યા પછી જ ગાંગડા વળે છે.' અમે એની ઠેકડી ઉડાવીને મજા કરી લેતા હતા. પણ છેલ્લી ચાર બોટલોની કૉફી તો એણે ખાંડણીમાં ખાંડીને ચારણીથી ચાળીને વાપરી હતી એ અમને ચોક્કસ યાદ છે. અમે એ પછી એક કહેવત પણ પાડી દીધેલી. કોઈ આવું વગર વિચાર્યું ગાંડપણ કરે તો અમે એને કહેતાઃ ચંપકછાપના મગ લેવા ગયા હતા.

આ તો થઈ ચંપકની વાત પણ કોઈ બીજાને અનુભવે ડાહ્યો થયાનું સાંભળ્યું છે કદી? તે ભાઈ હું પણ એક વખત આ મફતના ચક્કરમાં આવી ગયો હતો. મફતની વાત કે વાયકા ગણતરીની ક્ષણોમાં તો આખા ગામની સ્ત્રીઓમાં ફેલાઈ જાય છે ને મારા જેવા પતિઓ ફસાઈ જાય છે. એમાં કહ્યાગરા પતિ હોવું જરૂરી નથી. ફક્ત પતિ હોવું એ પૂરતું છે. સ્ત્રીહઠ મક્કમ પતિનેય કહ્યાગરા બનાવી દે છે. હું એમાં જ આવી ગયો ને.

અમારા શહેરમાં એક કંસારાએ હાલમાં જ બહુ મોટી શો કેસવાળી વાસણની દુકાન શરૂ કરી હતી. એણે જાહેરાત કરી હતી કે સોમવારની સવારે પહેલા આવનારા બસો ગ્રાહકોને ચારસોની કિંમતનું કોપરના બોટમ અને હેંડલવાળું સ્ટીલનું તપેલું ફક્ત બસો રૂપિયામાં આપવામાં આવશે એટલું જ નહીં પણ સાથે એંસી રૂપિયાની કિંમતનો સ્ટીલનો જગ મફત આપવામાં આવશે. હવે આવી લોભામણી જાહેરાત હોય તો તપેલાની જરૂર હોય કે ન હોય તો પણ કોઈ પણ સ્ત્રી એ ખરીદવા તૈયાર થઈ જાય કે નહીં? ને મારા જેવા પતિનેય કહ્યાગરા થવાની ફરજ પડે કે નહીં? મેં કમને શ્રીમતિને હા પાડી. બસો રૂપિયા માટે થઈને ઘરમાં કંકાસ થોડો થવા દેવાય છે?

પણ આ વાત બસો રૂપિયાથી પતવાની ન હતી. હજુ તો શનિવારની સવાર હતી ને મેં તપેલું ખરીદવાની છૂટ આપ્યાને પૂરા પંદર કલાકેય થયા ન હતા ત્યાં શ્રીમતિને કોણ જાણે ક્યાંયથી ખબર પડી કે આખા શહેરની સ્ત્રીઓ તપેલાં ખરીદવા પડાપડી કરવાની છે. એમણે કહ્યું, 'આપણે જો પહેલાં બસોમાં નંબર લગાડવો હોય તો રાતથી જ લાઈનમાં ઊભાં રહી જવું પડશે.'

એમની વાતથી હું ગભરાયો. 'આપણે એટલે, તું મને તારી સાથે લઈ જવા તો નથી માગતી ને!'

'મને ખબર પડી છે કે એ બધીયો રાતના બે વાગ્યાથી લાઈન લગાવવાની છે.'

'તો?'

'તો શું? આપણે એમનાથીય વહેલાં લાઈન લગાવી દઈશું. મેં બધો પ્લાન ઘડી કાઢ્યો છે. આપણે કાલે સાંજના છ

વાગ્યે ઘેરથી નીકળવાનું, બહાર જમવાનું પછી છેલ્લા શોમાં ફિલ્મ જોઈ રાતના સાડા બાર વાગ્યે સ્ટોર પર પહોંચી જવાનું. તમને ઊભા રહેતાં થાક લાગતો હોય તો આપણે થેલીમાં એક શેતરંજી અને હવા ભરવાનું ઓશીકુંય લેતાં જઈશું, પછી કશો વાંધો ખરો?' ફૂટપાથ પર શેતરંજી પાથરીને ભીખારીની જેમ બેસવાની કલ્પનાથી જ મને ચક્કર આવી ગયાં પણ સગુણાની આ હઠથી બચવું મુશ્કેલ હતું.

પેલો એંસી રૂપિયાનો - કદાચ ચાલીસ કે પચાસ રૂપિયાનોય નહીં હોય એ જગ મફત લેવા જતાં પહેલાં થનારા સો રૂપિયાના ખર્ચનો અણસાર તો એમણે મને આપી જ દીધો. મને થયું કે એમણે એની કોઈ બેનપણીનો સંગાથ કરવાનું ન કહ્યું હોય તો સારું, નહીં તો મારે એક જણનો વધારાનો જમવાના બિલનો ને ફિલ્મની ટિકીટનો ખર્ચ ભોગવવાનો થશે. પણ એમણે મનથી ફિલ્મનો કાર્યક્રમ ઘડી નાખેલો એટલે કોઈને સાથે લેવાનું ટાળેલું.

પછી અમે બેય જણાં પૂરી તૈયારી સાથે જંગ જીતવા મેદાને પડ્યાં. એમણે નક્કી કરેલા સરંજામ ઉપરાંત મારી તબિયતને લક્ષ્યમાં રાખી મારે માટે મફલર, ટોપી, સ્વેટર ને પાણીની બોટલ સાથે લીધાં હતાં એ મને પહેલાં તો વધારે પડતું લાગ્યું હતું પણ રાતના બે વાગ્યે સ્ટોરની સામે સૂસવાતા પવનનો સામનો કરતાં ઊભો હતો ત્યારે મને અમની એ અગમબુધ્ધિ માટે માન થયું.

એ બધી વાત તો પછી પણ અમે પક્વાનમાં દાખલ થયાં ત્યારે જ અમને ખબર પડી કે અમે ત્યાં પણ એકલાં ન હતાં. અમારા જેવો જ કાર્યક્રમ બનાવીને નીકળેલા મારા જેવા એક પત્નીવત્સલ દોસ્ત શરદ અને એનાં પત્ની રેખાનો ભેટો થઈ ગયો. અમારા બેયના હાથમાં થેલીઓ જોઈને શરદે પૂછ્યું, 'ક્યાંક બહાર જાઓ છો કે શું, સનતભાઈ?'

ને મને હળવો હડસેલો મારતાં સગુણાએ કહ્યું, 'તમારા દોસ્તને આજે તો પરાણે બહાર જમવા ખેંચી લાવી છું. પણ તમે?'

'અમારેય તમારી જેમ જ. આજે બહાર જમીને એક સગાને ત્યાં બેસવા જવું છે. મોડે સુધી ગપ્પાં મારીશું પછી રેખાને એક અર્લીબર્ડના સેલમાં જવાનું છે એટલે સીધા ત્યાં જઈશું. તમેય કશો ખાસ પ્રોગ્રામ બનાવીને ના નીકળ્યાં હો તો ચાલો ને અમારી સાથે, અમારે કંપની થશે.' રેખાએ એને કોણીનો હળવો હડસેલો માર્યો એની અવગણના કરતાં શરદે કહી જ નાંખ્યું.

પણ એનો એવો જ જવાબ આપવાનાં મારાં નસીબ ક્યાં હતાં? 'હા, એ સેલનું ફ્લાયર તો અમારે ત્યાંય આવ્યું છે, અમે એકબે જગ્યાએ જવાનું નક્કી કરીને નીકળ્યાં છીએ એટલે શું થાય? છતાં જો મોડે સુધી ત્યાં બેસીશું ને તમારા આ દોસ્ત માનશે તો ખરીદવા તો નહીં પણ સેલ જોવા ઉજાગરો કરી નાંખીશું.' મારાં પત્ની સગુણાએ છાશ લેવા જતાંય દોણી સંતાડતાં મોઘમ જવાબ આપ્યો.

'અરે, ચોક્કસ આવજો. અમારેય કંપની થશે.' શરદથી બોલ્યા સિવાય ન રહેવાયું.

જો કે રેખાએ મોઢું ઠાવકું રાખવા પ્રયત્ન કરતાં કહ્યું, 'લો, આપણે મોડું થશે, ચાલો. ને એમનેય મોડું થતું હશે.' ને એ બેય રસ્તે પડ્યાં.

થોડી વારે બહાર નીકળતાં સગુણા બોલીઃ 'થિયેટર પર પણ કોઈ ભટકાઈ ન જાય તો સારું. આટલું મોટું શહેર છે તોય જરાય પ્રાયવસી જ નહીં.'

'આપણે ગામડામાં રહેતાં હતાં તોય તને પ્રાયવસી ક્યાં મળતી હતી?'

'એ તો તમારો સ્વભાવ એવો ને બધા સાથે હસીને વાત કરો એટલે બધા ના હોય ત્યાંથી વચમાં ટપકી પડે. પણ હું કોઈને મોઢે ચઢાવું જ નહીં ને.' ને હું એમના સ્વભાવથી અજાણ્યો ન હતો એટલે ચૂપ રહ્યો.

થિયેટર પર કોઈ જાણીતું ન મળ્યું પણ આખી ફિલ્મ દરમિયાન સગુણાની સેલની ને લાઈનમાં ઊભાં રહેવાની વાતો ચાલતી રહી. થીએટરમાંથી બહાર નીકળ્યાં તો મેં કહ્યું, 'મારે પાણી પીવું છે.'

પણ સગુણા કહેઃ 'થેલીમાં પાણીની બોટલ છે, એમાંથી પી લેજો. પહેલાં રિક્ષા બોલાવી લઈએ.' પણ રિક્ષા એમ ક્યાં મળવાની હતી? શો છૂટતાં પહેલાં જ કેટલાક સજાગ માણસોએ વહેલા બહાર નીકળી રિક્ષાઓ રોકી લીધી હતી. જે બેચાર બચી હતી એમને દૂર જનાર પેસેન્જર જોઈતા હતા એટલે એમણે અમને કોઠું ન આપ્યું. અડધોક કીલોમીટર ચાલ્યા પછી માંડ રિક્ષા મળી.

અમે પેલા સ્ટોર પાસે પહોંચ્યા ત્યારે રાતનો દોઢ વાગ્યો હતો પણ અમારા સ્વાગત માટે લગભગ પચીસેક માણસો હાજર હતાં. અમને જોતાં જ શરદ લાઈનમાંથી સામો આવ્યોઃ 'સારું થયું તમે આવ્યાં તે. અમારે કંપની થઈ.'

'તમે કહ્યું હતું એટલે જ આવ્યાં. અમને થયું કે આમેય ઉજાગરો થયો જ છે તો ચાલો આ સેલ પણ જોતાં જઈએ.' સગુણાએ એનું જુઠાણું વહેતું મૂક્યું.

અમને વાતો કરતા જોતાં બીજા બે જણ પણ અમારી પાસે આવ્યા. એ લોકો અમારા ગામ પાડોશી હતા એટલે અમે એમને જેવાતેવા ઓળખતા પણ હતા. એ કહેઃ 'અમને એમ થતું હતું કે આમ રાત કેમ પસાર થશે? હવે પત્તાંબાજી જમાવીએ એટલે ઉજાગરો અઘરો નહીં લાગે.'

'તો થઈ જાય.' કહેતાં શરદે શેતરંજી પાથરી ને અમે ચારેય ગોઠવાઈ ગયા. ભાગ્યે જ બેચાર બાજી થઈ હશે ને એક પોલીસવાળો ક્યાંકથી ટપકી પડ્યોઃ 'ક્યા ચલ રહા હૈ? ઈતની રાત ગયે યે કૈસી ભીડ લગાઈ હૈ? દુકાન તોડનેકા ઈરાદા હૈ?' ને અમારા પર નજર કરતાં એની આંખો ચાર થઈઃ 'તુમ લોગ સડક પર જુઆ ખેલ રહે હો.' કહેતાં એણે ગજવામાંથી ડાયરી કાઢી.

'અરે જમાદાર સાહેબ, હમ તો ખાલી ટાઈમ પાસ કર રહે હૈ. હમમેંસે કોઈ આપકો જુઆ ખેલનેવાલા લગતા હૈ?' શરદે કહેવા કર્યું. પણ જમાદારની કટકીની લાલસા આગળ એનું શું ચાલે?

'યે પત્તે ઉઠાઓ ઓર ચલો થાને, બડે સાહબ તુમારી સબ હવા નીકાલ દેંગે.' અમે એને સમજાવવા બહુ પ્રયત્ન કર્યા પણ એને કશું સમજવું હોય તો ને! છેવટે મેં એને એકબાજુ લઈ જઈ વીસની નોટ એના ગજવામાં ઘાલી ત્યારે મામલો માંડ પત્યો.

પણ તોય આખી રાતનો ઉજાગરો કરીને અમે તપેલું ખરીદી આવ્યાં. ઘેર આવીને મેં હિસાબ કર્યો તો ખબર પડી કે એ તપેલું અને મફતનો જગ લેવામાં મારે કુલ ત્રણસો ને પંદર રૂપિયાનો ખર્ચ થયો હતો.

અમારી આ આપવીતી જાણ્યા પછી અમારા દોસ્તોએ એક નવી કહેવત પ્રચલિત કરી છેઃ ચંપક લાવ્યો મગ તો સનત લાવ્યો જગ.

અનુક્રમ ►

# ૧૪. અમેરિકી મૂરતિયો

અમારા ચરોતરની તો વાત જ કોઈ ઓર. અને તેમાંય અમેરિકાની સીટીઝનશીપ લઈને આવેલા મૂરતિયાની અને હજુ અમેરિકા ગયાય ન હોય એવા એના બાપની વાત પણ જાણે સાવ અમેરિકી જ લાગે. કોઈ અજાણ્યાને તો એમ જ લાગે કે અમેરિકા જાણે ચરોતરનું પરું હશે.

એવા જ અમારા સોમાભાઈનો મુકુંદ અમેરિકાથી પરણવા માટે હમણાં જ આવ્યો હતો. આમ તો એ બહુ ભણેલો નહીં પણ બ્લડ રીલેશનથી સાતેક વરસ પહેલાં અમેરિકા લચેલો અને બે મહિના પહેલાં જ સીટીઝન થયેલો એટલે પરણવા આવેલો. હવે આ મુકુંદમાંથી મેક થયેલા મૂરતિયાને માટે કન્યા પણ ઊંચું ભણેલી, રૂપાળી અને સંસ્કારી જોઈએ જ ને!

એના બાપા સોમાભાઈએ એના આવતા પહેલાં બેચાર ગુજરાતી પેપરમાં જાહેરાતો પણ આપી દીધેલી એટલે મેકભાઈનું બજાર ગરમ હતું. રોજ કેટલાય લોકો પોતાની દીકરી માટે આંટા મારવા માંડ્યા હતા. જેમ મેકનો પસંદગીનો આંક ઊંચો હતો એમ સોમાભાઈનો આંક પણ ઊંચો જ હતો. એમને વેવાઈ ખમતીધર અને ઊંચી આબરૂવાળો જોઈતો હતો. એમની આવી પસંદગી અને માગણીની વાતો એક અઠવાડિયામાં તો ઠેઠ દસક્રોઈથી કાનમ સુધી પ્રસરી ગઈ છતાં હજુ આવનારાનો ધસારો ચાલુ જ હતો.

કેટલાક એમની એવી મોટી વાતો સાંભળી લઈ ચાલ્યા જતા તો કેટલાક 'અમારું એવું ગજું નહીં' કહી ચાલ્યા જતા હતા. તો કેટલાક સામે સંભળાવીય જતા હતા. આ સોમાભાઈ પરાણે પરણેલા. છેક અઠ્ઠાવીસ વરસની ઉંમરે સામેથી બાવીસસો રૂપિયા આપીને એ કંકુઆળા થયેલા એ વાત છૂપી ન હતી. હા, હજુ સુધી કોઈએ એમને એ વાતનો ટોણો માર્યો ન હતો. દીકરીના બાપ બાપડા ગરજવાળા એટલે કોઈએ એ વાઘને કહેલું નહીં કે એનું મોં ગંધાય છે.

આ આખી પરેડ પંદરેક દિવસ ચાલી. મેકે ઓછામાં ઓછી પચાસ છોકરીઓ જોઈ હશે. પણ સોમાભાઈના આ પાટવી કુંવરને કોઈ છોકરી પસંદ જ ન આવે. કોઈ એને થોડી ચાલે એવી લાગે તો એના બાપને લોચો ઓછો પડે. મેકને બે મહિનામાં તો પાછા જવાનું હતું. છોકરી નક્કી થાય અને તાત્કાલીક લગ્ન લેવાં હોય તોય વચમાં પંદરવીસ દિવસનો ગાળો તો જોઈએ જ ને. બાપને મેકથી કશું કહી શકાતું ન હતું પણ હવે એને લાગવા માંડ્યું હતું કે બેચાર દિવસમાં નક્કી નહીં થાય તો પોતે પરણ્યા સિવાય જ પાછા જવું પડશે. એટલે એણે પોતાનું પસંદગીનું ધોરણ થોડું નીચું પણ આણ્યું હતું.

પણ ત્યાં તો નદી પારથી જયરામભાઈ આવી પહોંચ્યા. સાથે એમની રૂપરૂપના અંબાર સમી દીકરી મોના. એમણે આવતાંની સાથે જ જે વાત કરી એનાથી સોમાભાઈ અને મેક એવા તો ખુશ થઈ ગયા કે ન પૂછો વાત. વળી મેક તો મોનાને જોતો જ રહી ગયો હતો. જ્યારે એ ખબર પડી કે એણે ફાર્મસી કરેલું છે ત્યારે વગર ઈન્ટરવ્યુએ એણે મનમાં જ એને પસંદ કરી લીધી હતી.

'જુઓ આપણે વચમાં દિવસ બહુ થોડા રહ્યા છે એટલે જો બેય પરણનારાંને ગોઠતું આવે તો મારી તો પંદર દિવસમાં લગ્ન લેવાનીય તૈયારી છે. તમે બે જુવાનિયાં સામસામે જે વાતચીત કરવી હોય એ કરો ત્યાં સુધીમાં હું સોમાભાઈ સાથે વહેવારની બે વાતો કરી લઉં.'

'વહેવારની તો તમારી સાથે શી વાત કરવી. તમે જે વાતો કરી એમાં જ બધી ચોખવટ થઈ જ ગઈ છે.' જયરામભાઈની વાતોથી અંજાઈ ગયેલા સોમાભાઈ બોલ્યા.

'તોય ચોખવટ કરી હોય તો તમારે બે પિતરાઈની વચ્ચે વાત કરવી હોય તોય વાંધો ન આવે ને. સોનાની તો હવે વાત જ રહી નથી. પણ પચાસ તોલા કરતાં ઓછું તો નહીં જ હોય. અમારે તો હીરાનો ધંધો એટલે સોના કરતાં હીરાના સેટ વધારે હોય. નહીં નહીં તોય પાંચેક લાખના તો એ સેટ જ હશે. જો આ છોકરાંની હા થઈ જાય તો આજે તો સાકરના કરીને ફક્ત અગિયાર રૂપિયા જ આપીને શૂકન કરવાના છે. સાકરના રૂપિયા કે એન્ગેજમેન્ટ મારે અમારી રીતે ભભકાથી કરવાં છે. ગુરુવારે સાંજની વેળાએ મૂરત આવે છે. મુંબઈ તાજમહાલ હોટેલમાં બસોએક મારાં માણસો અને સોએક તમારાં માણસો.

કોકટેલ, ડાન્સ, ડીનર- વેજ અને નોનવેજ બધું ફર્સ્ટ ક્લાસ. મારા ને તમારા નામ પ્રમાણે.'

'એવું બધું ને છેક મુંબઈ સુધી બધાને લઈને...' સોમાભાઈ થોથવાઈ ગયા.

'મુંબઈ ક્યાં આઘું છે? એક લક્ઝરી બસ કરી લેવાની. જાન લઈને આવો ત્યારે બસો માણસ લાવવાં હોય તોય પ્લેનમાં જ આવવાનું. બધાની ટિકીટ મારે માથે. ચાર્ટર પ્લેન કરવું પડે તોય મારી તૈયારી છે.'

'એન્ગેજમેન્ટમાં તો પચાસ માણસોય નહીં થાય.'

'ના ચાલે. અમારું ખોટું દેખાય. ઓછામાં ઓછાં પચાસ માણસો તો તમારાં જોઈએ જ.' જયરામભાઈએ કહ્યું ને પ્લેનમાં જાન જોડવાનાં સપનાંમાં મહાલતા સોમાભાઈએ હા ભણી.

પેલાં બેએ હા પણ ભણી અને બે વેવાઈઓએ કાચી ઘડીમાં છેક લગન સુધીનો પ્લાન પાકો કરી નાખ્યો. જયરામભાઈ કહેઃ 'જુઓ, તમારા ઉતારા માટે હીલ્ટન હોટેલમાં પચીસ રૂમો કરાવીશ. તમારે સીધા હીલ્ટનમાં બપોરના ત્રણ વાગ્યે આવી જવાનું. પાંચ પચીસ માણસ વધારે થઈ જાય તોય ચિંતા નહીં. તમે હોટેલમાં પહોંચીને ફ્રેશ થાવ, થોડો આરામ કરો પછી સાંજના પાંચ વાગ્યે આપણે બધા તાજમહાલ હોટેલમાં જઈશું. ગામના મહેમાનોનેય લાગશે કે વેવાઈએ આગતા સ્વાગતા કરી છે. મવે મુકુંદકુમારની વીંટીનું માપ આપો. હીરાનો વેપારી છું તે નામ પ્રમાણે વીંટીય તૈયાર કરાવવી પડશે ને. મોનાની વીંટીય હું જ બનાવરાવી લઈશ.'

મુકુંદે માપ માટે પોતાની આંગળીએથી વીંટી કાઢી આપી. પછી વેવાઈએ સાકરનો પડો અને અગિયાર રૂપિયા મુકુંદના હાથમાં મૂકી લગ્નની વાત પાકી કરી. ચાનાસ્તો કરી વેવાઈટોળું કારમાં રવાના થયું ને ઘડીકમાં તો આખા ગામમાં વાત ફેલાઈ ગઈ કે મુકુંદના વિવાહ એક ઝવેરીની દીકરી સાથે ગોઠવાઈ ગયા છે.

પછી તો એન્ગેજમેન્ટમાં જવાની તૈયરીમાં બધા પડી ગયા.

◇

ને બુધવારની મધરાત પછી તરત જ શુભ મૂરતે પચાસને બદલે સત્તાવનનો કાફલો મુકુંદભાઈનાં એન્ગેજમેન્ટમાં ઊપડ્યો. રસ્તામાં ધીંગામસ્તી ને ચાપાણી-નાસ્તાની મઝા માણતાં સૌ ત્રણ વાગ્યા પહેલાં હીલ્ટન હોટેલ પર પહોંચી ગયા. ખરી કમબખ્તી તો હવે શરૂ થઈ. હોટેલ મેનેજર કહેઃ 'રૂમો તો છે પણ તમે કહો છો એ નામે કોઈએ બૂક કરાવી નથી.'

મુકુંદે જયરામભાઈને સેલ ફોન પર કોલ કર્યો તો એ કહેઃ 'મારા મહેતાની શરતચૂક થઈ લાગે છે. હું અત્યારે તાજમહાલ પરની વ્યવસ્થા જોવા ગયો છું. હું કલાકેકમાં તો ત્યાં આવી પહોંચું છું. પણ કદાચ ટ્રાફિકમાં અટવાઈ જાઉં ને મોડું થાય. બધા થાકેલા હશે એટલે તમે એમ કરો ને તમારા કાર્ડ પર રૂમો બૂક કરાવી દો. હું આવીને મારા કાર્ડ પર કરાવી દઈશ. ચિંતા ન કરશો અહીં તાજમહાલ પર બધી વ્યવસ્થા એ ક્લાસ છે. હું આવી પહોંચું છું. મારા કરતાં કદાચ મારો મહેતો મધુ પારેખ વહેલો આવી જશે ને બધું બરાબર ગોઠવાઈ જશે. માફ કરજો, અગવડ બદલ. હું આવીને એ મહેતાની ખબર લઉં છું.'

એમણે રૂમો તો જાણે લઈ લીધી. પણ વેવાઈનો હજુ પતો ન હતો. કલાક થયો, બે કલાક થયા પણ જયરામભાઈ ન દેખાયા કે ન દેખાયો એમનો મહેતો મધુ. સોમાભાઈ અને મુકુંદ મનમાં ગભરાઈ ગયા હતા પણ બહારથી હજુ હસતું મોં રાખી રહ્યા હતા. મુકુંદે બધાથી થોડે દૂર જઈને હોટેલ તાજમહાલ પર ફોન કર્યો તો જાણવા મળ્યું કે ત્યાં તો એક જાપાની ડેલીગેશન સિવાય કોઈ પાર્ટી બૂક થઈ જ નથી.

મુકુંદને હવે સમજાઈ ગયું કે પોતાને પેલો બુધ્ધુ બનાવી ગયો છે. એણે સોમાભાઈને બાજુ પર બોલાવી બધી વાત કરી. પછી બેય જણાએ આબરૂ બચાવવા હવાતિયાં મારતાં બધાંને જેમતેમ સમજવવી, બે ટંક બહાર હોટેલમાં જમાડી રાતે જ ઘર ભણી દોટ દીધી.

કહેવાની જરૂર નથી કે આ સીઝનમાં તો પરણ્યા સિવાય જ મુકુંદ પાછો ગયો.

મહિના પછી ક્યાંકથી વાત આવી કે પેલા જયરામભાઈ બનાવટી હતા ને એમની દીકરી થઈને આવેલી મોના એક મોડલ હતી. વધારામાં એય જાણવા મળ્યું હતું કે મુકુંદની પેલી વીંટી જયરામભાઈ(કે પછી એ જ હોય તે)એ પેલી છોકરીને આ કામના બદલામાં બક્ષીસમાં આપી દીધી છે અને એની આંગળીએ આવી પણ રહી છે.

અનુક્રમ ►

# ૧૫. ક્રિકેટ... ક્રિકેટ

એક નખત અમે નાના હતા. નાના એટલે બહુ નાના નહીં હોં કે. અમારા ગામની ધૂડિયા નિશાળે જતા હતા ત્યારની વાત છે. નિશાળેથી છૂટીને આખા દિવસનું ભણતર અને દફતર ઘેર ફેંકી અમે સીધા ગામના ચરા(ગોચર)માં ક્રીકેટ રમવા દોડી જતા. બાપા તો ઘેર હોય નહીં પણ બા તો હોય ને. એ અમારી પાછળ બૂમો મારતાં ને ક્યારેક રાજિયો ગાતાં અમને જતા રોકવા મથે. છેવટે એક મર્મભેદી તીર પણ ફેંકેઃ 'સાંજે તારા બાપા આવે એટલે તારી વાત છે.' ક્યારેક તો અમારી પાછળ છૂટ્ટું ધોકેણું પણ ફેંકે પણ અમે યાહોમ કરીને જંગ જીતવા દોડી જ જતા.

સાંજે અંધારૂં થાય એ પહેલાં બધાનો એકએક દાવ પતી જાય એટલે બધાએ મોડામાં મોડા સાડા પાંચ વાગ્યે ગ્રાઉન્ડ પર પહોંચી જવાનો અમે રૂલ કરેલો પણ બધાને ઘેર સરખી છૂટ ન હોય ને. બધા ભેગા થઈ જાય એટલે અમે બોલ, બેટ અને સ્ટંપ્લાં લઈને ચરામાં પહોંચી જતા.

હવે અમારો આ સામાન એક જણના ડેલામાં મૂકવાની ગોઠવણ અમારે એક વિરુધ્ધ દસ મતથી કરવી પડેલી. ધનિયાના ડેલામાં જગ્યા ઘણી હતી પણ એવોયે મફત સામાન મૂકવા દેવા તૈયાર ન હતો. એ એના બાપનું બહાનું કાઢતો હતો. છેવટે અમારે એની વાત માનવી પડેલી ને એને રોજ પ્રેક્ટિસમાં બે દાવ લેવા દેવાની શરતે અમે એને મનાવેલો. તમે સમજી જ ગયા હશો કે અમારા દસ વિરૂધ્ધ એક મત કોનો હશે. પણ એવોએ બહુ સારો હીટલર(હીટર) ન હતો એમ માની અમે મન મનાવેલું. હીટર શબ્દ અમને અજાણ્યો પડતો હતો અને હીટલર અમારા સમયમાં બહુ ગાજતું નામ હતું એટલે અમે સારા ફટકાબાજને હીટલર કહેતા.

અમારૂં આ ગ્રાઉન્ડ પણ અમારે માટે એક ઘરેણાથી ઓછું કિંમતી ન હતું. અમે બધાએ જાત મહેનતથી બાવળનાં કેટલાંય બાંટવાં ખોદી કાઢીને, કાંટા વીણીને, પાવડાથી સરખું કરીને એને રમવા લાયક (અમારા મત મુજબ) બનાવ્યું હતું. કોઈ બીજી ટીમને અમારા ગ્રાઉન્ડપર મેચ રાખવી હોય તો અમારી પરમિશન લેવી પડે એટલો માલિકી હક અમે એ મેદાન પર ભોગવતા હતા. જો કે ગામમાં ટીમો ઓછી અને ચરામાં જગ્યા ઘણી હતી એટલે કોઈને કશો વાંધો આવતો ન હતો. બધા પોતપોતાનાં અલગ ગ્રાઉન્ડ બનાવી શકતા હતા.

પણ મારે તમને આજે જે વાત કરવી છે એ અમારી એક યાદગાર મેચની વાત છે. એ મેચ સન ૧૯૪૫માં અમારી અને અમારા ગામની અંચે પોરે સાપોરે ટીમ (અમારૂં આપેલું નામ છે) સામે રમાયેલી. આ ટીમ એના નામ પ્રમાણે ગુણ ધરાવતી હતી. એમની એ છાપ અમારા આખા ગામમાં અને આજુબાજુનાં ગામમાં એવી તો જાણીતી થઈ ગઈ હતી કે કોઈ એમની સાથે મેચ ગોઠવવા તૈયાર થતું ન હતું. એમને એમની સાથે મેચ ગોઠવવા બીજી ટીમવાળાને નહોરા કરવા પડતા હતા.

એમના એવા નહોરાના જવાબમાં અમે એ ટીમ સામે મેચ રમવાની હા પાડેલી. એમણે અમારી સામે કબૂલ કરેલું કેઃ

**૧. એ કોઈ પ્રકારનું અંચું નહી બોલે.**

**૨. કોઈ પ્રકારની મારામારી કે જીભાજોડી નહીં કરે.**

**૩. અમારી કે એમની ટીમની બહારનો જ અંપાયર રાખવામાં આવશે અને એનો નિર્ણય આખરી ગણાશે.** વગેરે... વગેરે. અમને ને એમનેય એ વાતની ખબર હતી કે એ કબૂલાતનો કશો અર્થ ન હતો છતાં અમને એટલો તો સંતોષ થયો હતો કે એમણે એટલું તો નમતું જોખ્યું હતું. ને એમ આ મેચ ગોઠવાઈ હતી.

સામેની એ ટીમ રમવામાં બહુ કાબેલ ન હતી પણ લડવામાં એમને કોઈ પહોંચી શકે એમ ન હતું. જો

વાત મારામારી પર આવી જાય તો એ લોકો અમને બધાને મારીમારીને બાવળીનાં ઝૈડાંમાં ધકેલી દે એટલા પાવરફૂલ હતા. એટલે એમની એ બધી કબૂલાત છતાં અમે મેચ શરૂ થતા પહેલાં એક ખાસ પ્રકારની સોગંધવિધિ પણ કરી હતી. ને એમાં બેય ટીમના કેપ્ટનોએ અંચું નહીં બોલવાના ભગવાનની જૂની ચોટલી ને નવી ચોટલી સુધીના સમ પણ ખાધા હતા.

અમને ચોક્કસ ખાતરી છે કે અત્યારે વિધાનસભામાં ને લોકસભામાં જે શપથવિધિ કરવામાં આવે છે એની પ્રેરણા એમણે અમારી એ સોગંધવિધિમાંથી જ લીધી હશે. અમારી જેમ એટલે જ એ લોકો શપથવિધિ કરતાં મનમાં બબડતા જ હશે કે આ વિધિ પતી જાય એટલે તમેય છૂટા ને અમેય છૂટા. અમારી સામેની ટીમના કેપ્ટનનો તો એ મુદ્રાલેખ હતો ને નસીબ સંજોગે એ અત્યારે વિધાનસભામાં છેય ખરો. ગમે તેમ પણ અમે એ જૂની ને નવી ચોટલીના સોગંદ લઈ મેચ શરૂ કરી.

ટોસ ઉછાળવામાં આવ્યો ને અમારી ટીમે પહેલાં બોલીંગ કરવાનું પસંદ કર્યું. પણ પહેલો બોલ નાખતા પહેલાં જ વાંધો પડ્યો. હવે અમારો એક વણલખ્યો નિયમ એ કે જેની બોલીંગ હોય એમનો જ બોલ વાપરવાનો. અમે બોલીંગ કરવા જે બોલ કાઢ્યો એ પ્રેક્ટિસ બોલ હતો. સામેવાળી ટીમે ત્યાં જ વાંધો ઉઠાવ્યોઃ મેચમાં તો મેચિસ બોલ જ જોઈએ.

ભૂલ અમારે પક્ષે જ હતી. અમે સામે દલીલ કરી કે એમની ટીમમાં ધનિયા જેવો હીટલર છે એટલે બોલના ધાગા કાઢી નાખે. અમને મેચિસ બોલ વાપરવાનું મોંઘું પડે. તમારેય પ્રેક્ટિસ બોલ વાપરવો હોય તોય અમને વાંધો નથી. છેવટે એમણે અમારી વાત મંજૂર રાખી. એમની પાસે પ્રેક્ટિસ બોલ ન હતો. અલબત્ત ધનિયો બોલ્યા વગર ન રહ્યો, અત્યારથી જ ફાટી ને. પણ અમે એના બોલવા પર બહુ ધ્યાન ન આપ્યું. ને એમ અમારી એ ઐતિહાસિક મેચ શરૂ થઈ.

શરૂમાં તો કશો નાંધો ન આવ્યો. એમની ચાર વિકેટ પડી અને સ્કોર વીસ રનનો થયો હતો. પછી હીટલર રમવા આવ્યો ને એણે પહેલે જ બોલે ફટકો માર્યો તે બોલ એક પીચ પડીને બાવળના ઝૈડાંમાં પેસી ગયો. અમે એમાંથી બોલ બહાર કાઢીએ ત્યાં સુધીમાં તો એમણે દોડીને ચાર રન લઈ લીધા હતા. અમે વાંધો ઉઠાવ્યો કે અમારું ગ્રાઉન્ડ બે બાય ચારનું છે એટલે જો બોલ પહેલી પીચે ઝૈડાંમાં પડે અથવા એને કૂદાવીને પેલી તરફ પડે તો ચાર રન ગણવાના અને ગબડીને જો ઝૈડાંમાં જાય તો બે રન ગણવાના. એ વાત અગાઉથી નક્કી થયેલી છે. એટલે ટુ ડીક્લેર ગણાય.

હીટલર કહેઃ 'અમે દોડીને ચાર રન લીધા એટલે ચાર રન જ ગણાય.' ને એની સાથે એની આખી ટીમ પણ જોડાઈ એટલે થોડી વાર તો ધમસાણ મચી રહ્યું પણ અંપાયરે અમારી તરફેણમાં ચૂકાદો આપ્યો એટલે કમને એ લોકોએ એ સ્વીકારવો પડ્યો. ને થોડી વાર બધું બરાબર ચાલ્યું પણ કશોય વાંધો ઊભો ન કરે તો પછી એમને અંચેપોરે કહે કોણ?

હીટલર બોલરને છેડે હતો ને સામેને છેડેથી એના સાથીદારે ફટકો માર્યો ને બોલ બોલરના હાથે વાગીને સ્ટંપમાં વાગ્યો. આ વખતે હીટલર ક્રીઝની બહાર હતો. અંપાયરે એને આઉટ જાહેર કર્યો ને હીટલર અંપાયર ઉપર બેટ ઉગામતો ધસી ગયો. 'એના હાથમાં વાગીને બોલ સ્ટંપમાં વાગ્યો એણે જાતે સ્ટંપ ખેરવ્યાં નથી એટલે આઉટ ન ગણાય. તું અંપાયર છું કે હજામ?'

જો કે અમે બધાએ વચમાં પડીને અંપાયરને તો બચેવી લીધો. પણ અંપાયર કહેઃ 'મારે અંપાયરિંગ કરવું નથી. કામ વગરની ભૂંડાશ મારે શું કરવા લેવી?'

અમારા લાખ સમજાવ્યા છતાં એ એકનો બે ન થયો ને બીજો કોઈ બહારનો અંપાયર થવા તૈયાર ન થયો એટલે અમારી એ ઐતિહાસિક મેચનો અકાળે અંત આવ્યો. પછી અમે તો પાણી મૂક્યું કે ભવિષ્યમાં ક્યારેય એમની સામે મેચ ન રમવી.

આમ તો આજુબાજુનાં ગામવળાને એ ટીમની અંચાઈની ખબર તો હતી જ. પણ અમારી વાત જાણ્યા પછી એમણેય એ ટીમ સામે ન રમવાની ગાંઠ વાળી. મને ચોક્કસ યાદ છે કે પાંચ વરસ પછી મારે બહાર જવાનું થયું

ત્યાં સુધી તો એમની ટીમ સામે મેચ રાખવાની કોઈ ટીમે હિંમત કરી ન હતી. અને એટલે તો હીટલર જ્યારે તક મળે ત્યારે કહ્યા કરતો હતો નેઃ 'કોઈની હિંમત હોય તો અમારી સાથે મેચ રમવા આવે ને. બધાને ખબર છે કે હીટલર એકલો જ આખી ટીમના ગાભા કાઢી નાંખે એવો છે.'

અનુક્રમ ►

## ૧૬. મગનાનો પરણવા

આમ તો કહેવાય છે કે દુનિયામાં જેટલાં માણસો છે એના કરતાં રોગ વધારે છે. કેટલાક જાણીતા હોય છે તો કેટલાક સાવ અજાણ્યા હોય છે. પણ અમારા ગામના મગના મેરને એક રોગ લાગેલો એ આમ તો અજાણ્યો ન હતો તેમ બહુ જાણીતોય ન હતો. એ હતો પરણવા. આ રોગની ઘણી બધી દવાઓ છે પણ એની કોઈ અકસીર દવા હોય તો તે લગ્ન જ છે. સહજ રીતે ન ગોઠવાય તો છેવટે લાકડે માંકડું વળગાડીનેય જો આવી વ્યક્તિને પરણાવી દેવાય તો આ રોગ મટી જાય છે એવી લોકોની માન્યતા છે.

મગનાને એ રોગ લાગવા માટે સબળ કારણ પણ હતું. એ દેખાવડો હતો, બુધ્ધિશાળીય હતો ને ગાંઠમાં થોડું ગરથ પણ ફેરવતો હતો. આ બધું છતાં ખાટલે મોટી ખોડ કે પાંચ વરસ પહેલાં મંદિરના પૂજારીને મારમારીને લૂટી લીધાના કેસમાં એ એક વરસની જેલ પણ કાપી આવેલો એ વાત એનાં લગન ગોઠવાવામાં ડગલે ને પગલે આડે આવતી હતી.

જો કોઈ અજાણ્યો પોતાની દીકરી મગના સાથે પરણાવવાની વાત વિચારે તો એ પહેલાં તો અમારા ગામના લોકો મગનાની આ પ્રશસ્તિ પેલા સુધી પહોંચાડવાનું પૂન્યકાર્ય કરી દેતા હતા એટલે વાત શરૂ થતા પહેલાં જ સમાપ્ત થઈ જતી હતી.

પણ જેમજેમ એનું પરણવાનું પાછું ઠેલાતું હતું એમએમ મગનાની નિરાશા વધતી જતી હતી ને એ પરણવા માટે નવા તુક્કા વિચારવા માંડતો હતો. એણે ઓછામાં ઓછી દસેક મેરેજબ્યુરોમાં લગ્નના ઉમેદવાર તરીકેની નોધણી તો કરાવી જ મૂકી હતી ને એ વારંવાર એના સંચાલકો પાસે તપાસ કરવા પહોચી જતો હતો.

એ લોકોય એને છોકરીઓ બતાવીને થાકયા હતા. જેટલી છોકરીઓ એ લોકો બતાવતા હતા એટલીમાં મગનાના ગામવાળા ફાંસ મારી દેતા હતા. છેવટે કેટલીક મેરેજ બ્યૂરોએ તો એને અડધા પૈસા પાછા આપી દેવાની ઑફર મૂકી હતી પણ મગનો એમ માને ખરો? એણે તો મેરેજ બ્યૂરોનાં ચક્કર કાપવાનાં ને તેના સંચાલકોનાં માથાં પકવવાનાં ચાલુ જ રાખ્યાં.

આમ કરતાં એને જાનકી મેરેજ બયુરોમાં કામ કરતી રતિ મનમાં ગમી ગઈ. એણે એની પાછળ દાણા વેરવા માંડ્યા પણ પેલી એને કોઠું આપે? મગનાએ આવા તો કેટલીય પાછળ દાણા વેરી જોયેલા ને બધેથી એક સરખો જ પ્રતિભાવ-જવાબ એને મળેલો. ના, એક સરખો નહીં કોઈક જગ્યાએ એને ગાલ પર તમાચોય પડી ગયેલો. પણ એમ મગનાનો પરણવા થાકે ખરો? એણે કૉલેજના બસ સ્ટેન્ડનાં ચક્કર કાપવામાંય કાંઈ બાકી મૂક્યું ન હતું. પણ કૉલેજની એ ભણેલી ગણેલી અને બનેલી કોઈ છોકરીએ એને કોઠું આપ્યું ન હતું.

ગામના લોકોને તો મગનાની ઠેકડી ઉડાવવામાં મઝા પડતી હતી. આજે બેચાર જણા ચોતરે બેઠા હતા અને એવોએ પસાર થતો દેખાયો તો એક જણાએ એને બોલાવ્યો. એમાંના કોઈકે મમરો મૂકયોઃ 'તારા લગનની વાત કેટલે આવી?'

'એક જગ્યાએ વાત ચાલે છે. બનતાં સુધી પાકું થઈ જશે એમ લાગે છે. મને છોકરી પસંદ આવી છે.'

'તો જલ્દી પાકું કરી નાખ એટલે દોસ્તોનાં મોંય મીઠાં થાય. પણ તું ખાલી ગપ જ હાંકતો હોય તો તું જાણે બાકી મારું માને તો મારા ધ્યાનમાં અક માણસ છે એ તારું લગન ગોઠવી આપી શકે એમ છે.'

'એવું હોય તો તું એમને વાત કરી જો. જો એ છોકરી મને પસંદ આવી જાય તો મને વાંધો નથી.'

'હવે ઢઢા, આવી બધી વડાઈ છોડી દે. બીજાની જેમ અમનેય આભાલાડુ બતાવવાના રહેવા દે. અમને બધાને ખબર છે કે તું રખડી ગયેલો છું. પાંત્રીસ વરસનો થયો હજુ કેટલાં વરસ આમ એકલમુડિયા રખડ્યા કરવું છે તારે? મારું માને તો તને એક સહેલો રસ્તો બતાવું.'

હવે મગનો ઢીલો પડ્યોઃ 'દોસ્ત રમણ, મશ્કરી કરવાની વાત ન કર. તને તો બધી ખબર છે. ધોલ મારીને ગાલ રાતા રાખું છું. તું સાચું કહેતો હો તો ચાલ, રસ્તો બતાવ.'

'જો, હું મશ્કરી કરતો નથી ને જરૂર પડે તો તારી સાથે આવવાની પણ મારી તૈયારી છે. એક માણસ આવાં કબાડાં કરવામાં ઉસ્તાદ છે. હું એને જાણું છું. ખર્ચો થશે પણ કામ થઈ જશે. બોલ, તારી ખર્ચો કરવાની તૈયારી છે?'

‘કેટલા?’

‘એની તો પેલાને મળીએ પછી પાકી ખબર પડે પણ પાંચ હજાર તો થાય જ. કદાચ દસ હજારેય થાય.’

‘એટલા સુધીની તો આપણી તૈયારી છે. એનાથી વધારેનું આપણું ગજુ નહીં.’ મગને ચોખી વાત કરી. ‘બોલ, ક્યારે જવું છે?’

‘તું કહેતો હોય તો હમણાં જ. આજે હું નવરો છું.’

‘તો હું બૅંકમાંથી પૈસા લેતો આવું. એટલા તો ઘરમાં ન હોય ને!’

‘તે આપણે એટલાની જરૂરેય નથી. આજે વાત કરવાની ને બહુ બહુ તો પાંચસો બાનાના આપવાના. બાકીના કામ પત્યે.’

‘તો ચાલ મારે ઘેર. ચા પી ને નીકળીએ.’ મગનો આવી વાતમાં ઢીલ મૂકે તેવો ન હતો.

બેય જણા મગનાને ત્યાં ગયા. ચા નાસ્તો કરતાં રમણે મગનાને આવાં કામમાં રાખવી પડતી તકેદારીની વાત સમજાવવા માંડી :‘જો, આમાં ઉતાવળ કરીને કૂદી ન પડતો. તારે કશી ગરજ બતાવવાની નહીં. બને ત્યાં સુધી તો હું જ વાત કરીશ. તને પેલો પૂછે ને તારે બોલવું પડે તોય કહેવું કે રમણ બધું જાણે છે, એટલે હું ઉપાડી લઈશ.’

બેય જણા બસ સ્ટેન્ડે પહોંચ્યા. બસ આવવાની બે કલાક વાર હતી પણ મગનાનો પરણવા એટલી વાટ જોવા ક્યાં નવરો હતો! એણે રિક્ષા કરી લીધી. પછીનું બધું રમણના હાથમાં હતું. રમણે રિક્ષા દામજીપુરા તરફ લેવડાવી. ત્યાં રામજી ખાંટના ઘરની તો રમણને ખબર જ હતી. ને નસીબ સંજોગે રામજીભાઈ ઘેર જ હતા.

રામજીભાઈને ત્યાં હિંચકે બેસતાં રમણે શરૂ કર્યું :‘જુઓ રામજીભાઈ મારા આ દોસ્ત મગનનું ઠકાણું પાડવાની વાત કરવા આવ્યો છું. એ મારો દોસ્ત છે એટલે તમારેય એને ધરમનું કામ ગણીને ગોઠવી આપવાનું છે. એ જાતનો મેરાઈ છે.’

‘એનો વાંધો નહીં. તમારું કામ છે એટલે મારે કરવું જ પડે. પણ મગનભાઈની ઉંમર થોડી વધારે લાગે છે. ને તમને તો ખબર જ છે કે એમની નાતમાં આટલી ઉંમરની કુંવારી છોકરી ન હોય. મારા ધ્યાનમાં એકબે ઠેકાણાં છે પણ ડાઘી છે. મારા કહેવાનું તમે સમજ્યા ને!’

‘એની તો મનેય ખબર છે ને મગનાનેય ખબર છે. તમને બીજી રીતે બરાબર લાગતું હોય તો અમને એવા ડાઘનો વાંધો નથી.’

‘એવું હોય તો વાત પાટે ચડાવવાનું કામ મારું. પણ તમને તો ખબર જ છે ને કે ખરચ કર્યા વગર વાત આગળ ના વધે. આપણે સામેથી પૂછવા જઈએ એટલે એનો બાપ આપણામાં હજાર વાંધા કાઢે ને છોકરીને પરણાવી તેનો ને એને રંડાયા કે છંડાયા પછી બેચાર વરસ પાલવી એનો ખરચ ગણી બતાવે. સમજો ને મારા ભાઈ, આપણી પાસે પૈસા કઢાવવાની જ બધી ચાલ. તમારી કેટલા સુધીની ત્રેવડ છે?’ રામજીભાઈએ વહેવારની વાત કરી.

‘જુઓ રામજીભાઈ પેટછૂટી વાત કરું. આ મગના પાસે મેડીબંધ મકાન છે ને એમાં જ એની દુકાન છે. સુખનો રોટલો રળી ખાય છે એટલું જ. એની પાસે બહુ બહુ તો બેચાર હજાર હશે. એટલે એમ જ ગણો ને કે ચાર હજારમાં પતાવવાનું ને હજાર તમારા ફેરાફાંટાના ગણીને પાંચ હજારમાં તોડ પાડી આપો તો આનું ઘર વસી જાય. તમારા ધ્યાનમાં એવું કોઈક તો હશે જ.’

રામજીભાઈએ વિચારતાં કહ્યુંઃ ‘એક ઠેકાણું છે. છોડી રંડાયેલી કે છંડાયેલી નથી પણ બીજો ડાઘ છે. એ છોડી ગૌરી કાચી વયે એક મુસલમાન રિક્ષાવાળા સાથે ઘેરથી ભાગી ગયેલી. બેએક મહિના પછી પેલાને એક ઍક્સિડન્ટમાં બે વરસની સજા થઈ એટલે આ છોડી નીચી મુડીએ એના બાપ પાસે પાછી આવી ગઈ છે. છો મહિના પર પેલો જેલમાંથી છૂટ્યો પણ પંદરેક દિવસમાં જ ઍક્સિડન્ટમાં મરી ગયો છે એટલે જૂનું તાજું થવાની કોઈ ચિંતાય નથી.’

મગનો પહેલાં તો જરા કચવાયોઃ ‘મુસલમાન!’ પણ પછી રમણને કાનમાં કહેઃ ‘ગામમાં કોઈ જાણે તો થોડું શરમાવાનું થાય.’

‘જો વાત બહાર જવાની બીક નથી પણ વખત છે ને વાત બહાર પડે તોય વાત કરનારને ચોપડાવી દેવાની કે બધી વાત જાણીને પૈણી લાવ્યો છું, બોલ, તારે શું કહેવું છે? ને જરૂર પડે તો મારું નામ દેવાનું. હું એને રોકડી સુણાવી દઈશ.’

રમણની આવી વાતથી મગનો ઉત્સાહમાં આવી ગયો. એમણે રામજીભાઈને બધી વાત પાકી કરવા

સંમતિ આપી દીધી અને એક વખત છોકરી જોવાની ઔપચારિક વિધિ પતાવી દેવાની વાત પણ મોઘમ કરી દીધી. રમણને થયું કે વાત ધાર્યા કરતાં સરળ રીતે પાટે ચઢી જતી હતી. ને મગનાની તો વાત જ શી? એ તો એટલી હદે આવી ગયેલો હતો કે એને તો આ વાત શીરાની જેમ ગળે ઊતરી ગઈ હતી.

પાછા ફરતાંય મગનો એટલો ઉત્સાહમાં હતો કે એણે આખે રસ્તે એનાં થનારાં લગ્નની જ વાત કર્યા કરી હતી. ને રમણ ના ના કરતો રહ્યો તોય એક હોટેલ પાસે રીક્ષા ઊભી રખાવી રમણ અને સાથે પેલા રીક્ષાવાળાનેય નાસ્તો કરાવ્યો ને!

◆

રામજી ખાંટને કામ સોંપ્યું એટલે માનો કે થઈ જ ગયું. એમણે બે દિવસની દોડાદોડ કરીને બધું પાકું કરી નાખ્યું ને આવ્યા રમણને ત્યાં. કહેઃ 'હવે તમારે નકકી કરવાનું છે. બોલો, લગન કેવી રીતે ઉકેલવાં છે. સાટુ કરી નાખવું હોય તોય સામેવાળો તૈયાર છે.'

'એમાં તો પેલાનો વિચારેય જાણવો પડે. આપણે ચાપાણી કરીને એને ત્યાં જ જઈએ અથવા એને જ અહીં બોલાવી લઈએ.'

'તો એને જ અહીં બોલાવો ને. મારા જેવો અજાણ્યો માણસ તમારી સાથે એના ઘર સુધી જાય તો કોઈને વધારે જાણવાની ઈંતેજારી થાય. આપણે શા માટે સામે ચાલીને વાત વહેલી જાહેર થવા દેવી? જો કે વાત મેં એવી પાકી કરી છે કે વખત છે ને કોઈ જાણી જાય તોય કશો વાંધો આવે તેમ નથી.'

થોડી વારે મગનો આવ્યો એટલે રમણે કહ્યું: 'જો રામજીભાઈએ આપણા કહ્યા પ્રમાણે વાત પાકી કરી લીધી છે. તાર છોકરી જોઈ લેવી હોય તો આપણે બેય કાલે શહેરમાં જઈએ. રામજીભાઈ એને બોલાવી દેશે. પછી લગન કરવાં છે કે સાટું કરી લેવું છે એ આપણે નકકી કરવાનું છે.'

'એમાં તો તમને બેને જે ઠીક લાગે તે ખરું. પણ મને મનમાં થાય છે કે લગન કરવાં જોઈ એ.' ગૂંચવાતાં મગનાએ મનની વાત કરી.

'મારું માનું તો એક રસ્તો છે. લગન પણ થાય અને સટુંય થાય. તારાં આઠદસ કુટુંબીઓને બોલાવી લેવાનાં ને આર્યસમાજમાં લગન કરી લેવાનાં. ગામના પંચાતિયાને ભેગા કરવાની જરૂર નથી.' રમણે કહ્યું ને મગનાને એ વાત ગમી ગઈ.

ગમે તેમ પણ મગનાનાં લગ્ન વગર વિઘ્ને પતી ગયાં. એ વાતને પૂરાં પંદર વરસ વીતી ગયાં છે છતાં હજુ ગામમાં કોઈને ગૌરીની પેલી ભાગી ગયાની વાતની ખબર પડી નથી. ને એક વખત પસ્તાયેલી ગૌરીય મગનાનું ઘર સંભાળીને બેસી ગઈ છે.

અનુક્રમ ►

## ૧૭. મંતુએ સાચું ન બોલવાના સમ ખાધા

આમ તો મન્તુ બહુ વહેવારુ માણસ છે. સાચા ખોટાની લમણાઝીંકમાં પડવાને બદલે સમયાનુસાર જે સારું ગણાય એવું બોલવાની સુટેવ એણે કેળવી લીધી છે. પણ વહેવારુ માણસ પણ કયારેક ભૂલ કરી બેસે છે તેમ એણે પણ એક વખત ભગવતી બાપુની કથામાં એમની વાતોમાં આવી જઈ જીવનમાં કદી ખોટું ન બોલવાનું પણ લઈ લીધું. એને મનમાં થયું ચાલો જીવનમાં એક સારું કામ તો થયું.

સવારમાં ઊઠતાંની સાથે એને પેલો સંકલ્પ યાદ આવી ગયો. મનમાં આનંદ આનંદ થઈ ગયો. પત્નીએ ચાનો પ્યાલો આપતાં પૂછયુંઃ 'ઊંઘ બરાબર આવી હતી ને!

રોજની જેમ આજે ખોટું બોલાય તેમ ન હતું એટલે મંતુએ કહ્યું 'તારાં નસકોરાંના સંગીતમાં ઊંઘ બરાબર તો કયાંથી આવે પણ મોડી રાતે આંખ મીંચાઈ ગઈ હતી ને થોડી ઊંઘ આવી ગઈ હતી ખરી.'

'તમને જેમ અમારાં નસકોરાંનું સંગીત સંભળાય છે એમ અમનેય તમારાં નસકોરાંનું સંગીત પણ સંભળાય જ છે. પછી અમને કયાંથી ઊંઘ આવતી હશે?'

'મારાં નસકોરાં બોલે છે જ ક્યાં? વળી તું તો રોજ મારાથી વહેલી ઊંઘી જાય છે એટલે તને મારાં નસકોરાં બોલતાં હોય એની ખબર જ કેમ પડે? ખાલી દલીલ કરવા માટે ખોટું બોલવાનું પડતું મૂક.' મંતુએ કહ્યું.

'અમારે તો આખો દિવસ ઘરના ઘસડબોરા કરવાના અને સવારે વહેલાં ઊઠવાની ચિંતા એટલે તમારાં નગારાં વાગતાં હોય તોય ઊંઘ આવી જ જાય ને!'

'એટલે તારું કહેવું એમ છે કે હું ઑફિસમાં આખો દિવસ બેસી રહું છું ને તું જ અહીં ઘરમાં કામ કરીને તૂટી જાય છે એમ જ ને!'

'થાક્યાં તમારાથી તો. કોઈ વાતે તમને ન પહોંચાય. બધી વાતનો અવળો જ અર્થ લો છો. આજે સવારના પહોરમાં તમને શું થઈ ગયું છે એ જ નથી સમજાતું.'

'એ ગમેતેમ કરીને એનાથી જાન છોડાવીને ઑફિસે જવા નીકળ્યો. સ્ટેશન પર નટુ મળ્યો. એ કહેઃ 'હું તારી જ વાટ જોતો હતો. ટ્રેનમાં એક કલાક એકલા મુસફરી કરવાનો એવો તો કંટાળો આવે છે કે મૂડ જ આઉટ થઈ જાય છે.'

મંતુ એની આવી વાતનું મૂળ પકડવા મથતાં બોલ્યોઃ 'હું તો રોજ આ જ ગાડીમાં જતો હોઉં છું. તોય હું તને આજે જ કેમ યાદ આવ્યો?'

'રોજ તો કામની ધમાલ અને ઑફિસે પહોંચવાની ઉતાવળમાં માથું ઠેકાણે જ ક્યાં રહે છે કે એવું વિચારવાનોય વખત મળે? ને આ મહિને તો સલાએ પગાર પણ નથી કર્યો. એ વૈતરું કરાવવામાં નંબર એક છે પણ એને પગાર કરતાં તાવ ચઢે છે.'

એની વાતનો મરમ પામી જતાં મંતુએ પાણી પહેલાં પાળ બાંધવાનો પ્રયત્ન કરતાં કહ્યુંઃ 'પગાર તો મારોય આ મહિને નથી થયો.'

'તોય તારો પગાર ઊંચો એટલે તારી પાસે છૂટ હોય.'

'એવું તને લાગતું હશે, બાકી મારેય પૈસાની તો તાણ જ રહે છે.' એની આવી વાતમાં ન ફસાવા માટે મંતુએ પોતાની તાણની ખોટી વાત આગળ કરી.

'તું મને આલાંબાલાં ના બતાવીશ. હું તો તારો નાનપણનો દોસ્ત છું ને તને સારી રીતે જાણું છું. તારે ભીડ હોય તોય મારે આજે બસો રૂપિયાની ખાસ જરૂર છે ને તારે મારી આંટી કાઢી આપવાની છે. બોલ શું કહે છે?'

'તો તું આજે સ્ટેશન પર એટલે જ મારી વાટ જોતો હતો એમ કહે ને!' મંતુએ એને તોછડું સંભળાવ્યું. એમ કરતાંય એનાથી છૂટાતું હોય તો.

'મને ખબર હતી કે તું આવું જ કહેવાનો. ને તારી વાત છે પણ સાચી. હું આજે આટલા માટે જ તારી રાહ જોતો હતો. ગમે તેમ પણ તારે મારું આટલું કામ તો કરવું જ પડશે. હું તને બોનસ મળશે કે તરત ઘેર આવીને પૈસા આપી જઈશ.' એ કરગરી રહ્યો.

'દરેક વખતે તું આમ જ કહે છે ને પછી બે મહિના સુધી મોં જ નથી બતાવતો.'

'એવું થયું હશે. પણ આજે તું કહે એના સમ ખાઈને કહું છું કે બોનસ આવશે એટલે બેંકમાં ચેક વટાવીને સીધો તારે ત્યાં આવીને તને પૈસા આપ્યા પછી જ ઘેર જઈશ, બસ!'

મંતુને લાગ્યું કે નટુ આજે ખરેખરો ભીડમાં હતો. વળી બસો રૂપિયા કાંઈ મોટી રકમ ન હતી. મંતુએ ખીસ્સામાંથી કાઢીને એને વધારે શરમાવ્યા વગર બસો રૂપિયા આપી દીધા. ને એને હાશ થઈ.

મંતુ ઑફિસે પહોંચ્યો તો રોજ લેઈટ આવનારો એનો બૉસ જાણે એની જ રાહ જોતો સામે જ બેઠો હતો. મંતુને જોતાં જ એ કહેઃ 'હું તારી જ રાહ જોતો હતો. તારે લાયક કામ આવી પડ્યું છે. તારા જેવા ચોકકસ માણસ સિવાય બીજાને સોંપાય તેમ નથી. તારે દિલ્હી જવાનું છે.'

હજુ બે દિવસ પહેલાં તો એણે મંતુને બધાની સામે તતડાવી નાખેલોઃ 'આટલાં વર્ષોથી અહીં નોકરી કરે છે પણ તને જરાય સૂઝ પડતી નથી. ઈંદોરવાળી પાર્ટીને આવો જવાબ અપાય? એ ઓર્ડર તારે જ કારણે કદાચ હાથમાંથી જશે.' અને આજે એ મંતુનાં વખાણ કરતો હતો. મંતુને લાગ્યું કે એને મારી ગરજ પડી હશે એટલે જ એ મને બટર મારતો હશે. છતાં એણે એને કશો જવાબ ન આપ્યો.

'કેમ કાંઈ બોલ્યો નહીં? તારે જાણવું નથી કે દિલ્હી કયા કામે જવાનું છે?'

'મને એમ હતું કે તમે મને કહેવાના છો એટલે હું બોલ્યો ન હતો.' મંતુએ કહ્યું. એને મનમાં તો થઈ ગયું કે એને કહી નાખું કે મારામાં એવી આવડત જ કયાં છે કે હું દિલ્હી જઈને ઑફિસનું કામ પતાવી આવી શકું? પણ ગમે કે ના ગમે પણ પેલો એનો બૉસ હતો ને મંતુ હતો સામાન્ય નોકર.

'જો આપણે એક્ષપ્રેસવેના રેસ્ટ એરિયાનું ટેન્ડર ભર્યું છે તેને માટે દિલ્હીમાં વગ લગાડવાની છે. મને ખબર છે કે તારે અને આપણા એરિયાના લોકસભાના સભ્ય દોલતસિંહને બહુ સારા સંબંધો છે. તારે બેચાર દિવસ દિલ્હીમાં રહેવું પડે તોય વાંધો નહીં પણ આ કામ ગમે તે ભોગેય પતાવવાનું જ છે. એમની સાથે તારે માર્ગ અને મકાન ખાતાના મિનીસ્ટરને ત્યાં જઈને રજુઆત કરવી પડે તોય કરવાની છે. આ કામ કોઈપણ ભોગે આપણને મળે એ માટેના તમામ પ્રયત્નો તારે કરવાના છે.'

મંતુને પેલું સાચું બોલવાનું પણ યાદ આવી ગયું ને ન બોલવામાં નવ ગુણ એ સિધ્ધાંતને ભૂલીને એનાથી બોલાઈ ગયુંઃ 'હજુ બે દિવસ પહેલાં  તમે કહેતા હતા કે મારામાં જરાય આવડત નથી ને આવું અગત્યનું કામ મને સોંપો છો? મારે બદલે કોઈ લાયક માણસને એ કામ સોંપો તો વધારે સારું.'

'તું ટોન્ટમાં બોલે છે એ હું સમજું છું પણ મારી બીજી વાત પણ સાંભળી લે કે તારે જ દિલ્હી જવાનું છે ને આ કામ પતાવવાનું છે. તું જો આ કામ પતાવી નહીં શકું તો તારી નોકરી ગઈ જ માનજે. આ હું ખાલી ધમકી નથી આપતો. હું આ બાબતમાં મકકમ જ છું.'

મંતુને થયું કે હું ન બોલ્યો હોત તો વધારે સારું થાત. વખત છે ને કામ ન થયું હોત તો બે કડવાં વેણ સાંભળવાનાં થાત પણ આમ નોકરીને માથે તો જોખમ ન આવત ને! પણ હવે એમાં કશું થઈ શકે એવું ન હતું. ઠીક છે, હું હમણાં દોલતસિંહને ફોન કરી દઉં છું ને પછી દિલ્હીની ટિકીટ બુક કરાવી દઉં છું. ભાવમાં કદાચ છૂટ મૂકવાની વાત આવે તો મારે કેટલા ટકા સુધી ભાવ નીચા ઉતારવા એ પણ તમારે જણાવવું પડશે.'

'એ પણ આપણે તારા જતા પહેલાં ચર્ચી લઈશું. તું તારે ફોન કર અને જવાની તૈયારી કરવા માંડ. ને ખર્ચા માટે મહેતાજી પાસેથી હજાર રૂપિયા લઈ લેજે.' એણે કહ્યું. ન કહ્યું હોત તોય મંતુ પોતાને ખર્ચે દિલ્હી ઓછો જવાનો હતો!

મંતુને લાગ્યું કે મારે મારા આ સાચું બોલવાના પણને માટે ફરી એક વાર નવેસરથી વિચારવું પડશે. આવું નોકરીને માથે આફત આવે એવું તે વળી પણ હોતું હશે! એ રાતે મોડી રાત સુધી એણે એ અંગે જ વિચાર્યા કર્યું. છેવટે મનથી નકકી કર્યું કે સાચું તો બોલવું પણ એનાથી કશું જોખમ આવી પડવાનું હોય તો બને ત્યાં સુધી મૂંગા જ રહેવું અથવા તો એનો જવાબ આપવાની મારી શી વિશાત જેવા મોઘમ જવાબથી પતાવી દેવું.

ને એમ નોકરીને માથે લટકતી તલવાર લઈને એ દિલ્હી જવા ઊપડ્યો.

રસ્તામાં કોઈ ઓળખીતું મળી જવાની મનમાં કોઈ ચિંતા ન હતી પણ ત્યાંય એ ખોટો પડયો. પ્લેટફોર્મ પર જ એને એની ઑફિસની જૂની સ્ટેનો ગોપી મળી ગઈ. એને ને મંતુને દોસ્તીનો સારો સંબંધ હતો પણ એણે નોકરી છોડી દીધી અને હરીફ કંપનીમાં ચાલી ગઈ એટલે મંતુને બૉસની ધમકી મુજબ એની સાથેના સંબંધનું પૂર્ણવિરામ મૂકવું પડેલું. એને પણ આજે જ દિલ્હી આવવાનું થયું! મંતુ મૂંઝાઈ રહ્યો. હવે જો બૉસને ખબર પડે કે ગોપી મુસાફરીમાં મંતુની સાથે હતી તો મંતુને માટે આફત સર્જાય એ નિઃશંક હતું.

મતુએ એની અવજ્ઞા કરીને એને ટાળવા પ્રયત્ન કર્યો. એ કહેઃ 'મને ખબર છે, તને તારા એ પોણિયા

બૉસની બીક લાગે છે. પણ હું ટ્રેનમાં મળી જાઉં એ અકસ્માત જ કહેવાય કે નહીં! ચાલ, હવે એવી બીક મનમાંથી કાઢી નાખ અને મર્દ થઈ જા.'

'મર્દ તો થયો જ હતો ને! પણ તેં નોકરી બદલીને મારી સાથે સંબંધ કાપી નાખ્યો હતો. મારા કરતાં તારા બૉસની તને વધારે બીક લાગે છે.'

'તને એમ લાગતું હોય તો ભલે પણ એવું નથી. ચાલ, આજે આપણે દિલ્હીમાં હોટેલમાં એક જ રૂમ લઈએ. જોઈએ છીએ કે કોને પોતાના બૉસની વધારે બીક લાગે છે.'

એની આવી ખૂલ્લી વાતથી મંતુના મનમાં ગલગલિયાં થવા લાગ્યાં પણ એને એના બૉસની પેલી ધમકી યાદ આવી ગઈ. એણે થોડો વિચાર કરીને કહ્યું: 'એના કરતાં બન્ને અલગ અલગ રૂમો લઈએ તો વધારે સારું. બેયને કંપની ખર્ચો તો આપવાની જ છે. પછી વાઉચર સાથે હોટેલનું બીલ મૂકીએ તો એવો પ્રશ્ન ન જાગે કે બે જણ રૂમમાં કોણ હતાં?'

'જો તારી બીક સામે આવી જ ગઈ ને! પણ મને એમાં વાંધો નથી. આપણે બન્ને અલગ રૂમો લઈશું ને જમવાનાં બીલ પણ અલગ બનાવરાવીશું, બસ. પણ બેડ તો એક જ વાપરીશું. બહુ વખતે મળ્યાં છીએ તો થોડી ઉજવણી પણ કરી લઈએ. તને કશો વાંધો તો નથી ને! તારો કે મારો બૉસ ત્યાં કયાં જોવા આવવાનો છે?'

ગોપીની આવી બિન્દાસ વાતોથી મંતુના દિલમાં ગલગલિયાં થવા લાગ્યાં. એના મનમાંથી એના બૉસની બીક જાણે કયાંય ભાગી ગઈ. એણે કહ્યું: 'તને જો વાંધો ન હોય તો મનેય શાનો વાંધો હોય? મારે તો બે દિવસ વધારે રોકાવું હોય તોય બૉસે છૂટ આપેલી છે.'

'તો એમ કરીએ. મારેય કંપનીમાંથી પરવાનગી કયાં મંગાવવાની છે?' ગોપીએ આંખો નચાવતાં કહ્યું.

વાતવાતમાં બેયને ખબર પડી ગઈ કે બન્ને એક જ કામ માટે દિલ્હી આવ્યાં હતાં. હા બન્નેના કોન્ટેકટ અલગ અલગ હતા. જેનું કામ ન થાય એ એના કોન્ટેકટને દોષ દઈ શકે તેમ હતું. મંતુએ પોતાની નોકરીને માથે લટકતી તલવાર હતી એ વાત ગોપીને કરી ને ગોપીએ મનથી જ પોતાનું કામ ઢીલું મૂકવાનું નકકી કરી લીધું. એના બૉસને પોતાના કોન્ટેકટ માટે બહુ આશા ન હતી પણ એક તુકકો લગાવી જોવા જ એણે ગોપીને દિલ્હી મોકલી હતી.

બે ને બદલે ચાર દિવસ મઝા કરી બેય પાછાં મુંબઈ જવા નીકળ્યાં. બેયને કંપનીને ખર્ચે મઝા કરવામાં લહેર પડી ગઈ હતી એટલે અઠવાડિયા પછી ફરીથી મળવા જવું પડશે એવી વાત બેય પોતાના બૉસને કરવાનાં હતાં. પછીના અઠવાડિયામાં સોમવારે પાછાં બેય દિલ્હીમાં મળ્યાં. કામ પેલા કોન્ટેકટને મળવાનું હતું જ કયાં? બેયને એકબીજાને મળવાની તાલાવેલી હતી. એક તો ગોપીએ પોતાના કામમાં ઢીલ છોડી હતી અને મંતુની દોલતસિંહ સાથેની દોસ્તીને કારણે એની કંપનીનું કામ થઈ પણ ગયું હતું.

બધી વાત જાણી મંતુએ ગોપીને કહ્યુંય હતું: 'ફરી વખતે કોઈ કામ નીકળી આવે તો બન્નેએ દિલ્હીની વાત કાઢી દિલ્હી આવવાનું ગોઠવી કાઢવાનું હતું. એ વખતે પોતે ગોપીની ફેવર કરશે એટલે એના બૉસનેય કશી ફરિયાદ કરવાની ન રહે. પોતાનું મહત્ત્વ તો આ કામ થવાથી કંપનીમાં વધી ગયેલું હશે એટલે બીજું કામ ન તાય તોય કશો વાંધો આવે તેમ ન હતો.

એ વાતને બે વર્ષ વીતી ગયાં છે. મંતુ અને ગોપીએ દિલ્હીમાં નવાનવા કોન્ટેકટ ઊભા કરી દીધા છે એવી હવા પોતપોતાની કંપનીમાં ઊભી કરી દીધી છે ને એમ કરીને પોતાના દિલ્હીના ફેરા વધારી દીધા છે ને પોતાના સંબંધો વધારે પાકા કરી લીધા છે. હવે તો એ બેય ઘણી વખત મુંબઈમાં પણ હોટેલમાં પોતાના આ સંબંધને તાજો કરતાં રહે છે ને કદીક તો કોઈ મહેમાનની સરભરા કરવા સાથે પોતાની આવી સરભરા પણ કંપનીને નામે ચઢાવી દેવાની ફાવટ પણ એમણે કેળવી લીધી છે.

અનુક્રમ ►

# ૧૮. વિપુલ દૂરબીન

કૉલેજનું નવું સત્ર હમણાં જ શરૂ થયું હતું. ને જૂના જાણીતા ચહેરાની વચ્ચે કેટલાય અજાણ્યા ચહેરા મીક્સ થવા પ્રયત્ન કરી રહ્યા હતા. એમાંનો એક હતો વિપુલ. એનાં બિલોરી કાચ જેવા લેન્સવાળાં ચશ્માંને કારણે અમે એનું નામ વિપુલ દૂરબીન પાડી જ દીધું હતું ને એક જ અઠવાડિયામાં તો એ નામ અમારા વર્તૂળમાં પ્રચલિત પણ કરી દીધું હતું.

એનામાં અહંનો જાણે અભાવ હતો અને એ પોતે સામાન્ય અને ગરીબ ઘરમાંથી આવતો હતો એટલે અમે એને સહજપણે અમારામાં ભેળવી દીધો હતો. ગામડાની ગરીબીમાંથી આવતા વિદ્યાર્થિઓને હેરાન ન કરવા એ અમારો નિયમ હતો. એક મહિનામાં તો એ જાણે અમારા ગ્રુપનો વરસો જૂનો સભ્ય હોય એમ બધાની સાથે ભળી ગયો હતો.

અમે બીજા પણ કોઈ એને હેરાન ન કરે એની સાવચેતી રાખતા હતા. બહાર હોટેલમાંય અમે ઘણી વખત એને અમારી સાથે ખેંચી જતા હતા ને અમારે ખર્ચે એને ચાપાણી પણ કરાવતા હતા. ને એય પોતાની એવી મોંઘી હોટેલોમાં નાસ્તો કરવા જેવી સ્થિતિ નથી એમ કહ્યા કરતો હતો. અમે એવી ચિંતા ન કરવા કે એવી શરમ ન રાખવા એને સમજાવતા હતા.

થોડા વખતમાં તો એ એની પેલી ગરીબાઈનાં રોદણાં રડવાની ટેવમાંથી મૂક્ત થઈ ગયો હોય એમ વર્તવા પણ લાગ્યો હતો. ગામડામાંથી આવતો હતો એટલે અમારી જેમ વટ પાડવા નહીં પણ નાનપણની ટેવને કારણે એ શરૂમાં બીડીઓ પીતો પણ પછીથી અમારી અસરથી એય સીગરેટ પીતો થઈ ગયો હતો. એ અમારાથી છાની રીતે સીગારેટ પીતો હતો એટલે અમને લાગતું હતું કે અમને સીગારેટની ઓફર કરવી એને પોસાય તેમ ન હોવાથી એમ કરતો હશે.

એક વખત એ રસ્તાની બાજુમાં ઊભો સીગારેટ પી રહ્યો હતો ને અમે ચારેક દોસ્તો એની પાસે પહોંચી ગયા તો એ ખેદથી કહેઃ 'તમેય સાલા, મને એવે વખતે ભટકાઈ ગયા કે મારે તમને સીગારેટની ઓફર કરવી હોય તોય ન થાય. આ છેલ્લી સીગારેટ હતી ને તમે આવ્યા.' કહેતાં એણે સીગારોટનું ખાલી પાકીટ રોડની બાજુમાં ઝાડ ઉછેરવા માટે કરેલા વાડોલામાં એવા ખેદથી ફેંક્યું કે અમારે કહેવું પડ્યું, 'તારે એમ દુઃખી થવાની જરૂર નથી. અમારી પાસે અમારી બ્રાન્ડ છે જ.' તોય એના મોં પરથી ખેદનું વાદળ દૂર ન જ થયું. પણ અમને એ વખતે ખબર ન હતી કે પેલા ફેંકી દીધેલા પેકેટમાં હજુ નવ સીગરેટ સલામત હતી ને અમારા ગયા પછી વિપુલ એ પાકીટ ઉઠાવીને ખિસ્સામાં મૂકવાનો હતો.

પણ એને માટેની અમારી એ ગેરસમજનો અચાનક અંત આવ્યો. એને ગામથી એનો એક દોસ્ત એને મળવા આવ્યો હતો. વિપુલ લાયબ્રેરીમાં ગયો હતો એટલે અમે એના એ દોસ્તને અમારી રૂમમાં બેસાડ્યો. પછી વાતવાતમાં ખબર પડી કે વિપુલને ઘેર તો સો વીઘાંની ખેતી હતી ને કેસર કેરીની વાડી હતી. આખા ગામમાં સૌથી સુખી ઘરનો એ દીકરો હતો. પેલાની વાતથી અમને આશ્ચર્ય થયું એના કરતાં વધારે તો ગુસ્સો આવ્યો. આટલા દિવસ અમને એણે છેતર્યા હતા ને અમારે ખર્ચે એ તાગડધિન્ના કરતો હતો. ને અમે એને બરાબરનો પાઠ ભણાવવાનું નક્કી કર્યું.

એની સામે બીજી કશી વાત ઉખેડવાને બદલે અમારામાંના એક જણે કહ્યું, 'આજે વિપુલને ગામથી મહેમાન આવ્યા છે તો મારા તરફથી પાર્ટી.' ને બધા ઊપડ્યા આણંદ. હોટેલમાં જઈ બધાએ મોટું મસ બિલ આવે એટલું ઝાપટ્યું. પછી એક જણ કહેઃ 'હું બિલ ચુકવતો આવું.'

ત્યાં બીજો કહેઃ 'વિપુલ તું આરામથી ખાઈ લે, હું મહેમાનને પાન ખવડાવું.' ને વિપુલે વધારે રાહતથી ખાવા માંડ્યું. એણે વિચાર્યું હશે કે બધાની સાથે બહાર જઈશ તો પાન ખવડાવવાના પૈસા કાઢવા પડશે. ને અમારે એમ જ કરવું હતું ને.

પેલા મહેમાનને કશી સમજણ પડે તે પહેલાં એને રીક્ષામાં ધકેલી અમે વલ્લભવિદ્યાનગરને રસ્તે પડ્યા. મોડેમોડે પેલાને લાઈટ થઈ ને એય ખુશ થઈ ગયો. એ કહેઃ 'આજે એની જે વલે થશે એ જોવાની મઝા પડશે, બાકી એની પાસે આમ પચાસ રૂપિયા જેવું બિલ ચુકવાવવું એ તો ન માની શકાય એવી વાત.

'પચાસ નહીં, એંસીથી ઓછું નહીં હોય. અમને આજ સુધી પોતાની ગરીબીનાં રોદડાં રડીને છેતરતો હતો એનો બદલો એને આજે મળી જશે.'

'અરે, આટલાથી ઓછું પતવાનું છે? આ તો એને છેતરીને ખર્ચાવ્યા છે. કાલે પંદર જણની પાર્ટી એની પાસે ન અપાવું તો મારું નામ કૌશિક નહીં.' ને અમે બધા એની સાથે એની સાથે સંમત થઈ ગયા.

પણ વિપુલને માથે જે વીતી હતી એની અમને હજુ ક્યાં ખબર હતી? એ ગરીબ ઘરનો દીકરો ખિસ્સામાં મોટી રકમ રાખે ખરો? વળી આજે તો મનીષે પોતાને ખર્ચે પાર્ટી આપવાની જાહેરાત કરી હતી. એ ખાઈને રૂમાલથી હાથ કોરા કરતો વટથી બહાર નીકળવા ગયો તો મેનેજરે એને ઈશારો કરીને પાછો બોલાવ્યોઃ 'બિલ ચુકવવાનો વિચાર નથી કે શું?'

'મારા દોસ્તોએ બિલ ચુકવી દીધું છે.' એણે વટથી કહ્યું.

'ના, એમણે તારે માટે બાકી મૂક્યું છે એટલે મને આલાંબાલાં બતાવ્યા વગર પૈસા કાઢ.'

હવે વિપુલ ગભરાયો. છતાં એણે પૂછ્યું, 'કેટલું બિલ છે?'

'પંચ્યાસી રૂપિયા ને પચાસ પૈસા.'

જો કે એને ધ્રાસકો તો પડ્યો જ હતો. ને મેનેજરે જ્યારે બિલનો આંકડો કહ્યો ત્યારે તો જાણે એના પગ નીચેથી જમીન જ સરકી ગઈ હોય એમ એને લાગ્યું. એને સમજાઈ ગયું કે પેલા લોકોએ એને બરાબરનો ફસાવ્યો હતો. એના ખિસ્સામાં એટલા પૈસા હોત તો પણ એ કાઢતાં એનો જીવ ન ચાલત. પણ આજે તો એની પાસે માંડ પંદર રૂપિયા હતા ને એટલું મોટું બિલ?

એણે ખિસ્સામાંથી હતા એ બધા પૈસા બહાર કાઢ્યા. એ માંડ ઓગણિસ રૂપિયા હતા. એમે મેનેજરને કહ્યું, 'મારી પાસે આટલા જ છે. જો તમે મને છૂટ આપો તો હું વિદ્યાનગર જઈને બાકીના લઈ આવું.'

'તું જન્મ્યો એ પહેલાંનો હું મેનેજરી કરું છું. બાલાં બીજાને બતાવજે. સીધી રીતે પૈસા કાઢ.'

'મારો વિશ્વાસ કરો. વેઈટરને પૂછો, હું કાયમ અહીં આવું છું. આટલું મોટું બિલ થશે એવી મને ખબર ન હતી. તમને વિશ્વાસ ન આવતો હોય તો મારું ઘડિયાળ રાખો. હું એક જ કલાકમાં પૈસા લઈને આવું ત્યારે મને પાછું આપજો.' વિપુલને થયું કે આજે આ લોકો હડકાં ભાંગીને ધક્કા મારીને રસ્તામાં ફેંકી આબરૂ લીધા વગર છોડશે નહીં.

'અમે એવો કબાડીનો ધંધો કરતા નથી. પણ પૈસા વસુલ કરવાના બહુ રસ્તા છે અમારી પાસે. તું કોલેજમાં ભણતો હોય એમ લાગે છે એટલે અમે પોલીસને નહીં બોલાવીએ કે તારાં હાડકાંય નહીં ભાગીએ. નંદુ, આ કડકાને એપ્રન પહેરાવી કામે લગાડી દે. જો જરાય આઘો પાછો થાય તો મને કહે જે.' કહેતાં મેનેજરે પૈસા ગલ્લામાં મૂક્યા.

વિપુલે રાતના અગિયાર વાગ્યા સુધી ડીશો સાફ કરી ને ટેબલોય લૂછ્યાં. આટલું કર્યા છતાં છૂટવાને વખતે મેનેજરે એને કહ્યું, 'તેં જે કામ કર્યું એનાથી મારા પૈસા તો વસુલ નથી થયા પણ હવે પછી મારી હોટલમાં પગ મૂકતા પહેલાં પૂરતા પૈસા લાવવાનું તને યાદ રહેશે.'

પછી તો ગજવામાં પૈસોય હતો નહીં એટલે રીક્ષા કરવાનો વિચાર પડતો મૂકીને એણે વિદ્યાનગરનો રસ્તો પકડ્યો. રાતે બાર વાગ્યે એ રૂમ પર આવ્યો ત્યારે અમે એની રાહ જોતા બેઠા જ હતા.

'સાલા, આવું કરવાનું?' કહેતાં એ રડી પડ્યો.

'ને આટલા દિવસ તું અમને તારી ગરીબાઈનાં રોદણાં રડીને છેતરતો હતો એનું કશું નહી? અમને તારી સો વીઘાંની ખેતીની ને કેસર કેરીની વાડીની ખબર પડી ગઈ છે. આવતીકાલે અવકુલમાં તારા તરફથી પંદર દોસ્તોની પાર્ટી રાખી છે એનું બિલ પણ તારે જ ચુકવવાનું છે એટલે ખિસ્સામાં પૂરતા પૈસા લઈને નીકળજે નહીં તો આનાથીય ખરાબ દશા થશે.' કૌશિકે કહ્યું.

‘પંદર જણાની પાર્ટી? એટલું બિલ ચૂકવતાં તો હું મરી જાઉ.’ વિપુલ કરગરી પડ્યો.

‘હવે એવાં ખોટાં રોદણાં રડવાનાં બંધ કર. આટલા દિવસ અમે તને સાચવ્યો એ તો ગરીબ જાણીને. ફરીથી અમારી આગળ આવાં રોદણાં રડ્યો છે તો આનાથીય બૂરી દશા થશે એ ધ્યાનમાં રાખજે.’ બીજાએ કહ્યું.

‘મને ખબર નહીં કે તું અહીં કૉલેજમાંય ગામની જેમ ગરીબાઈનો આવો ઢોંગ કરતો હોઈશ એટલે મારાથી સાચી વાત કહેવાઈ ગઈ.’ એના દોસ્તે કહ્યું.

બીજે દિવસે એણે પાર્ટીનું બિલ કચવાતે મને આપ્યુંય ખરું. પણ પછી એણે જ્યારે જાણ્યું કે અમે આટલા વટથી ફરતા હતા છતાં એના જેવી અમારી કોઈની સ્થિતિ ન હતી ત્યારથી એ રાગે આવી ગયો છે.

અનુક્રમ ►

# ૧૯. વસંતની કામવાળી

વસંતની નોકરી આમ તો સારી કહેવાય એવી. એમાં એનો મોભો તો જાણે મેનેજરનો પણ પગાર એટલો મોટો નહીં. પણ એના બાપાએ વરસો પહેલાં સોસાયટીમાં એક મકાન લીધેલું એટલે એને ઘરભાડું ભરવાની ચિંતા ન હતી. એટલે મારા ભૈ એનું ઘર આરામથી ચાલે.

ઘરમાં જે ગણો તે એ અને એની બૈરી કેતકી બે જ જણાં. ઘેર હજુ પારણું બંધાયું ન હતું ને એ બેય જણાંને હવે પારણું બંધાવાની આશા પણ રહી ન હતી. છેલ્લાં બે વરસથી તો એમણે દાકતર અને દોરાધાગાવાળાને ત્યાં આંટા મારવાના પણ બંધ કરી દીધા હતા. મહિને ઘરખર્ચ જતાં જે વધે એ બે ચાર હજાર રૂપિયા ઠેકાણે મૂકીને બેય શાંતિથી જીવતાં હતાં. પણ કોઈના સુખના દિવસો કાયમ ચાલ્યા છે તે આ વસંતના ચાલે?

આખી સોસાયટીમાં બધાંને ઘેર નાના મોટા પરિવાર. બધા સુખી તો કોણ જાણે પણ બધાને ત્યાં કામવાળી વાસણ પોતું કરી જાય. એક વસંતને ત્યાં જ કામવાળી બાઈ નહીં. આમ તો એમને એની જરૂર પણ નહીં. પણ બધાંને ત્યાં કામવાળી બાઈ હોય અને એમને ત્યાં જ ન હોય એ વાત કેતકીના મનમાં ખૂંચવા લાગેલી. એણે છેલ્લા બે મહિનાથી વસંત પાસે કામવાળી બાઈ રાખવાની માગણી કરવા માંડેલી. આજેય જમીને બેઠા પછી કેતકીએ એની માગણી તાજી કરી.

'આપણે બે જણાંનું કામ પણ કેટલું હોય છે તે આપણે કામવાળી બાઈ રાખવી જોઈએ?' વસંતે બચાવ કર્યો.

'જરૂર તમારે ન હોય પણ મારે તો છે જ.'

'એવું હોય તો તારાથી ન પહોંચી વળાતું હોય તો થોડું કામ મારે માટે રાખી મૂકજે. સાંજે ઑફિસેથી આવ્યા પછી હું કરી આપીશ, બસ!'

'તમે ઘરનાં કામ કરો તો કેવું લાગે? સોસાયટીમાં બધાં મને તો ફોલી જ ખાય ને! કહેશે રાંડ ફુવડ જેવી છે તે ધણીને બાપડાને ઘરનાં કામ કરવાં પડે છે.'

'એમાં ફોલી ખાવાની વાત કયાં આવી? ને સોસાયટીવાળાંને એની ખબર પણ કેવી રીતે પડવાની? વળી પોતાના ઘરનું કામ કરવામાં નાનમ શી?'

'એ તો તમને એમ લાગે. તમે આખો દિવસ ઑફિસમાં હો એટલે તમને એની ખબર ન પડે. પણ તમારા કરતાં પાડોસીઓની મને વધારે ખબર છે. અત્યારે જ બધાં વાતો કરતાં હોય છે કે પાછળ કોઈ ખાનાર છે નહીં તોય ઘરમાં એક કામવાળી બાઈ રાખતાં નથી. આવી કંજુસાઈ કરીને ભેગું કરીને બધું સાથે લઈ જવાનાં છે કે શું?'

'એ બોલનારા ભલે ને બોલતા. જો મારી વાત સાંભળ. જેને પાછળ છોકરાં હોય એમને તો એક સધિયારોય ખરો કે ઘડપણમાં એમને પાલવનાર દીકરો છે. પણ આપણે તો આપણી બચતને જ આપણો દીકરો ગણવાનો. જ્યારે આપણા હાથપગ ન ચાલે ત્યારે આપણે પૈસા ખર્ચીને જ સેવા ચાકરી કરાવવાં પડવાનાં ને!'

'તમને ખર્ચાની ચિંતા હોય તો આપણે બધી વાતે કસર કરી લઈશું પણ કામવાળી તો રાખવી જ છે. મારાથી હવે લોકોનાં મહેણાં સહન નથી થતાં. એમનાં એ મહેણાંમાં મને વાંઝિયામેણું સંભળાય છે.' કેતકીએ ખેદથી કહ્યું.

ને ભાઈ પત્નીહઠ સામે કોઈનું કાંઈ ચાલ્યું છે કે આ વસંતનું ચાલે? છેવટે વસંતે ઑફિસમાં બે દોસ્તોને આ વાત કરી. એક કહેઃ 'એક વખત કામવાળી રાખી લેવાની પછી એના કામમાં ભૂલો કાઢ્યા કરવાની. એ કામવાળી કાં તો એની જાતે જ કામ છોડીને ભાગી જશે કે પછી એને તારી બૈરી જ તગેડી મૂકશે.'

તો બીજો કહેઃ 'એ ઉપાય નહીં ચાલે. એના કરતાં મેં અજમાવેલો ને સફળ થયેલો ઉપાય બતાવું. તારે તારી પત્નીની સામે જ એ કામવાળીનાં કાયમ વખાણ કર્યા કરવાનાં ને એને માટે એકાદ નવી સાડી પણ લાવી આપવાની એટલે તું નાના કરતો રહીશ તોય તારી પત્ની એને કાઢી મૂકશે.'

ને એમાંથી બીજો પ્લાન પસંદ કરીને વસંતે એ સાંજે પત્નીને કામવાળી રાખવાની સંમતિ આપી દીધી. પછી તો પૂછવું જ શું? બીજે દિવસે સવારથી જ ઘરમાં કામવાળી આવી ગઈ હતી. વસંતને સંતોષ થયો કે એ પોતાના પ્લાનમાં ચાલી જાય એટલી જુવાન અને રૂપાળી હતી. બે દિવસ એણે એના કામનાં વખાણ પત્નીની હાજરીમાં જ કર્યા કર્યાં.

ત્રીજે દિવસે નોકરી પરથી પાછા આવતાં બજારમાંથી એ એક મધ્યમસરની નવી સાડી એને માટે લેતો આવ્યો. સાંજે પત્નીને એ બતાવી પણ ખરી. સાડી જોઈ કેતકી કહેઃ 'એને આવી મોંઘી સાડી આપવાની શી જરૂર છે. સોસાયટીમાં કોઈ આપતું નથી.'

'એટલે તો આપણે આપવાની છે. તું જોજે તો ખરી. તું એકબે જણીને આ વાત કરીશ એટલે બધાં આપણી અદેખાઈ કરવા માંડશે ને સોસાયટીમાં આપણો વટ પણ પડશે. વળી નવી નકકોર સાડી મળતાં કામવાળી પણ મન દઈને ઘરનું કામ કરશે.'

સોસાયટીમાં વટ પાડવાની વાત કેતકીને ગળે તરત ઉતરી ગઈ. બીજે દિવસે વસંતે પોતે જ કામવાળીને આ સાડી એવું કહીને આપી કે ઘરમાં કોઈ આવે ને તું આવાં ઘસાએલાં કપડાં પહેરીને કામ કરતી હોય એ સારું ન લાગે. હવેથી તારે આ સાડી કે તારી પાસે હોય તેમાંથી સારી સાડી પહેરીને જ કામ પર આવવાનું છે. પછી કામવાળીને તો આ શેઠ ભગવાન જેવો જ લાગે ને!

ને બે દિવસમાં તો આખી સોસાયટીમાં આ નવી નક્કોર સાડીની નવી નક્કોર વાત ફેલાઈ ગઈ. જે વાત સવારે પતિએ કામવાળીને સાડી આપતાં કહી હતી તેમાં પોતાના તરફથી ઉમેરો કરીને કેતકીએ જે વાત એની બેનપણીઓને કરી હતી અને એના જે પ્રતિભાવ એને જોવા સાંભળવા મળ્યા હતા એનાથી કેતકી મનમાં ફુલાઈ રહી હતી.

પણ બધીના પ્રતિભાવ એક સરખા આનંદ પ્રેરક ન હતા. એક બેનપણીએ જ્યારે કહ્યું કે એમાં બહુ ખુશ થવા જેવું નથી. તું પુરુષોની દાનત જાણતી લાગતી નથી. મારી વાત માનજે. માલતીને જ પૂછી જોજે ને, એણે એક વખત એક કામવાળી રાખી હતી એ તારી કામવાળી જેવી જ રૂપાળી ને ચબરાક હતી. એ કામવાળીનાં વખાણ વિલાસભાઈ બહુ કરતા હતા પણ વખત જતાં માલતીને લાગવા માંડ્યું કે એ પતિ ખોઈ બેસશે એટલે એમણે એને કાઢી મૂકવી પડી.'

'પણ વિલાસભાઈ આમ તો સીધા સાદા જણાય છે ને તોય— '

'બધા પુરુષો જેટલા સીધા દેખાતા હોય એ એટલા જ ભોંયમાં હોય. અરે! એક દિવસ વિલાસભાઈ એ કામવાળીની સાથે ઓવર ટાઈમનું બહાનું કાઢીને પિક્ચર જોવા ગયેલા ને શોપીંગમાં ગયેલી માલતી એ જોઈ ગઈ. પછી એવો ભવાડો કરેલો ને પેલીને બીજે જ દિવસે પગાર કરીને તગેડી મૂકેલી.'

એની આ વાતથી કેતકીના મનમાં શંકાનો કીડો જાગૃત થઈ ગયો. વળી વસંત પહેલા દિવસથી જ કામવાળીનાં વખાણ કરવા માંડ્યો હતો ને કામવાળી હતી પણ રૂપનો કટકો ને વળી બોલકી પણ. વળી વસંત એને માટે વગર કહે સાડી લઈ આવ્યો હતો એટલે કેતકી એને માટે વહેમ ખાય એવું થયું પણ હતું. પણ કેતકીને પતિ પર ભરોસે હતો. એ પેલા વિલાસભાઈ જેવો તો નહીં જ થાય એની એને ખાતરી હતી.

તોય એણે પતિની હિલચાલ પર ચાંપતી નજર રાખવા માંડી. આમ તો વસંતને કામવાળી સાથે વાત કરવાનો મોકો ભાગ્યે જ મળતો હતો. હા, વસંતની નોકરી સવારના અગિયાર વાગ્યાથી શરૂ થતી હતી એટલે સવારે દસ વાગ્યા સુધી એ ઘેર તો હોતો જ હતો એટલે એને કામવાળી સાથે વાત કરવી હોય તો સમય તો અનુકુળ આવતો હતો પણ કેતકી આ આખો સમય કામવાળીની સાથે જ રહેતી હતી એટલે વસંતને વાત કરવી હોય તોય થઈ શકે એમ ન હતી.

થોડા દિવસ પસાર થયા ને એક દિવસે વસંતે કેતકીની હાજરીમાં જ કામવાળી બાઈને કહ્યુંઃ 'હવે તું કેટલી સારી લાગે છે આ નવી સાડીમાં. આમેય તું રૂપાળી તો છે જ પણ સાથે સારાં કપડાં હોય તો વધારે સારી લાગે જ ને! તું બીજાં કેટલાં ઘરનું કામ કરે છે?'

'તમારા ઘરનું એકલાનું જ કામ કરું છું. વધારે ઘરનાં કામ કરું તો મોડું વહેલું થાય એ મારાં ઘરવાળાં ચલાવી ના લે.'

'એ સારું. ને ઓછાં કામ હોય તો સિનેમા જોવા પણ જવાય કે બજારમાંથી કશું ખરીદવાનું હોય તોય દિવસના ભાગમાં ખરીદી પણ થઈ જાય. તે તું કયારેય સિનેમા જોવા જાઉં છું ખરી?' ને કેતકીએ પતિ સામે એવી નજરે જોયું કે વસંતને ખાતરી થઈ ગઈ કે તીર બરાબર નિશાના પર લાગ્યું હતું.

એ સાંજે કેતકીનું મોઢું ચઢેલું હતું. વસંત સમજી ગયો છતાં એ ખામોશ જ રહ્યો. કેતકીએ ધાર્યું હતું એમ વસંતે એના ચઢેલા મોં અંગે એને કશું પૂછ્યું નહીં એટલે એને લાગી આવ્યું છતાં એણે કહ્યુંઃ 'હવેથી તમારે કામવાળી સાથે કોઈ વાત કરવી નહીં. એવાં હલકાં માણસો મનમાં શુંય સમજે ને આખી સોસાયટીમાં આપણી વાતો કરી આપણને વગોવે.'

'પણ મેં તો એની સાથે સામાન્ય જ વાત કરી હતી. તું આખો દિવસ એની સાથે ફક્ત કામની જ વાતો કર્યા કરે એટલે એ ચિઢાઈને ભાગી ન જાય એટલે મેં એમ કરેલું. એમાં સોસાયટીવાળાને વાતો કરવાનું કે આપણી વગોવણી કરવા જેવું શું હતું?'

'એ તમને નહીં સમજાય પણ હવેથી તમારે કામવાળી બાઈ સાથે એક અક્ષર પણ બોલવાનો નથી.' કેતકીએ હુકમ કર્યો ને વસંત મનમાં જ મલકાઈ રહ્યો. તીર બરાબર નિશાના પર બેઠું હતું એની એને ખાતરી થઈ ગઈ. પણ એનું એ તીર બીજા લક્ષ્ય પર બરાબર બેઠું હતું એની ખબર એને હજુ હવે પછી પડવાની હતી.

બીજે દિવસે એ નોકરી પરથી આવતો હતો ત્યારે સોસાયટીના ઝાંપાથી થોડે દૂર એને એની કામવાળી લક્ષ્મી ભટકાઈ ગઈ. 'તું આમ કયાં ગઈ હતી?' વસંતે સહજ પૂછ્યું.

' આજે તમે મને સિનેમા જોવા જવાનો ઈશારો કર્યો હતો એ મને સમજાઈ ગયું હતું. શેઠ, મને સિનેમા જોવા લઈ જશો તો હું આવીશ.' શરમાતાં એણે કહ્યું. ને વસંત એનાથીય વધારે શરમાયો.

'તારો ધણી તને નથી લઈ જતો?'

'એ તો મૂવો દારૂ પીને મને બહુ પજવતો હતો એટલે એને છોડીને ચાર મહિનાથી હું મારી મા સાથે રહેવા આવી ગઈ છું. હવે મને કોઈ ટોકવા વાળું નથી.' લક્ષ્મીએ શરમ છોડીને મનની વાત કરી દીધી.

વસંત મનમાં ગભરાતો હોવા છતાં આ લોભામણી ઑફર અંગે વિચારવા માંડ્યો. પછી ગભરાટ સાથે એણે કહ્યું: 'અહીં આપણી સોસાયટીવાળું કોઈ જોઈ જશે તો આફત આવી જશે. એના કરતાં તું કાલે આ સમયે મને સ્ટેશન પાસેના શાક માર્કેટની પાછળ મળજે તો આપણે આગળ વાત કરીશું.'

'ભલે શેઠ, હું આવીશ.' કહીને લક્ષ્મી ગઈ પણ વસંતની એ રાતની ઊંઘ હરામ કરતી ગઈ. એણે ધાર્યું હતું કે કેતકી વહેમાઈને કામવાળીને કાઢી મૂકશે કે એને મારી સાથે વાત ન કરવાની ચેતવણી આપશે. એમાંથી ચકમક ઝરતાં કામવાળી કદાચ જાતે જ કામ છોડીને ચાલી જશે. પણ બન્યું સાવ ઊલટું. એને થયું કે કેતકીના પોતા પરના વિશ્વાસનો ભંગ કરવો એ પાપ હતું. પણ મોડી રાત સુધી વિચાર કર્યા પછી એણે નક્કી કર્યું કે એ પાપ કરવા જેવું હતું. એને થયું આવું એકાદ પાપ તો ભગવાન પણ માફ કરી દેશે.

બીજે દિવસે સવારે લક્ષ્મીના સાંભળતાં જ એણે કેતકીને કહ્યું કે એ આવતાં શાકભાજી લેતો આવશે. આમાં કશું નવાઈનું ન હતું મોટે ભાગે વસંત જ શાકભાજી લેતો આવતો હતો એટલે કેતકીને આ સામાન્ય જ લાગ્યું. પણ જેને માટે વસંત બોલ્યો હતો એણે એની નોંધ લીધી હતી એ તો લક્ષ્મીએ વાસણ ઉટકતાં માથું હલાવી સમજ્યાનો ઈશારો કરી દીધો એ વસંતને સમજાઈ ગયું. કેતકીને વાસણ ઉટકતી લક્ષ્મીનું એ સરડોલન કામના એક ભાગ રૂપ જ લાગ્યું.

એ સાંજે બેય શાક માર્કેટની પાછળ મળ્યાં. વસંતે કહ્યું: 'જો હું તને ફિલ્મ જોવા લઈ જાઉં પણ ઘરમાં તારે ક્યારેય મારી સાથે વાત કરવાનો કે મારી તરફ કશો ઈશારોય કરવાનો પ્રયત્ન નહીં કરવાનો. જો કેતકીને જરાય વહેમ આવશે તો તારી નોકરી જશે ને મારે માથેય આફત આવી જશે.'

'તમે વિશ્વાસ રાખજો શેઠ કે હું એવું ક્યારેય નહીં કરું.'

'તો તું રવિવારે બસમાં બેસીને રૂપમ ટૉકીઝ પર સાડા અગિયાર વાગ્યે આવજે. હું બે ટિકીટો લઈ લઈશ. આપણે બે સાથે છીએ એ વાત સિનેમાની બહાર ઊભાં હોઈએ ત્યારેય કોઈને ખબર પડવી જોઈએ નહીં. હું વખત જોઈને તારા હાથમાં તારી ટિકીટ પકડાવી દઈશ.' ગભરાતાં વસંતે કહ્યું ને લક્ષ્મીએ હકારમાં માથું હલાવ્યું.

આજે હજુ શુક્રવાર હતો. હજુ વચમાં બે રાતો હતી બેયને માટે મીઠાં સ્વપ્નાં જોવાની. ને બેય જણાંએ ઊંઘતાં ને જાગતાં ફિલ્મનાં ને એના અંધારા એકાંત ખૂણામાં છેલ્લી લાઈનના એક ખૂણામાં એકબીજાની સાથે અડોઅડ બેસીને કરનારાં અટકચાળાંનાં સ્વપ્નાં પણ જોયાં.

ને રવિવારે બેય મળ્યાં. વસંતે રવિવારે ચારેક કલાકના ઓવર ટાઈમનું બહાનું કાઢી કેતકીને સમજાવી દીધી હતી. કેતકીય કામવાળીના પગારને કારણે વસંતે આ ઓવર ટાઈમ માગીને લીધો હશે એમ માની રહી હતી.

વસંતે રૂપમ ટૉકીઝ પસંદ કરી હતી એને માટે પણ કારણ હતું. એ ટૉકીઝની સીટોનાં ચીથરાં ઊડી ગયાં હતાં એટલે કોઈ સુખી ઘરનાં એમાં ફિલ્મ જોવા જતાં ન હતાં. ને અત્યારે એમાં જે ફિલ્મ ચાલતી હતી એય આવતા શુક્રવાર પહેલાં જ ઉતારી લેવી પડે એટલી બોકસ ઑફિસ પર પીટાઈ ગયેલી હતી. એટલે એની ગણતરી મુજબ તો એની પચાસ ટિકીટોય વેચાય તેમ ન હતી ને તેમાંય બોકસની તો ભાગ્યે જ પાંચ સાત વેચાશે એવી એની ગણતરી હતી.

ને એની ગણતરી સાચી પણ પડી. બેકસમાં કુલ ચાર જ જણ હતાં. બે કપલ. એકે છેલ્લી લાઈનમાંનો એક ખૂણો પસંદ કરી લીધો તો વસંત અને લક્ષ્મીએ બીજો ખૂણો. વસંતને ફિલ્મમાં કશો રસ ન હતો. એને તો લક્ષ્મી સાથે એકાંતમાં બેસીને મળેલી તકનો લાભ લેવો હતો. તો સામે પક્ષે લક્ષ્મીનેય એવું જ હતું ને! એનેય દારૂડિયા પતિથી છૂટ્યાને ચાર મહિના થયા હતા ને હવે લોહી ચટાકા મારી રહ્યું હતું. એટલે તો ફિલ્મ શરૂ થતાં જ એ વસંતની સોડમાં જ લપેટાઈ ગઈ હતી ને!

વસંત ક્યારેક કોઈ બીજી સ્ત્રીની સંગતનાં સ્વપ્ન જોતો હતો પણ એવી કોઈ તક આજ સુધી એને મળી ન હતી કે વસંતે એને માટે કોઈ પ્રયત્ન પણ કર્યો ન હતો. આજે અનાયાસે એને આવો મનગમતો મોકો મળ્યો હતો. એણે લક્ષ્મીને પોતાની વધુ પાસે ખેંચી ને એ ખેંચાઈ આવી. એટલું જ નહીં પણ એ વસંતને એવી રીતે વળગી કે વસંત પોતાની છાતી પર મૃદુ દબાણ અનુભવી રહ્યો. એણે બે ભીંસાયેલી છાતીઓ વચ્ચે હાથ સરકાવ્યો. લક્ષ્મીએ પણ યોગ્ય પ્રતિભાવ આપી એને ઘેલો કરી મૂકયો.

પછી તો બેય એકમેકમાં એવાં ખોવાઈ ગયાં કે આખી ફિલ્મ દરમિયાન એમની એ ગલગલિયાં ચાલતી જ રહી. ફિલ્મ પૂરી થઈ ત્યારે વસંતને થયું કે ફિલ્મ બહુ ટૂંકી હતી. બહાર નીકળતાં એણે લક્ષ્મી સાથે ફરી વખત આવવાનો કાર્યક્રમ પાકો કરવા માંડ્યો. અચાનક એના મનમાં વિચાર આવ્યો: 'એના કરતાં કોઈ ગેસ્ટ હાઉસમાં જઈએ તો? ફિલ્મમાં

તો કોઈ જોઈ જાય કે ઓળખીતું મળી જવાની બીકેય રહે છે.'

લક્ષ્મીનેય વિચારતાં લાગ્યું કે વસંતનો આ વિચાર સારો હતો. એનેય પેલા દારૂડિયા પતિની સંગત યાદ આવ્યા કરતી હતી. વસંતે કહ્યુંઃ 'જો રાતે તો તારાથી કે મારાથી બહાર નહીં રહેવાય. એમ કર કાલે હું ઑફિસમાં અડધી રજા મૂકી દઈશ. બે વાગ્યે આપણે જૂની વાવવાળી શેરીને નાકે મળીએ. ત્યાં અંદરને ખૂણે એક નાનકડું ગેસ્ટ હાઉસ છે.'

ને બેય બીજે દિવસે નક્કી કર્યા મુજબ મળ્યાં. ગેસ્ટ હાઉસમાં રૂમ લઈ કાલની બાકી રહેલી ઉજવણી પૂરી કરી. બીજે અઠવાડિયે ફરી આવી જ રીતે મળવાનો દિવસ નક્કી કરીને બેય છૂટાં પડ્યાં. વસંતને થયું કે પોતાની પાસે રજાઓ તો ઘણી જમા પડી હતી એટલે વાંધો આવે તેમ ન હતો વળી ગેસ્ટ હાઉસનું ભાડું પણ વધારે ન હતું એટલે વાંધો આવે તેમ ન હતો. છતાં આ વધારાના ખર્ચ જોગો ઓવર ટાઈમ તો કરી જ લેવો જોઈએ.

આવું કરતાં બેએક મહિના વીતી ગયા.પછી વસંતે એક રવિવારે ઓવર ટાઈમ કરવાની વાત કરી ને કેતકીનો વહેમ પાકો થઈ ગયો. એણે કહ્યુંઃ 'મને ખબર છે કે તમારે કેમ ઓવર ટાઈમ કરવો પડે છે. પણ મેં નક્કી કરી દીધું છે કે આ પહેલી તારીખથી હું લક્ષ્મીને રજા આપી દેવાની છું. ભલે સોસાયટી વાળાંને જે કહેવું હોય તે કહે. આ ઉંમરે તમારે શરીર તોડીને ઓવર ટાઈમ કરવાની શી જરૂર?'

'હું તને ઑફિસેથી આવ્યા પછી થોડું ઘરકામ કરવા લાગીશ.' લક્ષ્મીને કાઢી મૂકવાની વાતથી વસંતને ફાળ પડી હતી એટલે એણે પોતે ઘરકામમાં મદદ કરવાની અને એની સોસાયટીનાં બીજાં ફેમીલીનાં મહેણાંની વાત તાજી કરાવવા પ્રયત્ન કર્યો.

પણ આજે કેતકી પર એની કશી અસર થાય તેમ ન હતી. એણે કહ્યુંઃ 'આપણે બે માણસનું કામ પણ કેટલું હોય. હું એ કરી લઈશ. આ તો લોકોનાં મહેણાંથી શરમાઈને તમારી પાસે પરાણે કામવાળી રખાવી હતી. પણ એના પગારની ખોટ પૂરી કરવા તમારે ઓવર ટાઈમ કરવો પડે એના કરતાં સોસાયટીવાળાંનાં મહેણાં સાંભળી લેવાં સારાં.'

બીજે જ દિવસે કેતકીએ લક્ષ્મીને પહેલી તારીખનું અલ્ટીમેટમ આપી દીધું. વસંત અને લક્ષ્મીએ હજુ ફરીથી મળવાનો દિવસ નક્કી કર્યો ન હતો. વસંતે કહ્યુંઃ 'તને જેમ ઠીક લાગે તેમ. પણ પછી તારા પર કામનો બોજો વધી જશે.'

'એમાં બોજો શેનો? હું પહેલાંય કામ કરતી જ હતી ને!'

'તો તારી મરજી. હું નોકરી પર જાઉં છું ને સાંજે આવતાં શાકભાજી લેતો આવીશ. તારે કશું મંગાવવું છે?' ને વાસણ ઘસતી લક્ષ્મીએ માથું હલાવી એનો સંદેશો મળ્યાની પહોંચ આપી પણ આજે કેતકીનું એ તરફ ધ્યાન ન હતું. એના મનમાં એ સંતોષ પામી રહી હતી કે વાત વધી જાય તે પહેલાં એ ચેતી ગઈ હતી એ સારું જ થયું હતું. પણ એને ક્યાં ખબર હતી કે વાત એટલી બધી વણસી ગઈ હતી કે એને રાગે લાવવાનું અશક્ય હતું.

એ સાંજે પેલાં બેય શાક માર્કેટની પાછળ મળ્યાં. વસંત કહેઃ 'હવે આપણે શું કરીશું? તારી નોકરી ગઈ. તું શું કરીશ?'

'એની કશી ચિંતા નથી. મારે માટે તો તમારી સોસાયટીમાંથી જ કામ માટે વાત આવી છે. હું તો પહેલી તારીખ પહેલાં જ એ પાકી કરી દઈશ. આપણે જેમ મળીએ છીએ એમ મળવાનું તો ચાલુ જ રાખીશું. તમારો શો વિચાર છે?'

'મારો શો વિચાર હોવાનો? હું તો ચિંતા કરતો હતો કે તારું કામ છૂટી જતાં તું તારા ધણીની પાસે તો નહીં ચાલી જાય ને!'

'મેં એની સાથેનો સંબંધ આમ તો પાછો તાજો કરી લીધો છે. દર મહિને પગાર થાય એટલે હું એકબે રાતો એની સાથે રહેવા જાઉં જ છું. આપણે બેય એવી રંગમસ્તી માણીએ છીએ કે વખત છે ને કશું થઈ જાય તોય આવનાર છોકરાંની પાછળ એના બાપનું નામ તો આવે. દર મહિને હું એને અડધો પગાર આપી દઉં છું ને બીજો પગાર થાય ત્યારે ફરી મળવાનો વાયદો કરતી આવું છે.'

'એને કશો વહેમ નથી આવતો?'

'ના રે એને તો એના પીવાના પૈસા મળી જાય છે એટલે હું કહું છું એ માની લે છે. હું એને કહું છું કે પગારને દિવસે જ મને એક રજા મળે છે. ને એ બે રાતોમાં હું એને ખુશ કરી દઉં છું તમને યાદ કરતાં.'

ગમે તેમ પણ એમની એ મુલાકાતો ચાલતી રહી છે. કેતકી માને છે કે એના લગ્નજીવનને એણે ઘાતમાંથી ઉગારી લીધું છે. વસંતને પણ હવે જાત જાતનાં બહાનાં બતાવતાં આવડી ગયું છે. એણે પોતાના બીજા અંગત ખર્ચાઓ પર કાપ મૂકી દીધો છે ને ખિસ્સાખર્ચના વધારે પૈસા પગારમાંથી લેવા માંડ્યા છે ને એ પૈસા એણે ઑફિસમાં પોતાના ડ્રોવરમાં સંતાડી મૂકવા માંડ્યા છે. એમાંથી તો એનો ગેસ્ટ હાઉસનો ખર્ચો ચાલ્યા કરે છે.

કેતકી માને છે કે એનો પતિ એમ કોઈના મોહમાં લપટાય એવો નથી છતાં એણે જે સાવચેતી લીધી એ યોગ્ય જ છે. સોસાયટીવાળાંને મહેણાં મારવાં હોય તો ભલે મારે. તો બીજી તરફ વસંત માને છે કે કેતકીએ ભલે એને વારસ ન આપ્યો હોય પણ એણે લક્ષ્મીનો અજાણ્યેય એની સાથે મેળાપ કરાવ્યો એ બહુ સારું કામ કર્યું છે. ને બે મહિના પહેલાં લક્ષ્મી એના

દીકરાને ગેસ્ટ હાઉસ પર એને બતાવવા પણ લઈ આવી હતી ત્યારે એને જોતાં જ વસંતને પોતાની બાળપણની છબી એમાં દેખાઈ હતી એ હકીકત છે.

કેતકીની હઠનું આ બેકફાયર થયું તો વસંતના જીવનનું પ્રભાત. વિધાતા પણ કેવાં આશ્ચર્ય સર્જ્યાં કરે છે!

અનુક્રમ ►

# સંપૂર્ણ